



# પારસી પેગંમ્બર જરથુશ્ત્રા.

ઇરાંનના પેગંમ્બર હુજરત જરથોશ્તની જીંદગી અને જમાનાનો મુખ્તસર અહેવાલ.

રચનાર, કથનાર, તથા પ્રગટ કરનાર,
ડી. એન. પટેલ.


મુંબઇ, અને દેશાવરોમા વસ્તી જરથોસ્તી અનજુમન આગળ રજુ કીધા પ્રમાણે.

પેહેલી આવૃતી નકલ ૧૦૦૦.

ઇ૦ સ૦ ૧૯૧૭ (માસ ફેબ્રુવારી.)

કિંમત રૂ. ૧॥.

જરથુશ્ત્રહે દએનાંમ્ યજમઇદે.



અશો જરથુશ્ત્રની દીનને હમો આરાધ્યે છીયે.



શેઠ કૈકોબાદ કાવસજી દીનશા એદનવાલા

# અર્પણ પત્ર.

નેકનામ

## માનવંત શેઠ કેકોબાદ કાવસજી દીનશા એદનવાલા.

પારસી સાહિત્યના સાચા સહાયક,

ધાર્મીક ચળવળના ચુસ્ત મદદગાર,

હમકોમ તરફ સંપુર્ણ દીલસોજી ધરાવનાર,

સંગીત કેળવણીના ખરા ખયરખ્વાહ,

વેપાર ઉદ્યોગને ઉત્તેજન આપનાર

સહાસિક શાહા વેપારી.


અને

આ અંદના સેવકના કાંમની કદરસનાસી કરનાર સ્નેહી

તરફ માન અને ચાહની ઇધાંની તરીકે

આ પૂસ્તક સેવક અર્પણ કરવાની

રજા લીયે છે.



"I expect to pass through this world but once. If therefore, there be any kindness I can show, or any good thing I can do to any fellow-Human Being, let me do it NOW: for I shall not pass this way again."

OMAR KHAYAM.

# FOREWORD.

પારસી પ્રજા બે ચીજોથી ઘણી મગન છે. એક તો તે એવું સમજે છે, કે તે એક એવી મહાંન કોમમાંથી ઉતરી આવી છે, કે જેના જેવી કિર્તીવંત પ્રજા દુન્યામાં જવલેજ થઇ હોય, અને બીજું તો તે એવું માને છે, કે તેનીજ પ્રજામાં એક એવું અષો રૂવાન પ્રગટ થયું હતું, કે જેણે ઇન્સાન્યતને આગળ વધવાનો માર્ગ સૌથી ઉત્તમ રીતે બતાવીને અંધકાર, અને દુઃખથી ભરેલી દુન્યાને મિનોઇ રોશની અને આનંદમાં ખીલતી બનાવી મેલી છે.

એ બન્ને બાબદો ઉપર આપણી પ્રજા ઘણા પુરાણા કાળોથી ઉલટભર્યું ધ્યાન આપતી આવી છે, અને એ એક ખુશી થવા જોગ બીના છે, કે હાલમાં પણ એ બાબદો ઉપરની તેની ઉલટ એટલી બધી છે, કે પુસ્તકો, લખાણો, ભાષણો કિરતનો મારફતે તે ઉપરાસાપરી આપણી સનમુખ રજુ થતી રહી છે. એ બધામાં અલબત કિરતન મારફતે એ બાબદોના વિષયો પ્રગટ થાય, તે વધુ અસરકારક માલમ પડવા જોઇએ, અને જે ઉત્સાહથી એવાં ઉમદા કિરતન સમજવા માટે મજલેસો ભેગી મળે છે, તે ઉપરથીજ તેની અસરની સાબેતી મળે છે.

આપણી તવારીખના નામીચા કિસ્સાઓનાં કિરતનો મી૦ પટેલ ઘણું કથી આપતા આવેલા છે, અને તે માટેની તેમની

ફતેહ અને લોકપ્રિયતા એટલાં બધાં છે, કે તે માટે વધુ કહેવાની કશીબી જરૂર નથી. મજહબીય તવારીખનાં કિરતનો સાથે ધારમિક તવારીખનાં કિરતનો આપવાનું પણ મી૦ પટેલે લાંબા વખતથી મનપર લીધું હતું, એવું તેમના ખુલાસાપરથી જોઇ શકાશે, અને તેનું પરિણામ તેઓએ પાછલા સફાઓમાં રજુ કીધું છે, તે ઉપરથીજ તેની ખુબીનું મત કંઇ વાંચનારે બાંધવાનું નથી. તેમ કરવા માટે તો તેણે એ કિરતન સમજવું પણ જોઇએ, કેમકે ત્યારેજ તેની ખુબીનો પૂરો ખ્યાલ તે મેળવી શકે.

આ પુસ્તકમાં સમાવેલાં કિરતનનો વીષય સમજવા માટે આપણે તે ઘણા પુરાણા જમાના તરફ નેગાહ કરવી જોઇશે, કે જે વખતે દુન્યામાં મિનોઇ રોશ્નીનો ફેલાવો થયલો ન હતો. દુન્યા વહેમ, જાદુ, અને ભુલાવાથી ભરપૂર હતી, અને હરકોઇ રૂડાં ઇન્સાન માટે તે આફતભરી થઇ પડતી. જગતનાં આગલા જમાનાઓનાં દુ:ખોનું બયાન પહેલા ગાથાના બીજા હામાં અસરકારક રીતે આંપેલું છે. દુન્યાનો આત્મા તેથી દુ:ખી થઇ પરવરદેગારથી કોઇ બચાવનારની આરજૂ અને દયાવંત ખુદા અહુરમઝદ, પવિત્ર રાહબર અશો જરથોશ્તની તે માટે નેમણુક કરે છે.

એ માટેની ધારમિક તવારીખ આપણાં પહલવી પુસ્તકોમાં ઘણીજ આસ્થાભરી રીતે આપવામાં આવી છે. તેઓ મુજબ અશો જરથોશ્તની પવિત્ર રાહબરી દુન્યાને કાંઇ એકદમ મળી શકી નહિ. તેમનાં પવિત્ર રૂવાનને લાયકનું તન બની શકે નહિ ત્યાં તલક તેમના રૂવાનથી દુન્યામાં પ્રગટ પડી શકાય

એમ ન હતું. મગર તે માટે તમામ જગત ખંતથી મથ્યું, અને તે પવિત્ર તન પેદા કરવા માટે જમાનાઓની મહેનત તેણે ઉઠાવી. જગતમાંના સૌથી પવિત્ર અંશોને તેણે ચોક્કસ ઠેકાણે ઉતારવા માંડયા; અને લાંબી કુદરતી ક્રિયાઓથી તે તનનો અશો ઝળકાટ ત્રણ જમાનાઓ આગળથી પ્રગટ પડવા માંડયો.

ઝવીશનાં નામીચાં ખાન્દાનના પવિત્ર વીર ફ્રહીમ ઉર્વનની અશો બાનુની અંદર તે તદરોસ્ત ઝળકાટભર્યાં, અને સુંદર તનનુ ખોરેહ પહેલું પ્રગટ પડયુ; અને વધુ ઝળકાટ સાથ તે તેમની અશો અને ભાગ્યવંતી બેટી દુખ્તાબમાં ઉતર્યું. એ પવિત્ર બાળાનાં તનમાંથી પ્રગટ પડતો ઝળકાટ એટલો તો જોશથી પ્રકાશતો હતો, કે તે વખતની વહેમી પ્રજા તેથી ગભરાઇ ગઇ, અને તે જમાનાની કેટલીક આફતોને એ પવિત્ર પ્રકાશ સાથ જોડી, તે અશો કુમારીકાને દેશપાર કરવા માટે તેનાં માતપિતાપર તેઓએ ઘણુ દબાંણ ચલાવ્યું. તેના પવિત્ર [illegible] તેમને ઘણું બી સમજાવ્યું, કે તે અશો કુમારીકાનાં તનમાંથી પ્રગટ પડતાં પવિત્ર પ્રકાશને જાદુ સાથે સંબંધ હોઇજ શકે નહિ. પણ તે ભલા નરની સમજાવટની કશીબી અસર તે ભોળી અને ભુલેલી પ્રજા ઉપર થઇ નહિ, ત્યારે લાચાર બની પોતાના એક રૂડા ખેશીનાં ખાન્દાનમાં તે નહાની બાનુને મોકલી દેવાના ઠરાવ ઉપર તે કુદુંબને આવવું પડયું.

રએના રળીયામણા અને ખુબીવંતા પ્રાંતમાં સ્પિતમનુ રૂડું અને નામીચું ખાન્દાન વસ્તું હતુ. તેનો વડો પતિરગતરસ્પ

એક ભલો વીર હતો. તેનાં ખાન્દાન સાથના રૂડા સંબંધને અનુસરીને તે અશો કુમારીકાને તેનાં કુટુંબમાં મોકલાવી દેવામાં આવી, અને સ્પિતમ ખાન્દાનની જાગીરોને કીનારે આવેલી ટેકડીઓની ટોંચ પર તે ભલી કુમારીકા આવી ચઢી, ત્યારે તેની નજર સામે પડેલા સુંદર, શાંત અને સારી વ્યવસ્થાના દેખાવથી તેનું મીઠું દિલ સંતોષ પામ્યું, અને એવાં રૂડાં ઘરમાં તેને મોકલી આપવા માટે તેણે પવિત્ર ખુદાની ઉપકારી દિલથી ભક્તિ કીધી.

પતિરગતરસ્પના અશો ઘરમાં તે નહાની મીઠી અને ઝળકાટભરી બાનુને હરખ ભર્યો આવકાર મલ્યો, અને નહાનાં મ્હોટાં સર્વે તેનાં સુંદર અને રોશન તન, તથા તેના મીઠા અને આનંદી સ્વભાવથી તેની તરફ અણહદ માયાથી ખેંચાયાં, અને તેઓએ તેને પોતાની કરી લેવા માટે એટલી તો કાળજી બતાવી, કે જ્યારે તેણી ઉમરમાં આવી ત્યારે સ્પિતમ ખાનદાનના સૌથી રૂપવંતા અને ચંચળ, ખાલેસ તથા સદ્દગુણી જવાન પોરૂશસ્પ સાથે તેણીને શાહીના પવિત્ર ગાંઠથી [illegible]વામાં આવી. રૂડા વીર પતિરગતરસ્પનો પોરૂશસ્પ બેટો થતો હતો, અને તેની રગોમાં બાદશાહી અને પવિત્ર લોહી વહેતું હતું.

એ અશો જોડાંનું શુક્ષ્મ પોષણ કુદરતનાં અદભુત સાધનોથી થયું, અને જે બુલંન્દ દરજ્જાનાં અશો રૂવાનના ઉતારા માટે તે જમાનાઓથી મથી રહી હતી, તે પવિત્ર રૂવાનના ઉતારાની સગવડ અને ગોઠવણ હવે તૈયાર થઇ રહી. અશો

જરથુશ્ત્રના ઘણુંજ રોશન રૂવાનને બરનું ઝળકાટભર્યું તન હવે તૈયાર થયું; મગર જ્યારે તે ધગધગતાં ખોરેહના ઝગઝગાટ સાથનું રોશન રૂવાન અશો અને ખુબીવંતી બાનુ દુગ્દાબમાં ઉતર્યું, ત્યારે તેનો તાબ તે પવિત્ર બાનુથી પણ સહણ થઇ શક્યો નહિ. તોપણ એક માતાની પવિત્ર લાગણીથી તે તાબ ખમવાની શક્તિ કુદરતની મદદથી તેણે ઝટ મેળવી.

તે અશો રૂવાનના જનમની ત્રણ દીવસ આગમચથી, દુગ્દાબનાં પાક તનમાંથી અચંબો પમાડનારો પ્રકાશ પ્રગટ પડવા માંડયો, અને તમામ પ્રજા તે જોઇ હેરત થઇ ગઇ. પણ જ્યારે તે પવિત્ર બાળકનો જન્મ થયો, ત્યારે તો એટલો બધો પ્રકાશ થઇ રહ્યો, કે ત્યાં એકઠી મળેલી બાનુઓ તે જોઇ ઘણી અકળાઇ ગઇ, અને જનમવા સાથજ જ્યારે તે અશો બાળક હસ્યું ત્યારે તેમના અચંબાનો પાર રહ્યો નહિ.

એ હેરતભર્યા બનાવો જોઇ પારૂશસ્પનું દિલ હરખાયું. તેને લાગ્યું કે તેની અશો બાનુનું પવિત્ર ખોરેહ તે અશો બાળકમાં ઉતર્યું હતું; જ્યારે કેટલાક વિધ્વાંનોએ તેને સમજાવ્યું કે એ દેખાવો ઉપરથી એવું જણાતું હતું, કે તે અશો બાળક પોતાની બુલંદ અશોઇનું ભાન ધરાવતું હતું. એટલુ છતાં તેણે એ વિષે વધુ જાણવા ઇચ્છયું, અને તેથી તેણે તે જગ્યાના વડા ધર્મગુરૂ દૂરાસ્ત્રોબનું મત લેવાનો વિચાર કીધો.

દરાસ્ત્રોબે તે જમાનાને અનુસરીને છુપાં અને અપવિત્ર જ્ઞાનમાં પ્રવિણતા મેળવી હતી. તે પ્રવિણતાને લીધે તેણે પ્રજામતમાં ઘણો ઉંચો દરજ્જો મેળવેલો હતો. તે વખતની ભોળી

મજા તેના તરફ માનથી જોતી હતી. બલકે એવા ધર્મગુરૂઓ તરફ માનથીજ જોવાની તેમને તે ભુલેલા જમાનામાં તરબીચતજ આપવામાં આવતી હતી, અને ખાલેસ અને પાક દિલના વીર પૌરૂશસ્પને પણ તેમજ જોવાનું શિક્ષણ મળેલું હતું.

બૂરા સ્વભાવ અને બૂરી રીતિઓને પોષણ આપી પુર્વીણ થયલા દૂરાસ્ત્રોબની ઇચ્છા, તે પવિત્ર બાળકનો નાશ કરવાની હતી, કેમકે તેને લાગ્યું કે એવાં ચિન્હવાળું બાળક જે વર્ગમાં તે પોતે હતો તે વર્ગને નુકસાનભર્યું થઇ પડવા વગર રહે નહિ. પણ જ્યારે તે અશો બાળક ઉપર તેની નજર પડી, ત્યારે તેની સુધબુધ સર્વે ઉડી ગઇ. જ્યારે બહેસ્તની ઝળકાટ ભરી રોશની તેનામાંથી મગટ થતી જોઇ, અને પવિત્ર ખોરેહનો ઝળઝળકતો મકાશ તેની નજરે પડયો, અને તે બાળકનો અણહદ આનંદી, અણહદ ચંચળ અને અણહદ અશો દેખાવ તેણે જોયો, ત્યારે તેની ગુચવણનો પાર રહ્યો નહિ, અને પોતાની બૂરી મતલબ પાર પાડવાનું જોર ખોઇ બેસી, તે ભારી દિલ સાથ પાછો ફર્યો; તોપણ ભોળા પૌરૂશસ્પનાં તેના તરફનાં માનનો લાભ લઇ, તે પવિત્ર બાળકનો નાશ કરવાની તરેહવાર યુકિતઓ તેણે કામે લગાડી. તે અશો બાળકની હેતવંતી માતાને, અને તેના કાળજી ભર્યા પિતા પૌરૂશ્સ્પે તેની જતન માટે રોકેલી માયાળુ, જીવ આપનાર, કાળજીભરી અને હિમ્મતી દાયાઓને તરહેવાર ઉલ્થાપો આપીને તે બાળકને ઉપરાસાપરી નાશના ધામોમાં તેણે લઇ જઇ નાખ્યું. પણ તેનાં અશો ખોરેહની બરકતથી તે સર્વે આફતોમાંથી તે

પવિત્ર બાળક આસાન બચી આવ્યું, અને ફિકરથી બેફામ થયલી તેની હેતીલી માતાના જીવને શાંતિ બક્ષી,-એ સર્વનું વીગતવાર બ્યાંન મુખ્ય લખાણમાં પાછળ જોવામાં આવશે.

તે અશો બાળકમાં અશો પવિત્રતાનું જોમ છેક બાળ અવસ્થાથીજ પ્રગટ થતું આવ્યું હતું. તે અશો બાળક તમામ રૂડા આત્માઓના આનંદનું સાધન થઇ પડયું હતું. બલકે તમામ કુદરતે તેના જનમવા સાથેજ પોતાની ખુશાલી અચુક પ્રકારે પ્રદર્શીત કીધી હતી, અને સુખી અને આનન્દી જમાનાઓ માટે તે ઉમેદભરી થઇ પડી હતી. મગર બુરાઓના દિલમાં તેને જોતાંજ નાસીપાસી પેદા થતી, અને તેની તરફ તેઓ દુશ્મની લાગણી પ્રગટ કરતાં, જેમાં તેઓ હરહમેશ હારેલાં પાછાં ફરતાં. એ મુજબ તે છેક નહાનું અશો બાળક પોતાનાં નાનકડાં સાથીઓ સાથે રમતું હતું, તે વખતે દુરાસ્ત્રોબ અને બ્રાદ્રોકરેશ નામનો તેનો મિત્ર ત્યાં એક વખત આવી પહોંચ્યા, અને પોતાની બૂરી ચશમના તાબથી તે બાળકનાં દિલને ધાસ્તીથી તોડી નાખવા તેઓએ ચાહ્યું, અને પોતાનાં ક્રોધાયમાન અને કીનાખોર નેણો તેઓએ તેની તરફ ફેંકયાં. તે જોઇ બીજાં બાળકો ગભરાઇ ગયાં, પણ તે અશો બાળકે બેફિકર દીલથી અને અશો દ્રઢતાથી તેમના તરફ ટીકેલી નજરે જોયુ, અને તેમના પાપી નેણોને વશ કરી પોતા ઉપરથી તેમને ફેરવી નાખી, તે અશો બાળક મીઠી રીતે હસ્યું, અને ધાસ્તીથી દંગ બનેલા તેનાં નહાનાં સાથીઓના દીલમાં તેણે પાછો આનન્દ પાંથર્યો, અને તેથી

તે બન્ને ભુંડાઓ હારેલાં જીગર સાથે પાછા ફર્યાં.

એ મુજબ તે અશો રૂવાનનો નાશ કરવાની ભુંડી કોશેશો હરહંમેશ ચાલુ રહી, પણ તેનાં પવિત્ર જોરે તે સર્વેને તેણે નિર્થક કરી મુકી, અને દુન્યામાં પવિત્ર જ્ઞાન, અશો રાહ-રીતિ અને મિનોઇ આનંન્દ પાંથરવાનું કામ તેણે છેકજ બાળપણથી ચાલુ કીધું. જ્યાં પણ તે અશો બાળક જતું ત્યાં તે એ નેક અસરો પ્રગટ કરતું.

પહલવી પુસ્તકો એ સંબંધી નોંધોમાં જણાવે છે કે:–"તે નાજુક ઉમરે પણ તેનામાં જગતને તમામ ખુણે ફરી વળે એવું વીશાળ મન અને દુન્યવી ઇચ્છાઓને તદ્દનજ દાબી દે એવી બુલંન્દ બુદ્ધિ પ્રગટ પડતાં હતાં. તેનું હોશ ઘણુંજ ઉત્તમ અને જોરેમંદ પ્રકારનું હતું; તેની સમજશક્તિ સર્વે બાબદોનું સંપુર્ણ તોલ કરી શકે એવી મજબુત હતી; તેની ચંચળાઇ દરેક બાબદ ઉપર મત બાંધે એવી તિક્ષણ હતી; દુન્યવી જાહોજલાલીની મહોટાઇ તરફ તેનું દીલ જરાબી દોડતું નહતું; કેમકે અશોઇની સંપુર્ણ પવિત્રતાને સર્વેમાં પ્રફુલ્લિત કરવા ઉપરજ તેનું મન લાગી રહેલું હતું, અને તેથી એક રૂડા અને અશો રાહબરનાં પવિત્ર બોરેહવાળાં કાર્યસાધીક ઉમંગ અને સત્તા, તથા જોરેમંદ ઉત્તમતા અને બુલંન્દીજ તેનામાં ચાલુ પ્રગટ આવતાં; તેની અશો ઉત્તમતાને અનુસરીને તેનાં તંનની સુંદરતા સંપુર્ણ હતી, અને તેનાં મનની શક્તિઓ દુન્યાના તમામ કારોબારને પહોંચી વળે એવી બળવંત હતી. એ નાજુક ઉમરેજ તેનામાં પવિત્ર

ખુદા અહુરમઝદ ઉપરની વહાલભરી આસ્થા, અશોઇની સંપુર્ણ પવિત્રતા માટેની કાળજી, પાપનો ત્યાગ, દુન્યાનાં ભલાં ભુંડાં સર્વે જાનવરો અને ઇન્સાનોનાં સુખ અને બેહતરી માટેની હેતીલી લાગણી, અને સુભાષીત અને રાસ્ત મીઠી જબાનનું જોર તેનામાં એટલાં બધાં તો પ્રફુલ્લિત હતાં, કે જે મહાન કાર્ય માટે તેણે આ દુન્યામાં જન્મ લીધો હતો, તે પાર પાડવાની, અને બૂરાંઓએ પણ અશોઇની સંપુર્ણ પવિત્રતાના માર્ગ ઉપર આવી પહોંચવાની સંપુર્ણ ખાતરી તેમનાથી મળી જતી હતી."

તે અશો રૂવાનનાં મન, ઉદ્યમ અને આનંદ, પરમાર્થમાં સમાયલાં રહેતાં. દુઃખીઓને કે સંકટમાં આવેલાંઓને ઝટ મદદે પહોંચી જવાની આદત તેમનામાં બાળ અવસ્થાથી હતી. જાનવરોના દુઃખોથી પણ તેમનું દીલ દાઝી જતું અને તેમને કંઇ સુખ આપવાનું થાય ત્યારે તેમનું હૃદય આનંદી થઇ જતું. હાજતમંદોની હાજત રાખવામાં તેમના પિતાનાં ઘરની કોઇ પણ ચીજ વાપરવાથી આંચકી ખાવામાં ન આવતી, અને તેમ કરવા માટે રૂડા પોરૂશસ્પની તેમને પુરી રજા હતી.

તેમનાં પવિત્ર અને રૂડા પિતાની કાળજી તેમની કેળવણી માટે કાંઇ ઓછી નહતી, અને સૌથી પવિત્ર અને બુદ્ધિમાન માણસોથી તેમને તે આપવામાં આવી. પણ જ્ઞાનની શોધ માટે તેમનીજ કાળજી ઘણી બળવંત હતી, અને તેથી જ્યાં પણ જ્ઞાન મળતું હોય ત્યાં તેઓ જતા, અને ભુલભર્યાં શિક્ષણો પણ ધીરજથી સમજી તેમની ભુલો કયાં હતી તે સમજી લેતા.

એ મુજબની કાળજીથી તેમજ તેમનાં ઉંચા રૂવાનનાં જોરથી રૂડાં ધર્મજ્ઞાનનું સંપુર્ણ ભાન તેમનામાં વહેલુંજ આવ્યુ; અને તે સાથેજ બીજાના વિચારો પીછાણવાની, દુઃખદરદો ફક્ત પોતાના સ્પર્શથીજ સારા કરવાની, આતશ વિગેરેથી નુકશાન નહિં પામવાની, દુર બનતી બીનાઓ જાણવાની, બીજાં ઉપર પોતે ચાહેલી રૂડી અસરો તત્કાળ ઉપજાવવાની, સંપુર્ણ વૈદક જ્ઞાનની, અંગના ભીતરના ભાગોને પીછાણવાની, તેમને જોડવાની, સર્વે દુઃખદરદો સાજાં કરી શકવાની, કુદરતના છુપા અને હેરતભર્યાં કાયદાઓ સમજવાની, અને તમામ વિધ્યાઓથી માહિતગાર થવાની હેરતભરી શકિતઓ તેઓએ વહેલીજ ખીલવી દીધી.

ઉમરમાં પુરતાં વધવા સાથે તેવણે દુન્યામાં ફરી ઇન્સાનનાં દુઃખો ઓછાં કરવામાં પોતાનો હિસ્સો આપ્યો. અને જ્યાં પણ પરદુઃખભંજન કામો ઘણાંજ થતાં હોય, ત્યાં પોતાની હાજરી તથા દિલસોજીથી તે કામોને વધતું ઉત્તેજન આપ્યું, અને તે માટે એક તુરાની ટોળાના રૂડા સરદાર અઉર્વત્-દઇફ્રુથી તેમણે એવું ઉતમ કામ થતું જોયું કે ત્યાં તેવણ ખાસ થોભ્યા, અને દુઃખીઓનાં દુઃખો અને હાજતમંદોની હાજતો ઓછી કરવા માટે તેમણે અંગત મહેનત ઉઠાવી, અને તેમના દાખલા ઉપરથી અઉર્વત્-દઇફ્રુના બેટાની સરદારી હેઠળ રાજ્યના આગેવાનો પણ તે પરદુઃખ ભંજન કામોમાં ગુંટાયા, અને એવો રૂડો ઉધ્યમ જોઇ ભલા અઉર્વત્-દઇફ્રુનું દિલ હરખથી ઉભાયું.

એ પછી કેટલીક મુદ્દત તેમણે ઉંચા પવિત્ર મનન ઉપર ગાળી, પવિત્ર ધર્મ અને અશો ફિલ્સુફીનું પોતાનું જ્ઞાન સંપુર્ણ કીધું, અને તે પછી અશોઇની પવિત્ર દીન દુન્યામાં જાહેર કરવા અને ફેલાવા માટે તે અશો વીર બહાર પડયા.

તેમણે પહેલી નજર પોતાના રૂડા મિત્ર અઉર્વત્-દંઇહ્નુના મુલક તરફ કીધી. તે ભલા રાજકર્તાએ તેમને ખરા દીલનો આવકાર આપ્યો, અને તેમને જોઇ તે ઘણો આનન્દી થયો. તેની ભરેલી દરબારમાં તેમણે દુન્યાનાં લોકોને અશોઇની સ્તુતી કરવાનું શિક્ષણ આપ્યું, અને મહાજ્ઞાની ખુદા અહુરમઝદની પવિત્ર દીન ગ્રહણ કરવા તેમને સમજાવ્યું, અને તે સાથે તેમનામાં જે ભુંડાં મતો, ભુંડા રીવાજો, અને ભુંડી રિતિઓ ચાલુ હતાં, તે છોડી દેવા પણ તેમને તેઓએ કહયું.

તે તુરાની પ્રજાએ પોતાના અસલવારેના રીવાજો અને રાહરીતિઓને ખોટાં તરીકે જાહેર થયલાં જાણયાં, ત્યારે તે તે પવિત્ર રાહબર ઉપર ઘણી ઉશ્કેરાઇ અને અઉર્વત્-દંઇહ્નુના ભાઇની આગેવાની હેઠળ તે તેમની સામે થઇ ઉભી. મગર રૂડા અઉર્વત્-દંઇહ્નુ ઉપર તે શિક્ષણની એવી તો સારી અસર થઇ, કે તેનું હૈયું ખુશાલીથી ઉછળ્યું, અને તેણે ઝટ પોતાની પ્રજાને કહ્યું કેઃ—"જયારે આ મહાત્મા આપણને આનન્દ અને સુખના શબ્દો કહે છે, તે વખતે તેમને કશીબી હરકત કરવાનો ખ્યાલ કરવો આપણને ઘટતો નથી. તેમનું કહ્યું ખોટું છે એમ તો કોઇ ખાતરીથી કહેવાની હિમ્મત કરશેજ નહિં.

આવા દયાથી ભરેલા અને મીઠી ચશમના વીરના વાળને પણ કોઇ હરકત કરી શકશે નહિ, કે જેના જેવો દયાથી ભરેલો અને મીઠી ચશમનો વીર, મેં બીજો કોઇબી જોયો નથી. આખરે આ જગતમાં એ વીરની મારફતે ઉત્તમ ડહાપણ પ્રગટ પડ્યું છે, અને હું ખાતરીથી કહું છું, કે નહિ તોડી શકાય એવાં જોરથી તે દુન્યામાં ગાલેબ થઇ પડશે. મને તો એ વીર ઘણાજ સત્યવાદી અને અશો માલમ પડ્યા છે."

એટલું છતાં ભલો શાહ અઉર્વત્–દંઇડ્હુ તેમની પવિત્ર દીનનો ખુલ્લો સ્વીકાર, પોતાની પ્રજાની વીરૂધ્તાને લીધે, કરી શકયો નહિ; તોપણ તેની ભલી લાગણી માટે અશો જરથુશ્ત્રએ તેને આશીશો દીધા કે:–"ઓ અઉર્વત્–દંઇડ્હુ! તું આ મુલકમાં સૌથી મોહોટો, સૌથી દોલતમંદ અને સૌથી જોરેમંદ નર છે. અને તોબી તારાં કામો ઘણાંજ સખાવતી, મહેમાનીભર્યાં અને ભલાં છે, અને જયારે તારાં દિલમાં અશોઇની પવિત્ર દાઝ બરપા થયલી છે, ત્યારે તો તું અહુરમજદની અશો દીનને કબુલ રાખ્યા બરાબરનોજ છે."

એ પછી આપણા પવિત્ર રાહબરે બીજા મુલકોમાં પોતાની અશો દીનના ફેલાવા માટે મજબુત કોશેશો ચાલુ રાખી, અને તે સાથે પર્માર્થનાં ઉંચા કાર્યો પણ તેમણે ચાલુ રાખ્યાં; જોકે જે ઉંચા સત્ય માટે તેઓ ખંત પકડી બેઠા હતા, તેના ફેલાવા માટે તેમને હજી ફત્તેહ મલી નહતી, અને છેક લાંબી કોશેશ પછી એ અશો વીરનો પિત્રાઇ મઇધ્યોમાઓંઘ્હ જ

તેમનો પહેલો ચેલો થઇ શકયો હતો. મગર આખરે જયારે તેવણે પોતાના ખેરી અને બેકટ્રીઆના મ્હોટા ઇરાની રાજયકર્તા વિશ્તઅસ્પની દરબારમાં પગ પેસારો કીધો, ત્યારેજ તેમને પહેલ વહેલી બહોળી ફત્તેહ મલી; મગર તે પણ ઘણી એક મુશ્કેલીઓ વશ કીધા પછીજ.

એ પાછલી તવારીખ આપણામાં સાધારણ રીતે ઠીક જણાયલી છે, અને વળી તેને લગતી પુરતી વીગતો મુખ્ય લખાણમાં પાછળ વીસ્તારવામાં આવી છે, એટલે તે વીષે કશું વધુ કહેવાની અતરે અગત નથી. તો જોકે એટલું તો અતરે જણાવવું જોઇએ, કે પવિત્ર રાહબર અશો જરથોશ્તની જીંદગીના ઘણા એક બનાવો અને મુખ્ય કરી તેમના જે કંઇ મોજેજાઓ તરીકે ગણાયલા છે, તે વિષેના આપણા ખ્યાલો કેટલીક રીતે ભુલ ભરેલા છે, મગર તે બીનાઓ મુશ્કેલ અને કંઇક તકરારી હોવાથી આપણે તેમને અતરે હાથ ધરીશું નહિ. એ અશો ફરોહરનાં મોત સંબંધી બીનાઓબી કંઇક ગુચવણ ભરી અને ખોટી છે, તેપણ અતરે કહયા વગર ચાલતું નથી. મગર તે બીના પણ એટલી મુશ્કેલ છે, કે કોઇ પણ રીતે વીસ્તારતાં તે તકરારી બીનાજ થઇ પડે એમ છે.

પવિત્ર રાહબર અશો જરથોશ્તનાં ઘણાંજ મહાન અને ઘણાંજ ભલાં કાર્યનું તોલ ઇન્સાંન જાતે બરાબર કરેલું જણાતું નથી. ફકત અવસ્તા અને પહલવીજ જમાનાઓમાં તે તોલ કંઇક વાસ્તવીક રીતે થયલું સમજાય એમ છે. તે તોલને વારંવાર ખોટું ઠરાવવાની કોશેશ આપણી પોતાની

કોમના માણસોથી પણ જણાઇ છે. પણ તે તોલ કેમ કરવું તેનું સાધન જયાં સુધી આપણને મલે છે ત્યાં સુધી તેમાં આપણે ઝાઝી કસુર કરવાના સંજોગો ઓછાજ રહે છે. અને જેમ જેમ તે સાધનની સમજ આપણે વધુ મેળવતા જઇશું, તેમ તે તોલ વધુ સારી રીતે આપણ કરતા જઇશું.

એ સાધન અશો જરથોશ્તનાં જે પવિત્ર લખાણો "ગાથા" નાં નામે ઓળખાય છે, તે છે. તેમની અદભુત ખુબીઓ હાલના યુરોપના એકાદ બે વિધ્વાંનો કંઇક સમજતા થયા છે. અને વખત જતાં વધુ વિધ્વાંનો તે સમજતા થશે, તેમાં જરાબી સંદેહ નથી. અશો "ગાથા"ના પહેલાજ શબ્દોમાં શ્રેષ્ટ ડહાપણ, વીસ્વગ્રહણી બુધ્ધી અને અતિ ઝળકાટ ભરી કલ્પનાની ભક્તિ. એક સરખાં મગટ આવે છે. તેમની બરાબરનું બીજું શું જ્ઞાન આપણે બતાવી શકીશું? તે અસલ શબ્દોની ખુબી ઉંડા અભ્યાસ વગર સમજ પડે એમ નથી. મગર આ રહ્યો તેમનો કંઇક ભાવાર્થ:—

"તારા અપાર આભારો માટે ઓ મહાજ્ઞાની સ્વામિ! હું તને દિલોજાનથી નમું છું;

અને તારા તરફનું મારૂં બેહદ માન હરેક સર્વોત્તમ કાર્યમાં મથીને હું પ્રદર્શીત કરૂં છું;

એ મારી અશો આસ્થા પવિત્ર અને રૂડી ઉમેદોથી હું દર્શાઉં છું—

કે સંપુર્ણ અને રૂડા મિનોની ઉત્તમ્તા હું મારામાં
ઉત્તપન્ન કરૂં,

અને સર્વોત્તમ પવિત્રતાના અશો નિયમને અનુસરતાં
સર્વે કાર્યો હું બજા લાઉં,

અને ભલાં મનની રૂડી મનશાની અને બુલંદ
• બાહોશીનું ઉત્તમ ડહાપણ કાર્ય હું ફરતું કરૂં,

કે જેથી તમામ જગતના આત્માને અને કુદરતના
તમામ જીવોને હું ખુશખુશાલ કરૂં,

અને તેમની એ ખુશાલીથી મારૂં જીગર ઉત્તમ અને
પવિંત્ર આનંદમાં લીન થયલું હું જોઉં. •

મુંબઇ, તા૦ ૭ મી
ફેબ્રુઆરી, ૧૯૧૭.

સોહરાબ જમશેદજી બલસારા.

# આ પુસ્તકમાં આપેલાં ચિત્રોની નોંધ.

૧. વક્ષે વક્ષુરાંન અશો પેગમ્બર જરથુશ્ત્ર.

૨. શેઠ કેકોબાદ કાવસજી દીનશા એદનવાલા.

૩. પેગમ્બર જરથુશ્ત્રની જન્મ ભુમી. 'રઘ' યાને રએ શેહર. તેની આજની હાલત!

૪. રએ શેહરની બાહાર એક ટેકડી ઉપર આવેલું પુરાતમ વખતનું એક દખમું.

૫. પાદશાહ (વિસ્તાસ્પ યાને) ગુસ્તાસ્પ, જેના અમલમાં જરથોશ્તી દિન પેહલ વેહલ્લી ફાએશ થઈ હતી.

ખાકસાર સેવક પોતે.

૭. આજના વખતમા ઈરાંનમા વસ્તા જરથોશ્તીઓ..

## નકસા.

| | |
|---|---|
| ૧. જરથોસ્તી લશ્કરની કુચ. | 'ડા૦ જેકસનના પુસ્તકને આધારે.' |
| ૨. તુરાંની લશ્કરની કુચ. | |
| ૩. તુરાંની લશ્કરની (બીજી વારની કુચ.) | |

# તમારો સેવક રચનાર.

જેણે જે ધર્મમા જન્મ લીધો હોય, તેણે પોતાના ધર્મના સ્થાપકની જીંદગી અને જમાનાથી, તેમજ તેના જન્મ અને મરણની હકિકતથી જાણીતું થવું ઘટે છે.

કોઇબી નાહનું કે મોહટું, નર કે નારી, અદના કે આલા, જે પોતાને જરથોસ્તી તરીકે ઓળખાવે કે કહેવડાવે, તેણે પોતાના પેગંમ્બર અશો જરથુશ્તની જીંદગી અને જમાનાની ઘણી નહિ તો થોડીબી તવારીખથી જાણીતું થવાની ફરજ છે.

દુનિયામાં રાજ કરી ગયેલી સર્વ પ્રજાઓ માહેલી એક સર્વથી બુલંન્દ પ્રજા જે તવારીખ નોંધાઇ ગઇ છે, તે 'પારસી પ્રજા' હતી. જેનુ જોર 'સાતે કેશ્વરોમા' સદીઓ સુધી જામેલું હતું, તે મહાંન પ્રજા પોતાના અખુટ બળ અને ચહડતી પછી, જમાનાની ગીરદેશને વસ થઈ, કિરતી અને નોબતના ઉંચામા ઉંચા મિનારા ઉપરથી નિચે પડી પાયમાલી અને હાડમારીને શરણ થઈ. એવી હાડમારી અને પાયામાલીના સંકટો અને દુખો છતાં તેઓ પોતાના ધર્મને વિસર્યા નહિ હતાં, કેમકે એવા દુરભાગ્ય વખતમા જુદદીન રાજના દોરથી નાહસ્તા ભાગતા જરથોસ્તીઓ, પાહડો અને ગુફામા વસ્તા હોવા છતાં, તેઓએ ગુફાઓના ભિત્તરમા છુપી જગ્યાઓ બનાવી,

ત્યાં પોતાના પવિત્ર આતશને રોશન કરી રાત અને દિવસ તેની સેતાયશ કરતા હતા.

વખત કોઇને માટે પણ થોભતો નથી. સદીઓની સંખ્યા એક પછી એક પસાર થઈ ગઇ; દુનિયા અનેક અને અસંખ્ય ફેરફારોને વસ થઇ ગઇ; જમાનાઓ વહી ગયા, પણ તે મહા પ્રતાપી, મહાગુણ સમ્પન્ન, મહાતમા પેગમ્બર જરથોશતના વચનો અને ધર્મ શીક્ષણો, આજ સુધી જેવાં અને તેવાં ઝંન્દ અવસ્તાને આકારે મોજુદ રહ્યાં છે.

પ્રજાઓ જન્મે છે, અને અસ્ત પામે છે. પણ જરથોશ્તી પ્રજાનો ધર્મ હજી સુધી સજીવંન રહ્યો છે, એ એક જીવતો દાખલો મોજેજા સમાન ઉભો છે. એવી એક પુરાતન પ્રજા —પારસી—નો ધર્મ જરથોશ્તી છે, અને તેનો પેગમ્બર જરથોશ્ત છે.

હિણભાગ્ય નસીબ પારસી કોમના અને જરથોશ્તી ધર્મના, કે નેહાવંન્દ અને કાદુશ્યાના મેદાંનોમાં તેઓએ કરેલાં ખુંનખાર જંગે તેમને યારી આપી નહિ. તે નેહુસ્ત જંગે તેમની શાહી અને સલતનતને તારાજ કરી નાખી. લાખો પારસીઓની ખુવારી અને પાયમાલી થયા પછી, ઈસ્લામી સલતનતનો સિતારો (હમારાં) બાપીકાં વતન સરજમીન ઉપર ચમકી રેહ્યો, અને ઇરાંની રાજ, તાજ, અને સલતનતની સાથે ઈરાંનના પેગમ્બરના

ર્મની ખુવારી કીધી; કિરતીને તારાજ કીધી; આબાદીની બરબાદી કીધી, અને પવિત્ર મકાંનોનો નાશ કીધો.

પારસી પ્રજા અને પારસી ધર્મની આવી પાયામાલી અને બરબાદી માટે શાએર ફિરદોસી પોતાની રબેતાની રસીલી જબાંનમા બળાપો કરે છે, કેઃ—

'એ શીરે શુતર્ ખુરદનો સુસમાર્,
અરબરાં બજાએ રસી દસ્તકાર્.
કે તખ્તે કેયારાં કુનંન્દ આરઝુ,
તુફુ ઑાદ બર ચરખે ગરદૉન તુફુ.

(અર્થ)—ઉંઠનુ દુધ પીનારા, અને સુસમાર મચ્છી ખાનારા નજીસ આરબોનો શુ દાહડો ફરી ગયો છે, કે કિયાંની લોકોનુ તખ્ત લેવાની તેઓ' ખાએશ કરે છે. અરે ઓ ફરતાં આસ્માન, લ્યાનત હોજો તારી ઉપર; કિયાંનીઓનુ જાહોજલાલી ભરેલું તખ્ત તું કોણને હાથે બરબાદ કરાવે છે.

પણ————પણ શુકર ખુદાના. ઈરાંનની શાહી ગઇ, ઇરાંનની સલતનત ગઇ, ઇરાંનની જાહોજલાલી અને આબાદી ગઇ, પણ તેની પ્રજા અને તેનો ધર્મ હજી જીવતાં રેહ્યાં છે. જીવતા રેહેલા પારસીઓએ, પોતાના ધર્મને બચાવવા માટે વતન, દેશ, અને માલમતાને છોડી, ભટકતા દુરવેશોની હાલતમાં એક દેશથી બીજે દેશ જઈ, અંતે તેઓએ હિન્દુસ્તાંનમાં આવી વસ્વાટ કીધો.

આવો એક બેમુલ ધર્મ, ઉધરતી પારસી ઔલાદને વારસામાં મળનારી એક મિરાસ છે. અર્વાચીન સુધારા વધારા, અને કેળવણીની હરોળમા જરથોશ્તી ધર્મની ઉન્નતિ થવી જોઇએ. છે.

એ, અને ફ્કત એજ સબબોને લીધે ઉધરતી ઔલાદે પોતાના ધર્મની ખુબી જાણવા માટે, પોતાના ધર્મના સ્થાપક—પેગમ્બર જરથોશ્ત—ની જીંદગીનુ વૃતાંત જાંણવું જોઇએ. પેગમ્બર સાહેબની જીંદગીના મહત્વની ખુબી જાણ્યાથી, એક વખત એવો આવશે, કે ઉધરતી ઔલાદના જીગરમા પોતાનુ ધાર્મિક જોશ ખિલી રહેશે. તેઓ ધર્મના ફરમાંનોને અમલમાં મુકી, પોતાની કોમની કિરતી અને સંસારમે નીતી અને અશોઇની ઉંચામા ઉંચી ટોંચે ચહડાવી શકશે.

જરથુશ્ત્રા! પારસી કોમના અશો રાહબર! સ્પીતમના સપુત! તારી રહેમભરી નજર, આ કટોકટ વખતે પારસી કોમની ઉપર કરી, તેમની રહેબરી કર! જરથુશ્ત્રા, હમારા રાહબર થઇ, હમો ગાફેલને, સિધ્ધે અને સરલ રસ્તે દોરવ, કે જેથી હમો હમારી ધાર્મિક, આર્થિક, સંસારિક અને નૈતિક હાલતને સુધારી વધારી હમો આગલ વધી શકીયે. આમીન!


## જરથોશ્તનુ કિરતન.

શાહનામાના સંગીત કિરતનો સાંભળવાનો શોખ જ્યારે પારસી કુટુંબોમા વધી ગયો અને પોતાના પેહેલવાંનો

અને પાદશાહોની કારકીર્દી અને કિરતીની ભુલાઇ ગયેલી યાદ તેમુના જીગરમા જ્યારે નવેસરથી સજીવંન થયેલી જણાઇ, ત્યારે આ જરથોશતનુ કિરતન શાહનામાની ઢબ ઉપર રચાવવા, અને તે રચાવીને જાહેરમા રજુ કરાવવાનો ખ્યાલ મારા સ્નેહિ મીત્ર ભાઈ બેહરાંમગોર તેહમુરસ્પ અંકલેસરીઆ (એમ. એ.) ને પેહલાં આપ્યો હતો. આ વિચાર મરહુમ શેઠ ખુરશેદજી રૂસતમજી કામાને પણ અતી ઘણો પસંદ પડયો હતો. મરહુમ, જેવણ મોટે ભાગે મારાં કિરતનોમા પ્રમુખપદે બેસતા હતા, તેવણે મને મારાં કામમા મદદ કરવા માટે પોતાનુ રચેલું જરથોશતનામું આપ્યું હતું, તેમજ ભાઈ બેહરામગોરે જરથોશતનું કિરતન રચવા માટે, તેમજ પેગમ્બર સાહેબની જીંદગીના બનાવોની નોધ મેળવવા માટે, મને અનેક પુરાંણા પુસ્તકો આપી, મારાં કાંમમા સગવડો કરી આપી હતી. આ સઘળાં માટે ભાઈ બેહરાંમગોરનો હું મોટો ઉપકાર માનુ છું.

આ અહેવાલ તૈયાર કરવા માટે, કોલંબિયા અમેરીકાની યુનિવર્સીટીવાલા પ્રોફેસર જેકસનના પુસ્તકની, તેમજ મરહુમ શેઠ ખ૦ રૂ૦ કામાના કેટલાક વિચારોની મોટે ભાગે મે મદદ લીધી છે, જે માટે તે બંનેનો હું આભારી થયો છું.

વળી આ મારા કામને ઉતેજન આપવા માટે, મારા માનવંત મીત્ર શેઠ કેકોબાદ કાવસજી દીનશા એદનવાલાનો, તેમજ શેઠ હોરમસજી કાવસજી દીનશા એદનવાલાનો, તથા મારા મીત્ર શેઠ નસરવાનજી નાનાભાઇ બૉઇસનો પણ હું ખાસ ઉપકાર માનુ છું.





# જરથશ્ત્રા.

## પારસી પેગંમ્બર.

### ભાગ પેહલ્લો.

---

**જરથોશ્તના જનંમ પ્રસંગે કુદરતની ખુશાલી.**

શેઅેર.

ખીલી રહી ખૂબ તોરથી,
કુદરત્ થઇ ખુશહાલ્;
મોસંમ હસીને બહારની,
રંગે બની રસાલ.

દીન હતો નેક્ આજનો,
કુલ્ ખૂશ્ હતી મીનોઈ;
ખુશી હતા યઅ્દો તમાંમ્,
ખુશી ખુદાવંદ્ જોઇ. (૧)

મેહેર છાંઈ જગત ઉંપર્,
જન હરખે હર ઠાંમ,
વખ્ત થયો જરથોશ્તનો,
કુદરતનું એ કાંમ્,

દુનીયાને દેખાડવા,
મોકલ્યો તે મહાંન્,
ધર્મ શીખવીને ગયો,
તે વક્ષે વક્ષૂરાંન્.

હતી એવી મરજી અહુરમઝદની,
થજો દીન દુનિયામે જરથોશતની.
પસંદ્ એક કિધી નાર એવી ઉતમ્,
જે હજરત્ જરથોશત્‌ને આપે જનમ્.
હતી નામે દોગદો તે નેક તન્,
હિંમતે આલા 'ને બુલંદ' મંન્.
બનવા જરાથોશ્ત માદરે મંન્,
અહુરમઝદે કીધી તેને પસંન્.
હુકમ કીધો દાદારે થઇને મગન,
ઉતરે ફ્રૂવશી મિનોઇથી ત્રણ-
જઇને વસે દોગદોને મન્,
પ્રકાશી રહે તેથી તેનુ વદન્.

## ત્રેવડી ફ્રૂવશીનું દોગ્દોના શરીરમા ઉતરવું.

ભવિશના જરથોશતની માદર દોગ્દો જે મકાંનની અંદર વસ્તી હતી, તે મકાંનમા નુરે ઇલાહી ઉતરે છે, અને તે નુર, દોગ્દોના ચેહરા સાથ જોડાઈ જઇ, તેણી પંદર વરસની ઉંમરે

ગુગે છે, ત્યાં સુધી તે તેણીમા વસે છે. આવી અચાનક રીતે દોગ્દોના ચહેરાપર પ્રકાશતાં નુરને જોઈ, દેવયસ્ની લોકો તેણીના પીદરને ઉસ્કેરી ભમાવે છે, કે તેણીને કોઇએ જાદુગરી[1] કરી છે. ભમેલો, ભુલેલો અને ભોલવાયેલો તે પીદર, પોતાની નેકબખ્ત બેટીને શેહરબદર કરી 'અરાગ' જીલ્લામાં મોકલાવે છે, કે જ્યાં સ્પીતમનુ ખાંનદાન વસ્તું હતું. હિંયાં પેતેરસ્પના બેટા પોરૂશાસ્પ સાથ દોગ્દોની શાદી થાય છે.

> અહુરમઝદનો એ હતો બસ્ હુકમ,
> દોગ્દો જરાથોશ્તને આપે જનમ્.
>
> સફલ થાઈ શાદી પોરોશસ્પ સંગ,
> દિઠો દોગદોએ સંસાર રંગ.

---

૧. 'દીનકર્દ' કિતાબામા જણાવ્યા પ્રમાણે, જરથોસ્તની માતાના શરીરમા ત્રેવડી ફ્રવશીના ઉતરવાથી, તેણીનુ નુર એટલું બધું ચળકતું હતું, કે અંધારી રાત્રે તેણીના આખાં શરીરમાથી રોશનીનો પ્રકાશ નિકળતો હતો, અને આતશની રોશનીની આગલ તેણીના નુરનો પ્રકાશ વધારે ભભુકદાર દેખાતો હતો.

આવાં ખોરેહથી આજેજ થઇ, દેવયસ્ની લોકોએ પોતાના જાદુના જોરે તે દેશમા ભયંકર શિયાળો, અને નાશકારક રોગો પેદા કરી લોકોને સમજાવ્યું, કે તે છોકરીની જાદુગરીથી દેશ ઉપર આવો કોપ ઉતરયો છે. કવી અને કરપ લોકોની શીખવણીથી ગાંમના રહેવાસીઓએ, દોગ્દોના બાપ સાથ ફેસાદ કરી કહ્યું, કે આ બલાનું મુળ કારણ તેની છોકરીની જાદુગરી છે, માટે તેણીને ગાંમ બાહાર કાહાડી મુકી.

બની ગર્ભવંતી તે પાકજાદ,
ઇબાદત ઉમંગથી કરે રબ યાદ.

## ભડકી ઉઠી ભયંકર ખ્વાબ જોઇ બાંનુ દોગ્દો, ન્યાવ ઇબાદત કીધી દાદાર અહુરમઝદની.

સુતી આશવંતી જઇ નેકજાત,
દિઠો ખાબ એવો ભયંકર તે રાત.

ઉઠી ઝપકી જાગી તો દીઠી પ્રભાત.
કિધી યાદ રબની જોડી બે હાથ. (૨)

હવે રબ મહારો મદદગાર તું,
અજબ ખાબથી છું બેજાર હું.

પનાહ તારી દે તું ઓ બક્ષેસગર,
આ બંન્દી ઉપર કર કરમની નજર.

અજબ ભેદથી છે ભરેલો ખૂવાબ,
કહે કોણ ખોલી મને ઇન્તેખાબ.

## જવું બાંનુ દોગ્દોનુ નજુમી પાસ.

તે નેકબખ્ત બાંનુએ જે ભયંકર ખ્વાબ જોયો હતો, તે ખ્વાબની તાસીર જાણવા માટે તે ઘણીજ ઇન્તેજાર બની, અને પોતાની પડોસના મોહલ્લામાં એક જાણીતો નજુમી' રેહતો હતો, તેની પાસે તે ગઇ. તે નજુમીએ દોગ્દોને

ખુશીથી આવકાર દીધો, અને તે નેક મનશાનીની ભલી બાંનુએ, તે નજુમીની આગલ પોતે જોયેલા ખ્વાબની તમામ હકિકત વિસ્તારી કેહતાં જણાવ્યું કેઃ—(૩)

## દોગ્દોએ જોયલા ખ્વાબનુ બયાંન.

"અએ દાંનેશમંદ નજુમી, મે જોયલા ખ્વાબની હકિકત ... ધ્યાંન ધરી સાંભલો, અને તે સાંભલી લઇ મને તેના ભેદ ભરમથી જાણીતી કરો. મે એક એવો બુરો ખ્વાબ ગઈ રાત્રે જોયો છે, કે તેના જેવો ખ્વાબ કોઇએબી જોયો હશે નહિ, અને કદી કોઇ જોશેબી નહી."

"અએ દાંનેશમંન્દ આલમા, ગેઇ રાત્રે એક ચંદ્રની રળિયામણી રાત વચે મે પોતાને ઉભેલી જોઈ. મહાતાબ આસ્માંન ઉપર પુર તેજથી પ્રકાશતો હતો. તેવાંમા એકાએક તે ચળકતી રાત ઝાંખી પડી ગઈ; એક સિહા રંગનુ કાળું વાદલ તે પ્રકાશતા ચંદ્ર ઉપર ફરી વળ્યું, અને હું તે વાદલની અંધારી વચ્ચે ઘેરાઈ ગઇ."

"તેજ વખતે એક મોટા કડાક સાથ તે વાદલ ગરજીને ફાટી ગયું, અને તેમાથી અનેક કિસમના નાંહનાં તેમજ મોહટાં ઝેરી જંતુઓ અને જાનવરોનો વરસાદ જમીન ઉપર વરસવા લાગ્યો."

"એવામાં એકાએક તે વાદલમાંથી એક ખુનખાર સીંહ પુકાર કરતો નિકલી મારી તરફ દોડતો ધસી આવ્યો, અને મારાં પેટ ઉપર જોરથી તેણે પોતાનો પંજો મારી, મારૂં પેટ ફાડી નાખ્યું, અને તેમાથી એક બાળક તેણે બહાર ખેંચી કાહાડયું અને તેને તેણે જમીન ઉપર મુક્યું. તેજ વખતે ડરામણા દેખાવના ત્રણ વાઘો નિકલી આવી તે બાળકને ઘેરીને બેઠા. એવી હાલતમાં મારાં બાળકને જોઇ હું બાવરી પડી જારબેજાર રડવા લાગી, અને મે તેના જીવવાની આશા છોડી."

"એકાએક તે બાળકને મારી બેહદ અજાયબી વચ્ચે મે બોલતું સાંભલ્યું. તે બાળક બોલ્યું કે:—"હે માદર! તું ડરના. મારી ચિંતા. તું જરાબી ના કર. એ મારા કંગાલ દુશમનો છે, મગર યાદ રાખ, કે ગગન ઉપર જેટલા તારા પ્રકાશે છે, તેટલા દુશમન અગર જો માનસના હોય, પણ બંન્દા ઉપર જો તે દાદગરની મેહેર હોય, તો તે સઘળાઓ તેના એક બાલને પણ નુકસાંન પુગાડી શકતા નથી."

"આ સખુનો સાંભલી હું ખુશી થઇ, અને પરવરદેગારને યાદ કરી આસ્માંન તરફ નજર કીધી, તો જમણી બાજુ તરફથી એક ગંજાવર પાહાડ, ખુરશેદના તેજ મિસાંલ પ્રકાશતો મારી તરફ ચાલી આવતો હોય, એમ મને દેખાયું. આ નુરમંદ રોશની-વાલા પાહાડમાંથી નિકલતો પ્રકાશ જોતાંજ, પેલાં ઝેરી જાનવરો એકદમ નાહસભાગમા પડયાં. જ્યારે તે પાહાડ મારી નજીક

આવી ઠરીઠાંમ થયો, ત્યારે તેમાથી એક ચંદ્ર સમાંન પેશાંનીનો ખુબસુરત જવાંન બાહાર નિકલ્યો. તેના એક હાથમા એક એજમતી લાકડી પકડેલી હુતી, અને તેના બીજા હાથમા એક કિતાબ જેવું કાંઈ હતું. આ નેક મરદને જોતાંજ સઘળાં જાનવરો એકદમ દફે થઇ ગયાં."

"જેવાં તેં ખુંનખાર જાનવરો દફા થયાં, કે પેલા જવાંને મારાં બાળકને જમીન ઉપરથી ઉઠાવી મારા પેટમા લાવી મુકયું, અને મારા પેટ ઉપર થયેલા ઘાવની ઉપર પોતાનો એજમતી હાથ ફેરવ્યો. તે હાથ ફરતાંજ મારા સઘલા જખમો તુરતજ બેમાલુમ થઇ ગયા."

"ત્યાર બાદ તે નેક નરે મને ધિરજથી કહ્યું કે:—"ઓ ભલી બાંનુ, તું તારાં ફરજન્દ માટે જરાબી ફિકર ના રાખ, કેમકે પરવરદેગાર તેનો નિગેહબાંન છે, એટલે તેના દુશમનો લાચાર અને લાઇલાજ બનશે."

એટલા સખુનો કહી તે નેક નર મારી નજર આગલથી બેમાલુમ થઇ ગયો, અને તેજ ઘડીએ હું ઝપકી ઉઠી.

## નજુમીએ દોગદોના ખ્વાબનો ભરમ જાહેર કીધો.

અજબ ખાબ સુણી ભરમ ભેદનો,
રહ્યો પાર પીરના નહી ખેદના.

હકિકત સૂણી ખાબની લઇ શિતાબ,
નજુએ ખોલ્યો ભરમનો નિકાબ.

ચલાવી ઇલમ સાથ જબરી જીકર,
ખૂશી થઇ કહ્યું એમ અએ નામવર.

અએ સરવ સમ સીધી, સીમીતન, સીમીબદન, પાક રૂહ,
પાખ તનઃ—(૪)

અજબ ખાબ તારો છે એ નેકફાલ,
ધરી ધીર સાંભલ તાસીરે હાલ.

તું જનશે સપુત એક રોશનઝમીર,
જગતમાં થશે તે ખરો નાંમગીર.

જગતના ધરમનો રેહેબર[1] થશે,
અશોઇનો આલમમે અફસર થશે.

ઇનાયત હકની થશે બેમિસાલ,
રૂખ પુર નુર સંગ હુસ્નો–જમાલ.

શેએર.

ખુદ ખુદા સંગ સંગમાં બેસી,
તુંજ પુત કરશે વાત,

---

૧. દુનિયામા જાહેર થાયલા સરવે ધરમોમા સર્વથી પુરાતન ધર્મ જરથોસ્તનો હતો, અને બીજા ધરમો ત્યાર પછી જાહેર થયલા હોવાથી જરથોક્ષ્તી ધરમના ઘણાક સિધાંતોનો અંશ બીજા ધરમોમા આમેજ થાયલો માલમ પડયો છે. આ કારણથી જરથોસ્તી ધરમ દુનિયાના બીજા ધરમના રહેબર તરીકે ઓળખાય છે.

રચનાર.

છત્રપતી ઈરાંનનો શાહા,
ધરશે તેનો હાથ.
નિશ્ચય એમનુ જાણજો તમ,
પેગમ્બર એ થશે,
જરાથોશ્ત બેશક બેગુમાન,
કુલ ઈરાંનને મન વસે.

## હજરત જરથોશતનું આ દુનિયામા જનમવું.

સૂણી વાત સુખની ખુશી બહુ થઈ,
ભવિશને જોતી ઉમેદમાં રહી.

પુરી થઇ• મુદત માસની નવ તમાંમ,
મળી સંગ યઝદો કરે ખુશ કલાંમ.

• હજરત જરાથુશ્તે લીધો જનંમ,
બની કુલ કુદરત બાગે ઇરંમ.

હતો માહા ફરોરખ ફરવરદન,
હતો રોજ ખોરદાદ પરવર પસંદ.

જનમતાંજ હસીયા તે હજરત નબી,
હતું જેને ચ્હેરે નુર એજમતી.

હતી જેની ઔલાદ બુલંદ બુનથી,
હતી જેની બુનીયાદ ફરીદુનથી.

જોઇ સૌ નબીને થઇ ખુશ આમ,
કહ્યું રાખો એમનુ જરાથુશ્ત નામ. (૫)

## હજરત જરથોશતના જનમ પછી તેનો જીવ લેવા માટે તેના દુશમનોએ ચલાવેલાં કાવતરાં.

દેવો અને જાદુગરોએ જરથોશતના જનમ પછી, તેનાથી પોતાનો પરાજય અને નાશ નક્કી ધારયો. એટલાં માટે તે જવાંન બાળકને બચપણમા કોઇબી રીતે મારી નાંખવાના કાવતરાં કરવામા તેઓ રોકાયા. કવી અને કરપન લોકો, જેઓને પહેલવીમાં 'ક્રીક' અને 'કરપ'ને નામે ઓળખાવ્યા છે, અને જેઓ દેવયસ્ની પંથના આગેવાનો હતા, તેઓમા દોરાશરૂન નામનો એક જુલમગાર, જે રેએ શેહેરનો હાકેમ હતો, તે જરથોશતનો હડહડતો દુશમન બન્યો હતો. હજરત જરથોશતને મારી નાખવા માટે એ દોરાશરૂનના કાવતરાં ઘણુાજ ભારી અને ભયંકર હતા. હજરત જરથોશતને મારી નાખવા માટે અનેક યુક્તીઓ એ દોરાશરૂને રચી હતી, પણ તે સરવે ફોકટ ગઈ હતી. દાખલા તરીકે જરથોશતને બલદ અને ઘોડાના ગોવાલાંના જવાના રસ્તા ઉપર તેણે નખાવ્યો હતો, કે જેથી તેઓના પગ તળે તે કચડાઇ જાયે. પણ ત્યાંથીબી તે બચી ગયો હતો. એ બાદ તેણે વરૂના ગુફામાં, વરૂના બાળકોને જએ કરાવી, તેઓની પાસ જરથોશતને તેના મકાંનમાંથી ચોરાવી મંગાવી મુકયો હતો, કે જેથી વરૂઓ પોતાના બાળકને બેજાંન થયેલાં જોઇ જરથોશતને ફાડી ખાયે,

પણ ત્યાંથીબી તે બચી ગયો હતો. છેલ્લે જરથોશ્તને આતશની ચેહમા દોરાશરૂને નખાવ્યો હતો, અને તેમાંથી તે મેઘ ડંબરની બરકતથી બચી ગયો હતો.[1]

## સાતથી પંદર વરસની ઉંમર સુધી જરથોશ્ત અભ્યાસ કરવામા ગુજારે છે.

બચપણમા કિસમ કિસમની આફતોમાંથી હજરત જરથોશ્ત બચી, જ્યારે સાત વરસની ઉંમરે પોંહચે છે, ત્યારે તેનો બાપ પઔરૂશાસ્પ પોતાના એક વિદવાંન દોસ્ત 'બુરજીનકરૂશને'

૧. દીનકર્દમા જણાવ્યા પ્રમાણે, દોરાશરૂન, જે જાદુગરીના ઇલમમા ઘણોજ બાહોશ હતો, તેણે જરથોસ્તના બાપ પઔરૂશાસ્પના મનમા પોતાના જાદુના જોરે એવી ધાસ્તી પેદા કીધી હતી, કે જરથોસ્તના જાનને એલજાંમ પુગાડવા માટે દોરાશરૂન જેબી તેને ફરમાવતો, તે પઔરૂશાસ્પ બજાવતો હતો. દાખલા તરીકે, આતશની ચેહ સળગાવી જરથોસ્તને તેમા બાળી નાખવા માટે પઔરૂશાસ્પને ફરમાવતાં, પઔરૂશાસ્પે આતશની ચેહ સળગાવી, તેમા જરથોસ્તને તેણેજ લાવી મુકયો હતો. એજ રીતે દોરાશરૂને જરથોસ્તનો જીવ લેવા માટે બલદ અને ઘોડાઓનાં ટોળાંના જવાના રસ્તા ઉપર પઔરૂશાસ્પ પાસે તેને મુકાવ્યો હતો, તથા વરૂઓના ગુફા આગલ પણ જરથોસ્તને મુકનાર પઔરૂશાસ્પ-જરથોસ્તનો બાપ-પોતે હતો.

દીનકર્દમા લખેલા આ મોજેજાની હકિકત ઉપરથી માલમ પડે છે, કે સાંમા ધણીની મરજી ઉપર કાબુ મેળવી, તેની પાસે પોતાની મરજી પ્રમાણે કાંમ કરાવવાની વિદ્યા જે આજે અમેરીકામા

સ્વાધીન જરથોશ્તને કરે છે, કે તે તેનાથી ઇલમ અને વિદ્યા હાંસલ કરે.

વિદ્યા અને ઇલમ પોતાના બુજરોગ ઉસ્તાદ બુરજીનકરૂશ પાસથી શીખી લઇ, જ્યારે જરથોશ્ત પંદર વરસની ઉંમરે પુગે છે, ત્યારે પવિત્ર કમરબંધ તેની કંમર ઉપર બંધાવી, તેને ખરી દિનમા દાખલ કરવામાં આવે છે. એ વખતે, પેલા દેવયસ્ની લોકોના છળ કપટ અને પ્રપંચ બળહિણ અને નબળાં પડી જાયે છે. હજરત જરથોશ્તને પંદર વરસની ઉમરે કુશ્તી બંધાવી હતી. એ ઉંમર અવસ્તાના જમાનામાં એ કાંમ માટે લાયક ગણાતી હતી.

## પંદરથી ત્રીસ વરસની ઉંમર, ઇલ્મે-ઇલાહી મેળવવા હજરત દુનિયાની નજરથી ગુમ થાય છે.

એ પંદર વરસના અરસામા હજરત જરથોશ્ત સાહેબની જીંદગીમાં કાંઇબી જાણવા જોગ બનાવ બનતા નથી. હવે તે પરાક્રમી મહાતમાનુ ધ્યાંન ખુદાઇ મારગ ઉપર દોડે છે. તે દુનિયાઇ માયા તજી દીયે છે; તે સચ્ચાઇ અખત્યાર કરે છે; અને પોતાનું બાપીકુ વતન અને ઘર તે છોડી જાયે છે.

---

"હિપ્નોટિઝમ"ને નામે જણાયલી છે, અને આ દેશમા પણ સાધારણ રીતે જાણીતી થઇ છે, તે વિદ્યાનું જોર, તે વખતમા પ્રબળ હોય, એમ લાગે છે. રચનાર.

એ પંદર વરસની મુદત સુધી તમારો પેગંમ્બર દુનિયાની નજરથી ગુમ થાય છે, અને ગોશેનશીનીમાં એકાંત જઈ વસે છે. હિંયાં તે પવિત્ર મહાતમા પોતાનો વખત ખુદાઇ મનન અને ચિંન્તન કરવામા, તથા અશો અહુરમઝદની ઇબાદત અને યાદમા ગુજારે છે. હિંયાં તમારા અશો પેગમ્બરને અશો અહુરમઝદ તરફથી બશારત મળે છે. હિંયાં પોતાની શાંતી અને એકાંત ગોશેનશીનીમાં, હજરત, જરથોશ્ત પોતાના જીવને કુદરત અને ખુદા સાથ વેહવારમા લાવી શકે છે. હિંયાં તે પોતાના ખાકી શરીરને પોતાના સંમ્પુર્ણ કબજામાં લાવી શકે છે, અને પોતાના જીવને અહુરમઝદની દરગાહમા તે લઇ જાયે છે, કે જ્યાં તે દિનની આગાહી મેળવે છે.

એ પંદર વરસ ભલી દિન અને ધરમની તૈયારી કરવામાં તે ગુજારે છે. એ પંદર વરસ આસ્માંનના ભેદ અને ભરમોનો અભ્યાસ કરવામાં તે ગુજારે છે. એ પંદર વરસમા પોતાના મંનન ચિન્તન પછી, તે પવિત્ર મહાતમા, મિનોઆંનમિનો અહુરમઝદ સાથ વાતચીત કરવાનો વેહવાર સ્થાપવામા, અને પોતાના મનના મંદીરમા જલતા પ્રકાશને ખિલવવામાં ફતેહ પામે છે.

જ્યારે પંદર વરસે હજરત જરથોશ્તની હાલત સંમ્પુર્ણ થાય છે, ત્યારે અવસ્તામાં જણાયલી પેલી મશહુર અને પવિત્ર ‘દાઇત્ય’ નદીની બાજુએ આવેલા સબલાંનના પરવતની ટોંચ

ઉપર આવેલા પોતાના પવિત્ર ગુફાવાલાં મકાંનમાં જરથોશ્ત સાહેબ, તે દાદારની યાદનુ મનન મગજ ઉપર ધરે છે. તે વખતે તે પવિત્ર મકાંનની ઉંચામાં ઉંચી બુલંદ ટોંચ ઉપર, દાદાર અહુરમઝદ આ દુનિયા મધે મોકલેલા પોતાના પસંદ કીધેલા પેગમ્બર જરથોશ્ત સાથ મસલત કરે છે, અને તેજ વખતે પેગમ્બર જરથોશ્તને પવિત્ર મઝદીયસ્ની દિનની બશારત થાય છે. હિંયાંથી જરથોશ્તના જમાનાનુ કાંમ આગલ ચાલે છે, અને મઝદીયસ્ની દિનનો ફેલાવો કરવામાં કેવી કેવી મુસીબતો અને સંકટો, તે મહાંન નર માથે ઉઠાવે છે, તે બાબદ ઉપર આપણુ હવે આવ્યે છીયે.

## સબલાંનના પાહાડના ટોંચ ઉપરથી જરથોશ્તનું નિચે ઉતરી મઝદાયસ્ની દિન ફેલાવવાનું કાંમ શરૂ કરવું. (૬)

### સોજ.

કિધી સંગ મસલત દાદારની,
ભવિશાની જાંણુ લીધી સૌ ખબર.
નબી ચાલીયા છોડી 'રેએ' શેહેરને,
મળી સંગ ખેશી ઇરાન્‌ની સફર.—૧
સહે લાખો સંકટ, હજારો સીતમ,
ભલી દીન ફાએશ કરવા થકી,

ભટકતા રહ્યા થઇ વતન્ બેવતન,
ન ડરતા કદીબી તે મરવા થકી.–૨

નબી જઇ પુગા આખેરશ એક દંન,
ભલી 'દાઇતી'ના કિનારા ઉપર,
સિતાએશ અહુરની તે કરતા હતા,
ઉભા આવી 'બેહમન' કરતા નજર.–૩

ઉતરીયા તે સાહેબ આસ્માંનથી,
ગયા લઇ જરાથુશ્તને તે જેહાંન,
ઝુકી કીધી હજરતે તે સૌને નમાજ,
ખુશી કુલ્લ અમશાસ્પંદ યઝદાન.–૪

તે જેહાંનના પેદા કરનાર દાદાર અહુરમઝદ સાથ સબલાંનના પાહાડની બુલંદ ટોંચ ઉપર, દિનના બાબમાં મશવરત કીધા બાદ, હજરત જરથોશ્ત પોતાનો પાહાડી એકાંતવાસ હવે મુકી દઇ મઝદીયસની દિનનો ફેલાવો કરવા સબલાંનના પાહાડ ઉપરથી નિચે ઉતરે છે. નિચે ઉતરી આદમજાદના ભલાં માટે તે ઉપદેશ કરતા ફરે છે. ઉપદેશ કરતા તે આઝરબઈજાનથી ફારીસ તરફ સિધારે છે. ત્યાંથી તે હિન્દુસ્થાંન તરફ ઉપદેશ આપવા જાયે છે, જ્યાં તે ત્યાંના રાજવંશીઓ આગલ પોતાનો મહજબ રજુ કરે છે, પણ ત્યાં પોતાની મુરાદમા તે નિશફલ થાય છે. ત્યાંથી તે ચિન અને તુરકીઓના મુલકમાં દાખલ થઇ, પોતાના મહજબનો ફેલાવો કરવા તેમની મદદ અને આસરો

માગે છે, પણ તેમાબી તે નાસિપાસ થાય છે. કોઇએ તેમની દલીલો સાંભળી હાંકી કાહાડયા, અને કોઇએ તેને ગરદન મારવા ચાહયું. ત્યાંથી નિકલી તે લોહરાસ્પના બેટા ગુસતાસ્પ આગલ બલખમા આવે છે, જ્યાં મહા દુઃખ અને મુશ્કેલીઓ વેઠી, અંતે મઝદીયસ્ની દિનનો તે ફેલાવો કરે છે. પણ એ ફેલફુપ સેવટ ઉપર આવવા આગમચ, તે પવિત્ર મહાતમાને શું શું કરવું પડયું હતું, તે બીના ઉપર હવે આપણ આવ્યે છીયે.

## કુચ કરવુ જરથોશત સાહેબનુ ઇરાંન તરફ, અને પસાર કરવિ આબહી નદી.

પંદર વરસના એકાંતવાસ પછી દિનના ફેલાવા માટે સરોશ યઝદથી હજરતને બશારત થાયે છે, અને તે બશારતની રૂએ પેગમ્બર સાહેબ પોતાના કેટલાક ખેશીઓ અને દોસ્ત આશનાવો સાથ દિનના ફેલાવા માટે ઇરાંન તરફ જવા નિકલે છે.

એ તેમની મુસાફરી એક માસથી વધારે ચાલુ રેહી હતી. પોતાનુ વતન છોડયા પછી બરાબર ૪૫, મે દાહાડે હજરત જરથોશત પોતાના સંઘ સમેત 'આબહી' નદીના કિનારા ઉપર આવી પુગે છે, કે જે નદી પોતાની નહી માપી શકાય એવી અઠાગ ઉંડાઇ માટે મશહુર થાયેલી છે. આ નદી પસાર કરવા માટે મછવા કે હોડી જેવું કાંઇબી ત્યાં નહી હોવાથી, હજરત જરથોશ્તે પરવરદેગારની મદદ ચાહી, અને તેને બશારત થઇ, કે

એ નદી તેમના સંઘ સમેત વગર હરકતે પસાર થઇ શકાશે. આ બશારતને અનુસરી હજરતે પોતાની ટોળીના સરવે જનો સાથ આગલ ચાલવા માડયું, અને તેમ કરતાંજ સરવે જનો આસાનીથી તે નદી પસાર કરી, પાર ઉતર્યા.

## જરથોશત સાહેબે જોયેલો સ્વપનો.

જે દીવસેં પેગમ્બર સાહેબ ઇરાંનમા જઇ પુગ્યા, તે દીવસે [1]અસપંદાદ મહીનો અને અનેરાંન રોજ હતો. તે દીવસ ઇરાંનમા એક મોહટાં જસનનો હિંગામ હતો, કે જેમા સામેલ થવા શેહરે શેહરના લોકો મોટી સંખ્યામા દુર દરાજથી આવ્યાં હતાં. તે રાતના હજરત જરથોશતે એક ખ્વાબ જોયો. તેમા તેવણે એવું જોયું, કે ઉત્તર દિશા તરફથી એક ગંજાવર ફોજ, કિનાનો ઝુંડો હરોલમાં ઉઠાવી ધસી આવી જરથોશતનો રસ્તો ચોતરફથી ઘેરી લીયે છે, પણ તેવામાં એક બીજી ફોજ દક્ષિણ તરફથી પાણીના રેલા મિસાલ દોડતી આવે છે. તે બંને ફોજો વચે એક જબરૂ જંગ થાય છે. તે જંગમાં ઉત્તર તરફની ફોજની હાર થાય છે, અને તેઓ નાહાસી જાયે છે, અને જરથોશતનો માર્ગ ખુલ્લો થાય છે. આ ખ્વાબની તાસીર એવી માલમ પડી, કે પેગમ્બર જરથોશત દાદાર અહુરમજદની ભલી દિનના ફાયેદા જાહેર કરવા સારૂ આવશે, ત્યારે બદકાર દેવયસ્ની લોકો તે સામે લડવા

---

૧ આ વખતનો સમો ઇંગ્રેજી તારીખ પ્રમાણે ગણતાં તારીખ ૧૪ મી ફેબરવારીથી ૨૦ મી માર્ચનો અરસો કહેવાય છે.

નિકલશે, અને તેવે સમે મેદીઓમાહ—હજરતનો પિતરાઈ—અશો જરથોશ્તને આવી મળશે, અને જાદુગર અને દેવોની ફોજને તે નાબુદ કરશે. એ મેદીઓમાહ, જે જરથોશ્તનો એક પિતરાઈ હતો, તેણે સરવેથી પહેલ્લાં મઝદીયસ્નીની દિન કબુલ કરી હતી. એ વિશે ફરવરદીન યશતના 'અવસ્તા' કહે છે કેઃ—

( ફરવરદીન યશ્ત.)

"આરાસ્તિના વિદ્યાભ્યાસી, પુન્યવાંન બેટા મેદીઓમાહના નેક ફરોહરની હમો યાદ કરીયે છીયે, કે જેણે પ્રથમ જરથોશ્તી દિનનો કાયદો અને શીખામણ સાંભલ્યાં હતી."

## મુલાકાત દાદાર અહુરમઝદની પેહેલ્લી.

રેએ શેહેર છોડી પેગમ્બર જરથોશ્તને મુસાફરી શરૂ કીધાને ૪૫) દાહડા જ્યારે બરોબર પુરા થયા, ત્યારે તેમને એક બશારત થઇ. તે વખ્ત વસંતની બહારનો હતો. (૭)

## 'નવ હજાર વરસમા મઝદીયસ્નની દીન ચાર વખત સજીવન થશે.'

દુનિયા બાગે બેહસ્ત મિસાલ તરોતાજગીભરી બની હતી. તે દિવસે અરદીબેહશ્ત મહીનો અને દેપમેહર રોજ હતો. તે મુબારક દિવસે પેગમ્બર સાહેબ ઇરાંન મધેથી બાહર નિકલી પવિત્ર 'દાઇત્ય' નદીના કિનારા ઉપર ગયા, કે જે નદી 'આઝરબાઇજાનમા' વેહે છે. એ નદીમાં જરથોશ્ત સાહેબ

બેધડક ઉતરી ઉભા, તો તે પવિત્ર નદીના પાણી, હજરત જરથોશ્તના બદન ઉપર ચાર વખત ચહડી આવ્યાં. પેહેલ્લાં પગથી ઘુંટી સુધી, બીજી વખતે ઘુંટણ સુધી, ત્રીજી વખતે કંમર, અને ચોઠી વખતે ગરદન સુધી ચહડી આવ્યાં હતાં. એ ચાર વખત પાણી ચહડી આવવાની મતલબ પાછલથી અહુરમઝદે એવી રીતે હજરત જરથોશ્તને જણાવી કે, 'આવતાં નવ હજાર વરસમાં માઝદીયસ્ની દીન ચાર મરતએ તાજી થશે. પેહેલ્લાં સ્પેતમાન જરથોશ્તથી, બીજી વાર હોશેન્દર, ત્રીજી વાર હોશેન્દર માહ, અને ચોઠી વાર સોશીઓસ, એ ભલી દિનને આ જગમાં સજીવન કરશે, અને આ ખાકી દુનિયાને પવિત્રાઇથી આરાસ્તગી આપશે. એ પવિત્ર નદીના પાણીથી તન પાક કીધા પછી, દાદાર અહુરમઝદની ઈબાદતમા જરથોશ્ત સાહેબ મશગુલ થાય છે, અને પુર ધ્યાંનથી મનન કરે છે, તેવામાં બેહમન અમેશાસ્પંદની ભલી સુરત તેમની નજરે પડે છે.

## અહુરમઝદના કાસદ તરીકે, બેહમન અંમેશાસ્પંદનુ, નજર પડવું હજરત જરથોશ્તને.

તે ભલી સુરત અને તેનુ ¹કદ, એક માનસના કરતાં નવગણું વધારે મોહટું અને બુલંદ હતું. તે નુરમંદ પેશાંની અને

૧. દીન. કર્દમાં જણાવ્યા પ્રમાણે, બેહમન અમેશાસ્પેન્દ ઉંચાઇમા ત્રણ ભાલા જેટલી લંબાઇવાલા આદમીના કદ જેટલો મોહટો હતો.

ચમકતા પોશાકમા સજ્જ થયલો હતો. તેવા ગંજાવર કદનો એક સરવોત્તમ આકાર, પેગમ્બર સાહેબની સામે આવી ઉભો રહે છે, અને પુર સ્માધીમાં પડેલા પેગમ્બર જરથોશ્તને સવાલો પુછવા માંડે છે.

બેહમન અમેશાસ્પંદે જરથોશ્ત સાહેબને સવાલ કીધો:—

'જરથુશ્ત્રા, આ દુનિયાંમાં તું શું શોધે છે? જરથુશ્ત્રા તારી મુરાદ શું છે?'

પેગમ્બર સાહેબ જરથોશ્તે જવાબ દીધો:—'મારી શોધ અને મારી મુરાદ અહુરમઝદની ખુશી અને તેના હુકમ વગર બીજી કાંઈ નથી. જો હું અહુરમઝદનો હુકમ બજાવીશ, તો તેથી મારા દીલની સઘળી મુરાદ હાંસલ થશે, અને હું ધારૂં છું, કે નેકીનો રસ્તો દેખાડનાર તું પોતે છે.'

આ સખુનો સાંભલી બેહુમન અમેશાસ્પંદે કેહું કે:—

ઓ સ્પિતમના ખાન્દાંનના જરથુશ્ત્ર, તારૂં ખાકી શરીર, જેમા તું વસે છે, તે એક બાજુ મુક, અને તું મારી સાથ ચાલ. હું બેહુમન, અહુરમઝનો પ્રતિનીધી છું.

એ પછી જરથોશ્તને પોતાનું ખાકી શરીર એક બાજુએ મુકવા ફરમાવી, તે ફરેસ્તાઇ કાસદ જરથોશ્તના રૂહને અતી આનંદ પમાડનાર સ્માધીમા, અહુરમઝદ અને અમેશાસ્પંદોની ઝલકાટ ભરી મહેફિલમાં લઈ જાય છે.

તે નુરી મહેફિલના નુરભર્યા ચળકાટને લીધે જરથોશ્ત સાહેબ પોતાનો પડછાયો જમીન ઉપર જોઈ શકયા નહી. દાદાર અહુરમઝદ અને અમેશાસ્પંદો આગલ કુરનસ બજાવી હજરત જરથોશ્ત બોલ્યા:—

નમું છું અહુરમઝદને.
નમું છું અમેશાસ્પંદોને.

અહુરમઝદની મહેફિલમા તે સર્વજ્ઞાની સાહેબે, દિન બાબેના મુખ્ય ઉપદેશો પેગમ્બર સાહેબને જણાવ્યા. તેને ચમતકારીક ઈધાંણીઓ દેખાડવામાં આવી, અને એ પછી તેની સખત તપાસ લેઈ, ઉમદા ભેદોના ભરમ તેને શિખાડવામાં આવ્યા.

પરવરદેગારની દરગાહમાં એક બલતા આતશની ગંજાવર ચેહ જરથોશ્ત સાહેબની નજરે પડી. તે ચેહમાંથી પસાર થવાનો જરથોશ્ત સાહેબને દાદાર અહુરમઝદનો હુકમ થયો. હજરત જરથોશ્તને તે હુકમ થતાંજ, તે આતશની ચેહમાંથી તેવણ પસાર થઇ ગયા, અને તેમના બદનને તેથી સેહુજબી ઈજા કે એલજાંમ પોંહચ્યાં નહીં.

ત્યાર પછી હજરત જરથોશ્તનું પેટ ચીરી તે માંહેલી તમામ વસ્તુઓ બાહાર કાહાડી, તે પાછી તેમના પેટમા ગોઠવી મુકી, અને તે જખમ કાંઇબી દુઃખ કે વેદના વગર મળી ગયા.

એ બાદ દાદાર અહુરમઝદના હુકમથી કાંસાંની ધાતુને તાવી, તે ધાતુના રસને જરથોશ્ત સાહેબના સીના ઉપર રેડયો, પણ તેથી તેમના શરીરને જરાબી એલજાંમ પોંહાચ્યો નહીં.

## દિનના બાબમા એક ખરી પરેલી આગાહી.

એ પછી દાદાર અહુરમઝદે હજરત જરથોશ્ત સાહેબને કાંસાંની તાવેલી ધાતુ, જે તેમની છાતી ઉપર રેડી હતી, તેના બાબમા એવો ખુલાસો કીધો, કે ભલી જરથોશ્તી દિનનો ફેલાવો જગતમા થયા પછી, કેટલીક મુદતે કેટલાક લોકો એ ભલી દિનથી સર ફેરવી અહેરેમનની ચાલ ઉપર ચાલશે, તે વખતે આદરબાદ મારેસ્પંદ નામે એક દસ્તુર, તેવા બદગુમાંનીઓના ગુમાંન તોડવા, તાવેલાં કાંસાંની ધાતુને તે પોતાની છાતી ઉપર રેડાવશે, તેથી તેને જરાબી એલજાંમ પોહોચશે નહી, અને તે મોજેજો જોઇ બદગુમાંની લોકો, ભલી જરથોસ્તી દિન મંજુર કરશે.

હજરત જરથોશ્ત સાહેબને મળેલી આ આગાહી પ્રમાણે, દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ, સાસાની શાહાનશાતના ચોઠા પાદશાહ શાહપુરના રાજમા જનમ્યા હતા, અને ભલી મઝદીયસ્ની દિનની સચ્ચાઇ પુરવાર કરવા માટે, અને બદગુમાંનીઓના યકીન ફેરવવા માટે, તાવેલાં કાંસાંની ધાતુના રસને પોતાની છાતી ઉપર રેડાવી તેમના બદગુમાન તોડી, તેમના યકીન ભલી દિન ઉપર પાછાં મજબુત કીધાં હતાં.

એ બાબદના લખાણો પેહેલવી વીરાફનામા તથા દીનકર્દ કેતાબમાંથી મળે છે.

અહુરમઝદની આ પેહેલ્લી મુલાકાત જરથોશ્ત સાહેબને થાઇ, તેને લગતી હકિકત યજશ્નેના ૪૪ હા મધે આવેલી છે.

## પુછયું જરથોશ્તે દાદાર અહુરમઝદને, કે માનસજાતે તારી બંદગી કેમ કરવી.

એ પછી જરથોશ્તે અહુરમઝદને પુછયું કેઃ—

"અએ આલમને પેદા કરનાર મિનોઆંન મીનો, દાદાર અહુરમઝદ, અને સંરવે ભેદોના ભરમથી વાકેફગાર સાહેબ, આલમના લોકોને તારી ઇબાદત, તારી બંદગી અને સિતાએશ કઇ ચીજ સનમુખ ઉભા રહીને કરવા હું ફરમાઉ."

આ સવાલનો જવાબ પાક દાદાર અહુરમઝદે એવો આપ્યો, કે "અએ અશો જરથુશ્ત્રા, તું આલમના લોકોને જાહેર કરજે, કે જે ચીજ જાતે નુરભરેલી તથા રોશન હોય, તેને મારાં નુર તરીકે સમજીને તેઓએ તેની રોશની તરફ પોતાની નજર રાખીને મારી ઇબાદત કરવી."

જ્યારે તે મિનોઇ દુનિયાના ભેદ ભરમથી જરથોશ્ત સાહેબ વાકેફગાર થાઈ રહ્યા, અને અહુરમઝદની હજુરથી પાછા ફરતા હતા, તે વખ્તે તેમની મુલાકાત અમેશાસ્પંદો સાથ થઇ.

## મુલાકાત થાઇ અમેશાસ્પંદો સાથ પેગમ્બર સાહેબ જરથોશતની, અને તેઓએ જરથોશતને આપેલાં તાકીદના ફરમાંન.

બેહમન અમશાસ્પંદે કહ્યું કે,—"જરથુશ્ત્રા, દુનિયામાં પેદા પડેલાં તમામ ગોસ્પંદોને, તેમજ નાંહનાં નિરદોશ પશુઓને, મેં તારા અખત્યારમાં સોંપેલાં છે. વાસ્તે હાડમંદ દુનિયામા તું તેઓનો દાદખાં અને નિગેહબાંન થજે. દુનિયામાં તું જાહેર કરજે, કે તમામ ગોસ્પંદોની જતન અને જાળવણી થાય, અને તેઓને કોઇબી કતલ કરે નહી."

અરદીબેહેશ્ત અમેશાસ્પંદે કહ્યું કે,—"જરથુશ્ત્રા, અહુરમઝદના પસંદ કીધેલા પેગમ્બર, મારો પેગાંમ પાદશાહ ગુસ્તાસ્પને તું પોંહોચાડજે કે, પાદશાહ, દુનિયામાં સઘળા આતશોની જાળવણી કરવાનું કાંમ મે તારે સ્વાધીન કીધું છે, તેની તું જાળવણી કરજે. તે ઉપર સુક્કી કાઠી હમેશ મેલ્યાથી તે જવાંન રેહશે. તે ઉપર હમેશ ખુશબોઇ મેલશે, તો તેના સારા સોહરમથી તારૂ મગજ તેજ થશે, અને જો બદબોઇ મેલશે, તો ગુન્હાગાર થશે. પાણીથી તું કદીબી તેને સર્દ કરતો ના. બુરી બદબોવાલી ચીજો કે નસો, તે ઉપર તું જલાવતો ના. આલમના લોકોને એ ફાયેદાથી લાભ થશે. કોઇબી રીતે આતશને હલાકી નહિ પોંહોચે તેની તું તપાસ રાખજે."

શેહેરેવર અમેશાસ્પંદે કહ્યું કે—"નેક અકલના અશો જરથુશ્ત્રા, આલમના લોકોને તું કેહજે, કે તેઓ પોતાના હથીઆરો, તલવાર, ખંજર, નેજા, અને તીર વિગેરે હમેશ કાટ વગરના સફાઈદાર રાખે, કેમકે જેઓના શસ્ત્રો સાફ અને તેજ હોય છે, તેઓ હમેશ બદકાર લોકો ઉપર ફતેહ મેળવે છે, અને તેમની કિરતી આફતાબ મિસાલ ચમકે છે."

સ્પંનદારમદ અમેશાસ્પંદે જરથોશ્ત સાહેબને જમીનને સાફ રાખવા, તથા નજીસ વસ્તુઓથી તેને આલુદા રાખવાની ભલામણ કીધી.

ખોરદાદ અમેશાસ્પંદે તેને પાણીની જાળવણી માટે, અને હમેશ તેને નજીસાટથી આલુદે રાખવાની તાકીદ કીધી.

અમરદાદ અમેશાસ્પંદે તેને વનસ્પતીની જાળવણીનું ફરમાન આપ્યું.

એ પછી બેહમન અમેશાસ્પંદ સાથ હજરત જરથોશ્ત પેલી પવિત્ર 'દાઇત્ય' નદીને કિનારે પાછા પધારે છે, અને પોતાની સ્માધીમાથી જાગરૂત થતાંજ, તેવન તે પવિત્ર નદીના પાણીને આરાધી તેની બંદગી કરે છે, અને દાદાર અહુરમઝદની તે દાદ ચાહે છે, કે "પાદશાહ ગુસ્તાસ્પને હું પવિત્ર દિનમાં સામેલ કરી શકું, અને કિશ્તી વગર આ ગંજાવર દરીઆવ હું પસાર કરી શકું." (૮)

એ બંદગી, અને એ અરજના પરીણામમાં અહુરમઝદની યારીથી પેગમ્બર જરથોશ્ત પોતાના રસાલા સાથ દાએતી નદી અજાયેબ જેવી રીતે પસાર કરી નદીને પેલે પાર જાયે છે.

## મઝદીયશ્નની દિનનો પહેલ્લો ડંકો.

### જગતમા પહેલ્લો જરથોસ્તી.

એવી ખુદાઈ મુલાકાતોમા અને ધારમિક ઝુંબેસોમાં બીજા દસ વરસ હજરત સાહેબ પસાર કરે છે. જ્યારે તેમ કરતાં તેઓ (૪૦) વરસની ઉંમરે પુગે છે, ત્યારે જરથોશ્તી દિનમા પહેલ્લો શાગેર્દ મેદીઓમાહ—જરથોશ્તનો પીતરાઇ—સામેલ થાય છે, અને જરથોશ્તી દિનની ફતેહનું પહેલ્લું રણસીંગડુ હિયાં વાગે છે. (૯)

## જવું ગુસ્તાસ્પની દરબારમાં, હજરત જરથોસ્તનું, અને દુવા ગુજારવી જરથોશ્તે શાહાના હકમા.

લિધું નામ રબનુ જબાંની ઉપર,
ધરી દાજ દિનની નબીએ જીગર.
ઉભા જઇ શેહેનશાહની દરબારમાં,
હતું નુર પુર ચ્હેરે ખુબ બહારમાં.
દિઠા આલેમો 'ને અલીમ્ બેસુમાર્,
આકીલ, ફાજીલ, ઘણા હુશિઆર્.

# પેહલવેહલો જરથોશતી પાદશાહ ગુસ્તાસ્પ.
## ( વીસ્તાસ્પ. )



જેના અમલમા પેગમ્બર જરથોસ્તે પોતાની દીન
પહેલ વેહલી ફાએશ કીધી

ઝુંકી હજરતે સૌને કીધી સલાંમ્,
કહ્યા દાદગરની દિનના કલાંમ્.
પછી ચાહી જરથોશ્તે દુવાઓ નેક્,
જીવો કયાંની ગૂસ્તાસ્પ વરસો અનેક.
રહી તું ખૂશીમા જીવજો સદા,
થજો તુંજ દુશમન્ પઝમુરદા.
કરી નેક કામો જીવો હરચંદ્,
મિસ્લે ફરીદુન્ થજો ફતેહમંદ.
હુંનર્ 'ને ઇલમ્ 'ને અકલ 'ને જ્ઞાન્-
મા થજો મિસ્લે જામાસ્પની તૂં સમાંન્.
દરજ્જે તૂં કાઉસથી જીયાદા થજો,
અકલમે તૂં હોસંગથી આલા થજો.
મિસલ તેહમૂરસ તૂં થજો યકબાલ,
થજો કીરતીમા જમશેદ મિસાલ.
કેરસાસ્પ જેવો થજે પેહલવાંન્,
થજો તું અશોઇમે શ્યાવક્ષ સમાંન્.
સદા તારા યઝદો યારો થજો,
અમ્શાસ્પંદોનો પ્યારો થજો.
ઘણા નેક્ પિસરનો પિદર્ તું થજો,
મિસલ ખુરશેદ્ તેજ તુજનુ તપો.

જગતમે ચમકજો તહારો રૂબાબ્,
પ્રકાશે ગગનમા જેમ્ માહેતાબ.
મિસલ મહેર્ રહેજો ચાલાક્ તમાંમ,
કરજે સરોષ્ જેવાં હંમેશ કાંમ.
છે રાસ્ત રસ્ને જેવો અદલ્,
થજો ઇનસાફી તું તેવો સબલ્.
મિનોઈમા થજો રાહાત્ તુજને તમામ્,
થજો તારૂં રોશાન્ મિનોઈ મૂકાંમ્.
કિધી હજરતે નેક્ દૂવા શાહ ઉપર,
પછી કીધી ચોગમ તેણે નજર.
જીકર ચાલી જબરી ઓલમાઓ સંગ્,
બતાવ્યા જરાથુશ્તે કંઈ કંઈ રંગ્.
રહી તાબ ફિલ્સુફોમાં કંઇ નહી,
અકલ બેઅકલ, હોંશ બેહોશ્ થઈ.
ખૂશી થાઇ ગુસ્તાસ્પે દીધો વચન્,
હવે મારી દરબારે કર તું ચમન્.
કહ્યું હજરતે કે ઓ આલમપનાહ,
મને અએશો અસરત્ છે બિલ્કૂલ્ મના.
મને માન અને મરતબો છે હરાંમ્,
મને લોભ માયા છે બિલ્કુલ્ નકાંમ્.

મુજ પાસ અહુરમઝદ્દનો પેગાંમ છે,
તુને આપવાનું મને કાંમ છે.

એવી દુવા ગુસ્તાસ્પ પાદશાહને કીધા બાદ, શહેરે શહેર અને દુરના દેશે દેશથી આવેલા સરવે જનો, જેઓ ત્યાં હાજર હુતા, તેઓને જરથોશ્ત સાહેબે સમજાવી બોધ આપવા એક સુભાખીત ભાશણ કીધું. (૧૦)

## બે જુદદીન દુશમનોને પડેલો ખુદાઇ માર.

એ પછી હજરત જરથોશ્તે શાહ ગુસ્તાસ્પને પવિત્ર અવસ્તાના કલાંમોના ભેદ સમજાવી તેનુ દીલ જીતી લીધું. ગુસ્તાસ્પે કેટલીક તકરારં જરથોશ્ત સાથ કીધા બાદ, પોતે. સંતોશ પામી પોતાની દરબારમા તેને માન અને મરતબો આપી, પોતાના જમણા હાથ ઉપર બેસાડયો, અને પોતાના મેહેલની પડોસમાંજ એક આલીશાંન મકાંન, જરથોશ્ત સાહેબને રેહેવા માટે ઇનાયત કીધું.

કહે છે કે એજ વખતે બે જુદદીન હાકેમોને જરથોશ્ત સાથ તકરાર થઈ. હજરત જરથોશ્તે તેઓને દેવયસ્ની દિનની બુરી રાહા રસમથી હાથ ઉઠાવી પાક મહજબ અખત્યાર કરવા સમજાવ્યા, પણ તેઓએ જરથોશ્તની માંગણી ધિક્કારી કાહાડી, જરથોશ્તનું અપમાન કીધું. જરથોશ્ત સાહેબે તે અપમાન સંતોશી દીલે સાંખી લીધું, અને તેજ વખતે અહુરમઝદની બંદગી કીધી. તે બંદગી પુરી થતાંજ હવામાં એકાએક ફેરફાર થઈ

ગયો. જોતાં જોતાંમા સખ્ત પવન ફુંકાવા લાગ્યો, અને તે પવન એટલો તો જોરથી ફુંકાયો, કે પેલા બંને અપમાન કરનાર જુદદીન હાંકેમો, તે પવનના વંટોળિયામા વિટળાઇ, હવામા ઉંચે ઉંચકાઇ ગયા, અને તુફાંની પવનના સપાટામાં તેઓ જમીનથી ઘણુંક ઉંચે અધર લટકતા રેહ્યા. આ હેરત ભરયો બનાવ બલખ શેહરની રઇયત જોઈ અજાયેબ થઇ. પેલા અધર લટકી રેહેલા બદકારો ઉપર આસ્માંનમા ઉડતાં પંખીઓ ચોતરફથી તુટી પડી, તેમનો ભક્ષ કરી તેમને ટુપી ખાવા લાગ્યાં, અને જ્યારે તેમના ખાલી હાડકાં જમીન ઉપર તુટી પડયાં, ત્યારેજ તે પંખીઓ વિખરાઈ ગયાં.

[શાએર સરેહ કરે છે, કે સબર અને સંતોશનો બદલો દાદાર અહુરમઝદ તરફથી બંદાને એવીજ રીતે મળે છે.]

જરથોશ્તી ધર્મની બુલંદી અને અવસ્તાના ફરમાન હવે શાહા ગુસ્તાસ્પને મંન પસંદ થઇ પડયાં, અને એ રીતે જરથોશ્તે ગુસ્તાસ્પનુ દિલ જીતી લીધું. જરથોશ્તી દિન ઇરાંનના પાદશાહ ગુસ્તાસ્પે કબુલ કીધી, અને પાદશાહે પોતાની તમામ ઈરાંની રઇયતને બાપુકાર એ ભલી દિન કબુલ કરવા ફરમાવ્યું. (૧૧)

જરથોશ્તની દિનને મંજુર કરવા પાદશાહ ગુસ્તાસ્પે બાપુકાર જાહેર કીધું. એ ફરમાંન સાંભલી દરબારમા હાજર રેહેલા, આલીમો, આકીલો, અને ફાજીલો, જેઓ દેવયસ્ની

દિનને માનનારા હતા તેઓ સઘલા, હયરન બની, હોશ છોડી બેહોશ જેવા થઇ ગયા. તેઓએ શાહા ગુસ્તાસ્પને જ઼રથોશ્તી દિન ઉપર એવી રીતે ફિદા થઇ ગયલો જ્યારે જોયો, ત્યારે તે ભલા શાહાને પોતાના ફરેબ અને ફિતુરથી ભોલવી, જ઼રથોશ્તની તરફ તેને બેદીલ બનાવવાનો તેઓએ પ્રપંચ રચ્યો.

## બંદીખાંને. કેદ પડવું હજરત જરથોશ્તનું.

એવી રીતે ફરેબીઓનો ફરેબ ગુસ્તાસ્પ ઉપર ગાલેબ આવ્યો. ફિતુરીઓએ અદેખાઇથી પેગમ્બર સાહેબને શાહાની નજરમાં હલકો પાડવાની અને તેને ફસાવવાની એક ફિતુરભરી તદબીર રચી. તેઓએ હજ઼રત જ઼રથોશ્તના મકાંનના દરબાંનને એક મોહટી લાલચ આપી હાથમાં લીધો, અને પેગમ્બર સાહેબની ગેરહાજરીમાં તેમના બિછાનાની નિચે કેટલીક નજીસાટભરી ચીજો છુપાવી, તેઓએ શાહાને એવી ખબર કીધી, કે જ઼રથોશ્ત એક ખરાબ જાદુગર છે, અને જે કાંઇ તે કરે છે, તે જાદુ અને નજર-બંધીના ખેલ છે, માટે તેના મકાંનની ઝડતી લેવી.

ગુસ્તાસ્પે ભોલવાઇ તે વાત ખરી માની, અને જ઼રથોશ્ત સાહેબના મકાંનની ઝડતી લેતાં, તેમના બિછાના હેઠલથી મુવેલાં માનસના હાડકાં, બાલ, નખ, અને એવીજ બીજી નાપાક ચીજો મળી આવી. આ બનાવ ઉપરથી શાહા ગુસ્તાસ્પ જ઼રથોશ્તની પરહેજગારી ઉપર સુખુન લઇ ગયો. તપાસ ચલાવતાં હજ઼રત જ઼રથોશ્તે પોતાનુ નિરદોશપણુ જણાવ્યું, પણ જ઼રથોશ્તના

દરબાંને જુઠી જબાંની આપી, કે મકાંનની ચાવી ફક્ત જરથોશ્ત સિવાય હું કોઇનેબી આપતો નથી. એ ઉપરથી ગુસ્તાસ્પ શાહે ગુસ્સાથી જરથોશ્તને કેહ્યું કે, "તુએ મને ઠગ્યો છે, માટે તુને કેદની સજા કરૂં છું."

શાહી હુકમ મુજબ હજરત જરથોશ્ત બંદીખાંને કેદ પડે છે, અને ત્યાં તેને દિવસમાં ફક્ત એકજ વખ્ત ખાનું પોહચતું કરવાનો હુકમ કરવામાં આવે છે.

પોતાની આવી બતંગ હાલતમા તે અશો મહાતમા બિલ્કૂલ અસંતોશી થયા નહિ, પણ પોતાની સરજતને વિના આનાકાનીએ તાબે થઇ, બંદીખાંનામા પોતા ઉપર પડતા આજાબમા સુખ સમજવા લાગ્યા. (૧૨)

## અહેવાલે અસ્પે સિંહા. 'બહેઆદ'

એક મોજેજાની બરકતથી જરથોશ્ત સાહેબનો એ બંદીખાંનામાંથી છુટકો થાય છે. શાહા ગુસ્તાસ્પનો બહેઆદને નામે ઓળખાતો એક માનીતો ઘોડો હતો. એ ઘોડો બિલ્કૂલ કાળા રંગનો હોવાથી, તે 'અસ્પે સિહા' કેહવાતો હતો. લડાઇમાં તેમજ શિકારગાહમા તે ઘોડો એક મુબારક ફાલ સમાન ગણાતો હતો. કહે છે કે એક દીવસે એ ઘોડાને, તેના ઉપર નિગેહબાની કરનારે જમીન ઉપર પડેલો દીઠો, અને તપાસ કરતાં તેના ચારે પગ તેના પેટમાં ઉતરી ગયા હોય, એમ તેને લાગ્યું. આ અજાએબ અને દુઃખભરી ખબર શાહા ગુસ્તાસ્પને કાંને તે

ઘોડાના રખેવાલે તુરતજ પાડી, અને તુરતજ ગુસ્તાસ્પ શાહે શેહેરના તમામ નામીચા હકિમોને તે ઘોડાના દરદના ઇલાજો માટે બોલાવી મંગાવ્યા, પણ કોઇનોબી ઈલાજ તે ઘોડાની બિમારી ઉપર કારગત લાગી શકયો નહી. શેહેરમાં આ અજાયેબ બનાવની ખબર ફેલાઇ ગઈ, અને સેવટે તે ખબર જરથોશ્ત સાહેબને બંદીખાંના અંદર તેનુ ખાનુ લેઈ જનારે કહી. એ ઉપરથી જરથોશ્ત સાહેએ પાદશાહ ઉપર પેગાંમ મોકલાવ્યો, કે:—"અગર જો પાદશાહ કહે, તો આ બંદીખાંનામાંથી હું બાહાર નિકળી તે ઘોડાના ચારો પગ તેના પેટમાંથી બાહાંર કાહાડું."

આ પેગામ શાંહાને પુગતાંજ જરથોશ્તને ઈજત અને હુરમતથી બાહાર કાહાડવાનું ફરમાંન પાદશાહે મોકલ્યું. હજરત જરથોશ્ત બંદીખાંનાથી બાહાર નિકળી પોતાના તનને પાક કરી, શાહા ગુસતાસ્પની આગલ જાઇ ઉભા, અને શાહે તેને પુર માન આપી પોતાની પાસે બેસાડી કહુ કે:—"જરથુશ્ત્રા, તુંએ પેગમ્બરનો દાવો રજુ કીધો, અને મેં તે નામંજુર કીધો. પણ અગર જો તું મારા આ માનીતા ઘોડા બહેઝાદને આરાંમ કરે, તો હું તુંને ખુદાના સાચ્ચા પેગમ્બર તરીકે કબુલ કરી, તારી ભલી દિનને મારી પોતીકી ગણુ."

હજરત જરથોશ્ત બોલ્યા:—"અએ માલેક બલ્ખ, અને અએ શાહે ઇરાંન, એ કાંમ મુશ્કીલ છે. પણ જો મારી સરત

કબુલવાનો તુ કોળ વ કરાર કરે, તો હું ખુદાનો બંદો, આ ઘોડાના ચારો પગ બાહાર કાહાડી આપું."

શાહા ગુસતાસ્પે તે સરત કબુલ કીધી, અને પોતાનો કોળ આપ્યો.

## હજરત જરથોશતની પહેલ્લી સરત.

બહેબાદ ઘોડાને નજરથી જોઇ જરથોશ્તે પેહલ્લી સરત એ કીધી કેઃ—"અએ શાહ, જો આ અસ્પે સિહાનો એક પગ હું બાહાર કાહાડું, તો ગુસતાસ્પ શાહે અહુરમજદની ભલી દિન કબુલ કરવી.''

આ સરત શાહા ગુસતાસ્પે તુરતજ કબુલ કીધી, અને તેજ વખતે હજરત જરથોશ્તે ખરાં દિલથી ખુદાની બંદગી કરી દાદારની દાદ ચાહી, અને તે ઘોડાનો એક પગ પોતાને હાથે જરથોશ્તે બાહાર ખેંચી કાહાડયો. આ મોજેજાભરયો બનાવ નજરે જોતાંજ, શાહા ગુસતાસ્પે પોતાના કોળને પાળી, ખુલ્લી રીતે જાહેરમા જરથોશતની પવિત્ર અને બુલંદ કરામતી શક્તીનો એકરાર કરી, અહુરમજદની દિન તેણે કબુલ કીધી.

## હજરત જરથોશતની બીજી સરત.

ખુદાનો પેગમબર તે ઘોડાનો બીજો પગ બાહાર કાહાડે, તે આગમજ હજરત જરથોશ્તે કહ્યું કેઃ—"અએ શાહે આલમ, આ ઘોડાનો બીજો પગ હું બાહાર કાહાડું, તે આગમચ તું

મને એવો કોળ આપ, કે 'તારો નામદાર બેટો પહેલવાંન અસ્ફંન્દીઆર, સાચી માઝદીયસની દિનના બચાવ માટે, અને તે દિનનો ફેલાવો કરવા માટે, તથા પાક યઝદાંની દિનના દુશમનોને બુનબેખથી ઉખેડી નાખવા માટે, મારી સાથ કોળ-કરાર કરે, અને જરૂર પડે તો જંગમા ઉતરે."

આ સખુનો સાંભળી નામનો ઉઠાવનાંર શાહજાદો અસ્ફંન્દીઆર જે ત્યાં હાજર હતો, તેણે પોતાનો પવિત્ર કોળ જરથોશ્ત સાહેબને આપ્યો, અને હજરત જરથોશ્તે પરવરદેગારની ઈબાદત કરી, અસ્પે સિહાનો બીજો આગલો પગ તેજ વખતે પોતાને હાથે બાહાર ખેચી કાહાડયો.

## હજરત જરથોશ્તની ત્રીજી સરત.

હજરતની ત્રીજી સરત એવી હતી કે 'શાહા ગુસતાસ્પની રાણી કયતાયુંને જરથોશ્તી દિન કબુલ કરવી.' પાદશાહના હુકમથી હજરત જરથોશ્તે રાણી કયતાયુંનની મહેલમાં મુલાકત લીધી, અને તે ભલી રાણીએ પોતાના બેટા અને પોતાના ખાવિંદને પગલે ચાલી, હજરત જરથોશ્તની તકરારો સાંભલી, જરથોશ્તી દિન તેણીએ કબુલ કીધી. પેગમબર સાહેબ તેજ વખતે મેહલમાંથી નિકળી બાહાર આવી અસ્પે સિહા આગલ ગયા, અને અહુરમઝદની યારીથી, તે ઘોડાનો ત્રીજો પગ પેગમ્બરે પોતાને હાથે ખેંચી બાહાર કાહાડયો.

# હજરત જરથોશતની ચોઠી યાને છેલ્લી સરત.

જરથોશત સાહેબની છેલ્લી સરત એ હતી કે “પોતાની સામે કાવતરૂં રચનારાઓને પાદશાહે શોધી કાહાડી તેઓને સજા કરવી.” તેમ કરવા માટે પેલા દરબાંનને પાદશાહે બોલાની મંગાવી ખરી હકિક્ત જાહેર કરવાનો હુકંમ કીધો, અને મોતની ધમકી આપી ખરી બીના જાહેર કરવા તેને ફરમાવ્યું. એ ઉપરથી પેલા દરબાંને દરબારના કેટલાક આલેમો, આકીલો, અને ફાજીલો, જેઓ પાદશાહના માનીતા અને શેહેરમા જાણીતા હતા, તેઓના નામ જાહેર કરી કહ્યું, કે તેઓએ તેને મોહટી લાલચ આપી જરથોશતના મકાંનની ચાવી તેઓએ તેની પાસથી મેળવી, તેના બિછાના હેઠલ મુરદાર ચીજો તેઓએ લાવીને છુપાવી હતી. આ ઉપરથી શાહા ગુસ્તાસ્પે તે બદકારોને ફાંસીની સજા કીધી, અને તેમ થતાંજ હજરત જરથોશતે પેલા ઘોડાનો ચોઠો પગ પોતાને હાથે તેણે બાહાર ખેંચી કાહાડયો, અને તેજ વખતે અસ્પે સિહા ખુશ તબિયત બની પોતાના ચારો પાઉં ઉપર ખડો થયો.

દોલતની લાલચે જરથોશત પેગબર જેવા એક અશો મહાતમાને અઠાગ સંકટોમાં ફસાવી દેવામા તેના દિન દુશમનો ફતેહ પામ્યા, તે દેખાડી આપે છે, કે જરના જોરથી આવતાં પરીણામો કેવાં ભારી અને ભયંકર હોય છે. (૧૩)

આ બનાવ અને મોજેજો જોઇ, જરથોશત સાહેબ ઉપર આખું બલખ શહેર ફિદા થાય છે, અને તે દિવસે શાહા

ગુસ્તાસ્પના હુકંમથી હજારો શેહરીઓ જરથોશ્તને ખુદાનો સાચ્ચો પેગમ્બર ગણી, તેની ભલી દિનના વખાણ કરી, તેની પાક દિન કબુલ કરે છે. હાજર રહેલાઓને પાદશાહ ગુસ્તાસ્પે બાપુકાર જાહેર કીધું કેઃ—

શેએર.

"દિન ભલી બરહક ખુદાની જોઇને માની હવે,
બહેતરી દુનિયાંની છે, એ દિનમે જાણી હવે.
બાવર કરો આ દિન ભલી, તંમ કુલ્લે ઇરાંની હવે,
એ દિન ભલીમા જોઇ છે, હકની નિશાણી હવે.
આ દિન અને દુનિયાનો છે રાહબર તું જરથુશ્તરા.
યઝદાંનના પેગામચી, આદમના ઓ દાદખા.
તું મિનોઈ છોડીને, લાયો હુકંમ યઝદાંનનો.
હું ઉઠાઉં છું હુકંમ એ, ઓ નબી જરથુશ્તરા.

આ બનાવ બન્યા પછી, જરાથુશ્ત ઈરાંનના પેગમ્બર તરીકે જાહેર થાય છે, અને હર જગે અમે હર ઠેકાંણે માન અને મહોબતથી ઇરાંનીઓ તેની ભલી દિનનો સ્વીકાર કરે છે.

## શાહા ગુસ્તાસ્પ પોતાના દીન્નની ઉમેદો જરથોશ્ત પાસ ચાહે છે.

કિધી શેહનશાહે અરજ એવી એક,
ઓ નબીના નબી ઓ જરાથુશ્ત નેક.

હું રાખું છું મનમે મૂરાદ્ એવી ચાર્,
તું દોસ્ત ખુદાનો પાડે તે પાર્.

દિલમા છે મારા ઉમેદ—અરમાંન,
મિનોઇમા જઇ જોઉ મારૂં મકાંન.

બીજી છે મુજ મન અંદર મુરાદ્,
કે જરથોશ્તી દિનની જગાડું જીહાદ્.

બદન્ મારૂ કર મિસ્લે કાંસાંની સંમ,
પડે જંગ કરતાં, ન તે પર જખંમ.

છે આસ ત્રીજી એ દિલ અંદર,
કે ભૂત ‘ને ભવિશની હું જાંણું ખબર.

મુરાદ ચોઠી છે એ મનમા,
રહે જીવ કિયાંમત સુધી તનમા.

ઉમેદ મારી એ ચાર બક્ષેસ કર,
કરમ કર કમતર ઉપર તું નજર.

એવી મતલબની ચાર મુરાદ શાહ ગુસ્તાસ્પે જરથોશ્તની પાસે માગી. પેગમ્બર જરથોશ્તે કહ્યું, કે:—“અએ શાહા, એ ચારો મુરાદ એકજ શખ્સને મળી શકે એ માહાલ છે. કેમકે લોભ પાપનુ મુળ છે, અને દરેક આદમીનું મન, તેનુ પોતાનુ દુશમન છે.” (૧૪)

## પાદશાહ ગુસ્તાસ્પે માગેલી ચાર મુરાદના બાબમાં પેગમ્બર સાહેબે ગુસ્તાસ્પને કરેલી સુચના.

"વાસ્તે એ પાદશાહ બેહતર, તો એ છે કે એ ચાર માહેલી એકજ મુરાદ તું પોતાને સારૂં માગી લે, અને બાકી રહેલી ત્રણ મુરાદ બીજાઓને માટે તું નક્કી કર."

એ ઉપરથી શાહા ગુસ્તાસ્પે એવી મુરાદ ચાહી, કેઃ—

મારે માટે તે મીનોઇ જેહાંનમાં મારૂ મકાંન કેવું છે તે હું મારી નજરે જોઉં, અને બીજી મુરાદ પોતાના દલેર બેટા અસ્ફંન્દીઆરને માટે, ત્રીજી પોતાના ખેશી અને વજીર જામાસ્પને માટે, અને ચોઠી પોતાના દીકરા પેશોતન માટે ચાહી.

જરથોશ્તે તે રાત્રે અહુરમઝદની ઇબાદત કરી, ગુસ્તાસ્પની મુરાદ બર લાવવા દાદારની જનાબમા દુવા ગુજારી ખ્વાબ કીધો, અને તે ખ્વાબમા તેને ગેબી બશારત થઇ, કે તેણે માગેલી ચારો મુરાદ બર આવશે.

## પાદશાહ ગુસ્તાસ્પની દરબારમાં દાદાર અહુરમઝદના પેગાંમચીઓનું આવવું.

પ્રભાત પડતાંજ ગુસ્તાસ્પ શાહાની દરબારમાં સરવે દરબારીઓ બેઠા હતા, અને હજરત જરથોશ્ત ગુસ્તાસ્પ સાથ

ગુફ્તેગોમા મશગુલ હતા, તેવામાં એકાએક દરબાર અંદર ચાર બુલંદ કદના સવારો, બખ્તર સાથ હથીઆરબંધ આવી ઉભા. તે ચાર સવારો તમામ લીલા પોશાકમાં સજ થયેલા હતા, અને તેમના ચેહરાપર ચલકતાં નુરના તેજથી ગુસ્તાસ્પની તમાંમ દરબાર ડંગ થઇ ગઇ. તે ચારે સવારો અહુરમઝદના એલચીઓ તરીકે ગુસ્તાસ્પ ઉપર પેગાંમ લઈ આવ્યા હતા. તેઓ બેહમન અમેશાસ્પંદ, અરદીબેહશ્ત અમેશાસ્પંદ તથા આદર ખુરદાદ અને આદર ગુશસ્પ હતા. તેઓએ શાહા ગુસ્તાસ્પને કહ્યું કેઃ—"હમો દાદાર અહુરમઝદના ચાર એલચી, તેનો પેગામ તુંને પોહચાડવા આવ્યા છિયે. તે સાહેબે કહ્યું છે, કે જરથોશ્તને પેગમ્બર તરીકે આ દુનિયામાં તેણે મોકલેલો છે, માટે તેની દિનને તું કબુલ રાખજે. તેનાથી તારી મુરાદો હાસલ થયા પછી, તેના હુકંમને તાબે રેહેજે. અગર જો એ ભલી દિન તું કબુલ રાખશે, તો તારી જીંદગાનીની ઉંમર ૧૫૦) વરસ સુધી, તું માન સાથ ભોગવશે. અગરજો તું ના ફરમાન થશે, તો તારૂં સેવટ જલદી આવશે, અને તું બેહોરમત થશે."

શાહા ગુસ્તાસ્પ, આ અમેશાસ્પંદોનો દોર, દમામ, અને ચલકાટ જોઇ, તથા આ યઝદાંનનું ફરમાન સાંભલી, ધ્રુજીને તખત ઉપર બેફાંમ થઇ પડયો, અને તમામ દરબાર ગાફેલ અને બેહાંશ બની ગઇ. જ્યારે ગુસ્તાસ્પને પેગમ્બર જરથોશ્તે હુશીયાર કીધો, ત્યારે તેણે અમેશાસ્પંદોને ગાએબ થએલા

જોયા. હુશીઆર થતાંજ ગુસ્તાસ્પે પેગમ્બર સાહેબને કહ્યું કે:—"મેં મારો જાન જરથોશ્તી દિનને અરપણ કીધો છે, જરથોશ્તના ફરમાનને હું તાબે છું. જરથોશ્તમા હું મારૂ સર્વસ્વ જોઉં છું."

બીજે દાહડે પેગમ્બર જરથોશ્તે ગુસ્તાસ્પને કહ્યું કે:—"અએ શાહા, તું ખુશી થા. તારી મુરાદ યઝદાં પાસે ગઇ રાતના મે ચાહી હતી, તે તેણે બક્ષવા માટે કબુલ્યું છે."

આ બનાવ પછી ગુસ્તાસ્પે, તેમજ તેની આખી દરબારે જરથોશ્તની દિન કબુલ કરી, અને તમામ ઇરાંનીઓ જરથોશ્તી થયા.

## અશો જરથોશ્ત સાહેબે ગુસ્તાસ્પની ચાર મુરાદો પાર પાડવી.

હવે દીલે ધિર્ ધર્ ઓ હમ્દીન તું,
કરે છે જો હજરત્ થકી દિન શું.
થઇ દિન ઇરાંનમે આશકાર્,
જગે જગ ચાલી રહી ચકચાર્.
કહ્યું હજરતે સુણ શાહે જેહાં,
મુરાદ બર આવશે બેગુમાં.
મલ્યું છે મને દાદગરથી કહણ,[1]
દેખાડું તુને તુંજ મિનોઇ વતન.

---

૧. કહણ (કહેણ) યાને પેગાંમ.

કિધી હજરતે એક જગા દિલપસંદ,
સફા ખુબ કરાવી લઇને જતન.

પછી લીધી હજરતે વસ્તુઓ ચાર,
દુધ સાથ દારૂ, ફુલ ને અનાર.

કિધી ચારો ઉપર ઇજશ્ને મનન,
ધરી આરજુ દીલમે નેક મંન.

લઈ હોમ બરસમ કીધો નમાજ,
ઉમેદ ચાહી કરીને નિયાજ.

* * *

કહ્યું હજરતે સૂણુ શાહા નામવર,
હવે આએ દારૂ તું નૌશ કર.

એ પીધાથી મીનોઇનો મળશે જવાબ,
ઉમેદ દિલની તું જોશે શિતાબ.

પિધી શાહે એકદમ તે જાંમને,
તે પીતાંજ પુગ્યો મિનોઇ ઠાંમને.

ચઢી ખુશ સમાધી તે પીતાં તરત,
પડયો ખુશ ખ્વાએ, ન દુખ કે દરદ.

તજી ખાકી તન ઝટ નિકલ્યો રૂહ,
ગયો લેવા એકદમ મિનોઇની બુ.

જોઇ કુલ મિનોઈ જોઇ ખૂદ્ મકાંન્,
ફરયો પાછો ગૂસ્તાસ્પ ફાંની જેહાંન્.
થયો પેશોતન્ દુધ પીઇને અંમર,
રહ્યો આ જેહાંમે વિના દુઃખ્ ફિકર.
લઇ ગુલની *બુ જામાસ્પ નેક,
ભૂત "ને ભવિશના પાંમ્યો તે ભેદ.
દિલાવર્ દલેર્ થાયો અસ્ફંન્દીયાર,
કાંસાં મિસ્લ તંન્, ખુબી અનાર.
ન ખંજર્, ન તલવાર્, ના તીર્-તબર,
કરતાં જણાબી જખમ્ તન્ ઉપર.
જોઇને મિનોઈ, થયો ખુશ્ શાહા,
'જરાથોશ્ત્ નબીની માગી પનાહા.
જોઇ કુલ કરાંમત્ જરથોશ્તની,
ભલી દિન્ મનથી તેણે ગણી.
કબુલી ભલી દિન અસ્ફંન્દીયાર,
ફાએશ તે કરવા થયો તઇયાર.
થઇ દિન જાહેર ઇરાંનમા,
પુગી એ ખબર ગઈ તુરાંનમા.

**ભાગ પેહલો સમાપ્ત.**

* સુગંધ.

# જરથુશ્ત્રા.

## ભાગ બીજો.

## જરથોશતી ધર્મની પવિત્ર લડાઇઓ.

### જાહેર થવું જરથોશતી દિનનુ ઇરાંનમા. આતશબેહરાંમ અને આતશ કદેહની વરધી થવી. કુલ્લે ઇરાંનીઓનુ જરથોશતી થવું.

અહુરમજદની પાક દિન લાવનાર હજરત જરથોશતે કિસમ કિસમના કરેલા મોજેજાની હકિકત ઈરાંનથી ઉડતી તુરાંન શહેર તરફ જઇ પુગી. શાહા ગુસ્તાસ્પના ફરમાંનથી ઈરાંનીઓએ જરથોશતી દિન કબુલ કીધી, અને જરથોશતી દિનનો નવો જમાનો ગુસ્તાસ્પના અમલ નિચેના તમામ મુલકોમા ચાલુ થયો. પેગમ્બર જરથોશતના ફરમાંનને માન આપી શાહા ગુસ્તાસ્પે શહેરમાં નવાં આતશકદેહ બંધાવ્યાં, અને જે જુનાં હતાં, તેમને આરાસતે કરાવ્યાં. જમશેદનનો આતશ, જે "ખોરાસિમયામા" હતો, તેને ત્યાંથી મંગાવી ગુસ્તાસ્પે "દારાબ-ર્ગદ" મા તખ્તનશિન કીધો. સિસ્તાંન, રૂમ, (કોન્સ્તેન્તીનોપલ) બગદાદ, યુનાંન અને હિંન્દુસ્થાંન વીગેરે મુલકોના આતશકદેહને આરાસ્ત કરવાના નવાં ફરમાનો ગુસ્તાસ્પે બાહાર પાડ્યાં.

## પેગમ્બર જરથોશ્તે અવસ્તા લખાવ્યા.

એજ વખતે પેગંમ્બર જરથોસ્તે જામાસ્પ વજીરને બાર હજાર બલદોના ચાંમડાં ઉપર, સોનેરી હરફે પવિત્ર અવસ્તા લખાવ્યા, અને તે પવિત્ર લખાંણોને સલામત રાખવાની મતલબથી ગુસ્તાસ્પે "દરબિશ્ત" ને નામે જણાયલી જગ્યામાં મોકલાવી આપ્યાં.

જરથોશ્તી દિન ઇરાંનમાં ફેલાઇ રહી. હજરત જરથોશ્ત દસ્તુરાંન દસ્તુર, દાવરાંન દાવર, અને ઇરાંનના પેગમ્બર તરીકે એકમતે મંજુર થયા.

## બંદગીથી દુખ દરદ દફે કીધાં.

એજ વખતે ગુસ્તાસ્પનો ભાઈ ઝરીર, તેમજ તેનો બાપ પાદશાહ લોરોરાસ્પ, જે પોતાનું તખત છોડી એકાંતમા જીંદગી ગુજારતો હતો, તેઓ બંને એક એવાં બુરાં દરદથી પિડાતા હતા, કે તેમના સાજાં થવાની આશા તબિબોએ છોડી દીધી હતી. એ દરદો હજરત જરથોશ્તે બંદગી કરી સાજાં કીધાથી, પેહલવાંન ઝરીરે અને શાહા લોહોરાસ્પે જરથોશ્તી દિન કબુલ કીધી હતી.

## "કિશમરનુ ઝાડ."

ગુસ્તાસ્પે જરથોશ્તી દિન કબુલ કીધી તેની યાદમા હજરત જરથોશ્તે ખોરાસાંન મધે એક સરવનું ઝાડ રોપ્યું,

જેનો ઉઘર ભાવ ટુક વખતમા અજબ જેવી રીતે વધી ગયો હતો. કહે છે, કે તે ઝાડના દરેક પાતડાં ઉપર "ગુસ્તાસ્પે ભલી દિન કબુલ કરી છે" એવા લેખ કોતરાએલા હતા. આ ખબર જેમ ઈરાંનથી તુરાંન ગઇ હતી, તેમજ તે હિન્દુસ્થાંન તરફ પણ જઇ પુગી હતી.

## હિંન્દુ ફિલસુફ "ચંગ્રઘાચ."

પેગમ્બર જરથોશ્તની બાહોશીની ખબર હિન્દુસ્થાંનમા જાહેર થયાથી, હિંન્દુ ફિલસુફ ચંગ્રઘાચ, હિન્દુસ્થાંનથી મુસાફરી કરતો, જરથોશ્તી ધરમનુ ખંડણ કરવા ગુસ્તાસ્પની દરબારે ગયો હતો. એ ચંગ્રઘાચ આખા ભરતખંડમા જાણીતો હતો. કહે છે કે આ ચંગ્રઘાચ, વજીર જામાસ્પનો ગુરૂ હતો. એ ખબર ચંગ્રઘાચને પડતાંજ જરથોશ્તને નજરે જોવા, તથા તેની સાથ વિચારોનો આવજો માવજો કરવા, હિન્દુસ્થાંનથી પોતાના ચેલાઓના એક મોહટા રસાલા સાથ, તે બલખ શેહર તરફ મુસાફરી કરતો ગયો હતો. શાહ ગુસ્તાસ્પની દરબારમા બંનેની મુલાકાત થતાજ, ચંગ્રઘાચ જરથોશ્તને કાંઇબી સવાલ કરે, તે આગમચ ઇરાંનના પેગમ્બર જરથોશ્તે ચંગ્રઘાચના [1]મનના વિચારો જાણી લઈ, તેના

[1] પેગમ્બર સાહેબ જરથોસ્ત, આવી રીતે સામા ધણીના મનના વિચારો આગમચથી જાણી લેવાની જે શક્તિ તે જમાનામા ધરાવતા હતા, તે આજના વખતમા અમેરિકા અને બીજા દેશોમા, આજના

સવાલના જવાબો દરબારમા એકદમ જાહેર કરી દીધા. એ તકરારમાં ચંગ્રઘાચ શિકસ્ત પામ્યો, અને તે પોતાની હાર કબુલી જરથોશ્તનો ચેલો બન્યો. ત્યાર બાદ જરથોશ્ત પાસ અવસ્તા વાણીના કલાંમોની એક નકળ મેળવી તે પાછો હિન્દુસ્થાંન તરફ ફરયો, અને ત્યાં જઈ એંસી હજાર આદમીઓને તેણે જરથોશ્તી દિનમા દાખલ કીધાં.

## ગોશ્તેફ્રૂયાંન અને અખ્ત જાદુગર.

એ પછી તુરાંની ખાંનદાંનના એક નબીરા "ગોશ્તેફ્રૂયાંને" ભલી જરથોશ્તી દિન કબુલી હતી. એ ગોશ્તેફ્રયાંનના ફ્રેરોહરને, ફ્રવરદીન યશતમા બુરી મનશાનીના અખ્ત નામના જાદુગરનો જાન લેવા માટે આરાધેલું છે.

અખ્ત નામનો બુરી મનશાનીનો એક જાદુગર, લોકોને ભેદી સવાલો એવી સરતે પુછતો હતો, કે જેનો જવાબ આપતાં તે શખસ જો નિશફળ થતો, તો તે તેનો જીવ લેતો હતો. એવી રીતે સવાલો પુછી તે જાદુગરે ઘણાકોના જીવ લીધા હતા. એ ખબર ગોશ્તેફ્રયાંનને થતાં, તે અખ્ત જાદુગરની સામે તેના સવાલના જવાબો આપવા તે ગયો. એ તકરારમા ગોશ્તેફ્રયાંને

---

જમાનામા Telepathy (ટેલિપથી), યાને Thought or mind reading ને નામે જણાયલી વિદ્યાને મળતી હોય, એમ જણાય છે.
(રચનાર.)

અખ્ત જાદુગરના ૨૭ સવાલોના જવાબ આપ્યા, અને ૨૮ મા સવાલમા વાંધો પડયો. અખ્ત જાદુગરનો ૨૮ મો સવાલ એ હતો, કેઃ—

"ઓરતની મોહટાંમા મોહટી ખુશાલી શાંમા હોય છે?"

ગોશ્તેફ્ર્યાને જવાબ દીધો કેઃ—

"ઓરતની મોહટામા મોહટી ખુશાલી તેણીના ખાવિંદની સંગતમા હોય છે."

આ જવાબ પેલા જાદુગર અખ્તે નાકબુલ કીધો, અને કહ્યું કેઃ—

"ઓરતની મોહટામા મોહટી ખુશાલી સારાં સારાં કપડાં, અને ઘરેણા પહેરવામાં હોય છે."

ગોશ્તેફ્ર્યાંને આ જવાબ કબુલવા ના પાડી, અને બંને વચે વાંધો પડયો. અખ્ત જાદુગરે આ વાંધાનો નિવેડો લાવવા, ગોશ્તેફ્ર્યાંનને સમજાવીને કહ્યું કેઃ—"તુને જો મારો ખુલાસો નામંજુર હોય, તો એ સવાલનો ચુકાદો તારી બેહન, જે મારી બાઇડી છે, અને જે કદીબી જુઠું બોલતી નથી, તેની પાસે મેલવ્યે. જે ચુકાદો તે બાંનુ આપે, તે ચુકાદો મને કબુલ છે."

ગોશ્તેફ્ર્યાંને અખ્ત જાદુગરની સરત કબુલ કીધી. બંને જન તે નેક બાંનુ પાસ ગયા, અને તકરારી સવાલથી તેણીને

રોશન કીધી. તે નેક બાંનુએ વિચાર કીધો કે, "જો ધણીની વિરૂધ બોલશ, તો તે મારી ઉપર જુલમ ગુજારશે, અને જો ભાઈની વિરૂધ બોલશ, તો અખ્ત તેનો જીવ લેશે. વળી જુઠું બોલશ તો ગુનેહગાર થવશ, પણ સાચું બોલતાં જીવ જશે, તો બેહસ્તમા જવશ." એમ વિચારી તે નેકબખ્ત નારે જવાબ દીધો કે:—"ઓરતની મોહટી ખુશાલી જાત જાતના કપડાં અને ઘરેણા પહેરવામાં છે, પણ ખાવિંદની સંગતમા મળતી ખુશાલી સૌથી મોહટી છે."

આ ચુકાદો સાંભલી, બુરી મનશાનીના અખ્ત જાદુગરે તે નેકબખ્ત નારનો જીવ લીધો.

સરવે સવાલો આપ્યા બાદ, ગોશતક્રયાંને કરાર મુંજબ અખ્ત જાદુગરને સવાલો પુછ્યા. તેના જવાબ તે આપી શકયો નહી, અને તે ઉપરથી ગોશતક્રયાંને સરત મુજબ અખ્ત જાદુગરનો જીવ લઇ, પોતાના દેશીઓને તેના જુલમાતમાથી બચાવી લીધા. તે ગોશતક્રયાંને જરથોશતી દિન કબુલી, કે જે એક જાણીતાં તુરાંની ખાંનદાંનનો નબીરો હતો.

## જરથોશતી ધરમની જીહાદ.

અહુરમઝદનુ ફરમાન જરથોશ્ત સાહેબને એવું હતું, કે ભલી મઝદીયશની દિન દુનિયાંમે ચારો તરફ ફેલાવવી. એટલે જરથોશતની ભલાંમણથી પાદશાહા ગુસ્તાસ્પે તે કાંમ મોહટા પાયા

ઉપર ચલાવવાની હવે શરૂઆત કરવા માંડી. પેહલાં ગુસ્તાસ્પે દિનનો ફેલાવો કરવા માટે તુરાંન તરફ નજર ફેરવી, અને ધરમની જીહાદનો જરથોશ્તી દિન ખાતર તેણે પુકાર ઉઠાવ્યો. (૧૫)

## જરથોશ્તી દિનની જીહાદનો પેગાંમ તુરાંનમાં પુગવો.

પુગી જ્યારે એવી તુરાંને ખબર,
કે થઇ છે ધરમની નવી કંઈ જીકર.

જીકરનો છે કરનાર્ જરાથુશ્ત એક,
નવો છે ધરમ્ ને વિચીત્ર વિવેક.

ગયા દેવયસ્નીઓ લાખો ફરી,
ગયા તેઓ જરથોશ્તી દિન પર મરી.

ધરી હાથમે દિન અને તલવાર,
લડઇનો ઉઠાવ્યો ઇરાંને પુકાર.

બની લાલ ગુસ્સાથી શાહે તુરાંન,
હુકમ્ કીધો લશ્કર્ જવાંને ઇરાંન.

કિધી ફોજ તયાર પયદલ સંગ,
કરવા જરથોશ્તીઓને બતંગ.

રવાના લશ્કર કિધું લાખ ત્રણ,
ધરી દીલે કીના કપટની અગન.

## ગુસ્તાસ્પનો અરજાસ્પને પયગાંમ.

જરથોશ્તી દિનની તવારીખ કહે છે, કે ગુસ્તાસ્પ શાહે જરથોશ્તી દિન કબુલ કીધા પછી, સતર વરસે તેણે ધરમની આ પવિત્ર લડાઇ ઉઠાવી હતી. એ લડાઇનો પેગાંમ અરજાસ્પને મળતાંજ, એક જબરૂ લશ્કર ઇરાંન તરફ મોકલવાનો તેણે હુકમ કીધો, અને ગુસ્તાસ્પે મોકલાવેલા પેગાંમનો જવાબ રવાના કીધો, કે:—

"અએ ગુમરાહ અને ગાફેલ પાદશાહ ગુસ્તાસ્પ, તુંએ ખરી દિનથી તારૂં સર ફેરવ્યું છે, અને પેલા તારા નવા પેગમ્બર જરથોશ્તની શિખવણી પ્રમાણે ચાલી, મારા જેવા એક દોસ્ત તરફ તું બેવફા થયો છે, તો તુને તારી એવી સરકસીનો બદલો હું એકદમ ચખાડવા તઇયાર થાઉં છુ. તારો બાપ લોહારાસ્પ ખુદાની સિતાયેશ કરવા રાજ છોડી એકાંતમા ગયો, ત્યારે તુંએ આવો પાપી અને પાખંડી મારગ અખત્યાર કીધો? એ તારી ગુસ્તાખી તોડવા હું તૈયાર છું, અને તારાં રાજ અને તુને પાયામાલ કરવા હવે હું જરાબી વિલંબ લગાડનાર નથી."

## અરજાસ્પને ગુસ્તાસ્પનો જવાબ.

અવલ્ જબાં પર્ ધરી રબ નાંમ,
બાદઝ્ લખું આ તુપર્ કલાંમ.
"કરી દંમ તૂંમાખી તું મુજસે ઠરે,
નહિ શાહ ગુસ્તાસ્પથી તું ડરે.

કરૂ બંધ તુજનો હું એકદમ્ ગરૂર,
નાબુદ્ કરૂં તારી ઔલાદે તુર.
હવે દોર જોઇ લે તું જરથોશ્તીનો,
ખતમ્ કરશું દિન તારી કુલ્ હસ્તીનો.

જગાડું છું યઝદાં પરસ્તીનું જંગ,
જે નામે ને કામે છે [1]શીરો બિલંગ.

હુમો છૈએ તુમ્બે ફરીદુનથી,
નથી હમ્ ઇરાંની તુરફ્ ખુનથી.

હમારા છે ખ્હેલવાં મિસલ માહેતાબ,
સાચા 'ને સિધા બળ્ બેહિસાબ.

સદા જેની જંગે સાબૂત રકાબ,
જોઇને હરીફો બને લાજવાબ.

છે તેઓ જરથોશ્તી દીન્ પાલનાર,
દુખીઆઓના દુખને ટાળનાર.

નવી દિન કરે છે ફરમાંન એક,
મનશની, ગવશની, કુનશની નેક.

જરથોશ્તી દિનનો છે એવો કરાર,
વિચારો, ઉચ્ચારો, કરો નેક કાર.

---

૧ વાઘ અને સિંહ જેવા.

હસ્તી 'ને નિસ્તીનો એકજ ખૂદા,
જાહેર 'ને બાતેન્ વસે છે સદા.

નહિ દિન હમારી કરે જો કબુલ,
થશે તારી શાહી 'ને ઇજ્જત ધુલ.

અગર હોય ચાહતો નહિ દુખ ગઝંન્દ,
કબુલ્ કર્ તું યઝદાંપરસ્તી પસંન્દ.

અગર તું કરે દેવયશ્ની મનંન,
આ ફાંનીમે મળશે ન તુજને કફંન.

ઝરીર્ મારો ભાઈ છે નામી સવાર,
રૂઇનતંન્ બેટો છે અસ્ફંન્દીયાર.

સજી અંગ બખતર નિકલશે બહાર,
કરશે ખલક્ તારી કુલ ખારજાર.

જગાડી છે જરથોશ્તી દિનની જીહાદ,
છે મારી આગલ શું તું બિસાદ.

## જરથોશ્તી લશકરની ગોઠવણ.

આ સઘળાંનું પરીણાંમ જરથોશ્તી દિનને માટે ઉઠાવેલી જીહાદની લડાઈમા આવ્યું. તુરાંનના પાદશાહ અરજાસ્પે

## ત્રણ લાખ સવારો

એકઠા કરી એક લશ્કર જમાવ કીધું, અને જીહુન નદીના કિનારા તરફ તે લશ્કરને રવાના કરવાનો હુકમ કીધો.

## જરથોશતી લશ્કર.

જરથોશતીઓ કાંઈ બેસી રહયા નહી હતા. શાહ ગુસ્તાસ્પે પણ એ મોહટું લશ્કર ઉભું કીધું, અને દિનની જીહાદને ખાતર તુરાંનીઓની સામે થવા તે મયદાંને પડયો.

૧ પાદશાહ ગુસ્તાસ્પે પોતાના ભાઈ ઝરીરને બોલાવી મંગાવી, કાવેયાંની ઝુંન્દો તેને સ્વાધીન કરી, તેને લશ્કરનો વડો સિપાહસાલાર નેમ્યો, અને પચાસ હઝાર સવારોનું એક લશ્કર તેને હસ્તક સોંપ્યું.

૨ પોતાના દીકરા અસ્ફંન્દીયારને બીજા પચાસ હઝાર સવારોનું એક બીજું લશ્કર સોંપ્યું, અને લશ્કરની જમણી બાજુએ રૂઇનતંન અસ્ફન્દીયાર મયદાંન ઘેરી ઉભો.

૩ તેવીજ એક નાંચીચા સવારોની ટુકડી ગુસ્તાસ્પે પોતાના બીજા દીકરા શેદસ્પની સરદારી હેઠળ મયદાંનની ડાબી બાજુએ રવાંના કીધી, અને તેની સાથે વજીર જામાસ્પના બેટા ગેરામી અને પોતાના દીકરા અર્દશીરને રાખ્યા.

૪ *"નશ્તુર" જે ઝરીરનો દીકરો થતો હતો, તેને લશ્કરનો પાછલો ભાગ સ્વાધીન કીધો હતો.

૫ આ સઘળી લશ્કરની ગોઠવણ કીધા બાદ શાહ ગુસ્તાસ્પ પોતે એક ઉંચી જગે પોતાના લશ્કર સાથ જઈ જંગ મયદાંનનો મહિમા જોતો ઉભો.

---

*નસ્તુર અવસ્તાનો "બસ્તવઇરી."

# જરથોશતી લશ્કરની કુચ.[૨]

## લશ્કરની ગોઠવણનો નકશો.

**શેહસ્પ.**

લશ્કરની સંખ્યા જણાઇ નથી

**અસ્ફંન્દીયાર.**

૫૦૦૦૦ લશ્કર સાથે

**ઝરીર.**

૫૦,૦૦૦ લશ્કર સાથે.

**લશ્કરનો મોહટો ભાગ.**

**નસ્તુર.**

(હરોલના લશ્કર સાથે.)

# [1]તુરાંની લશ્કર.

૧ તુરાંનીઓનુ લશ્કર સુમારે ત્રણથી ચાર લાખનુ હતું. અરજાસ્પે એક લાખ સિપાહોને આગલી હરોલમા લશ્કરને મુખડે રાખ્યા હતા.

૨ બીદ્રફ્ષ નામના પેહલવાંનને વરૂની આકૃતીવાલો ઝુંન્દો આપી, એક લાખ સવારોના લશ્કર સાથ તેને મયદાંનની ડાભી બાજુની સરદારી આપી.

૩ ગુર્ગસાર પેહલવાંનને બીજું એક લાખ સવારોનુ લશ્કર સ્વાધીન કરી, તુરાંની ઝુંન્દા સાથ જંગના મયદાંનની જમણી બાજુ ઘેરી લેવાનો હુકમ કીધો હતો.

૪ અરજાસ્પે પોતાના ભાઇ અંદરીમાંનને એક લાખ અને પચાસ હજાર લશ્કરનો સરદાર બનાવ્યો, અને લશ્કરના મધ્ય ભાગમાં તેને પોતાના ડાભા હાથ ઉપર રાખ્યો હતો.

૫ કોહરમ નામના પોતાના બીજા ભાઇને તેટલુજ લશ્કર અને ઝુંન્દો આપી, તેને પોતાના જમણા હાથ ઉપર રાખ્યો, અને પોતે બંનેના લશ્કરોની વચમાં રહયો હતો.


૬ હુંશદીવ નામના પેહલવાંનને તમામ લશ્કરની પાછલના ભાગ ઉપર દેખરેખ રાખવા મુકરર કીધો હતો.

---

૧, ૨, જરથોસ્તી, અને તુરાંની લશ્કરની કુચના બંને પ્લાનોના નકસા ડા૰ જેકસનના Zoroaster The Prophet Of Ancient Iran માથી ઉતારી લીધો છે. કરતા.

## તુરાંની લશકરની કુચ.[3]

### લશ્કરની ગોઠવણનો નકશો.



## જરથોશ્તી જ્હાદની પેહલ્લી લડાઇ.

જરથોશ્તી દિનની આ પેહલ્લી લડાઇ "જીહુન" નદીના કિનારા ઉપર થઈ હતી. એ નદી આજના જમાનામાં "ઑકસસ નદી" ને નામે જણાઇ છે. એ પેહલ્લી લડાઇમાં ઝરીર, તેનો દીકરો "નસ્તુર" અને "શાહજાદો અસ્ફંન્દીયાર" મોહટી નામદારી મેળવે છે.

## જામાસ્પે લડાઇના પરીણામ માટે આગાહી વર્તવી.

જંગનુ મેદાંન ગાજી રહે છે. ગુસ્તાસ્પનુ લશ્કર જંગનુ મયદાંન ઘેરે છે. લડાઇની શરૂઆત આગમચ શાહ ગુસ્તાસ્પ વજીર જામાસ્પને નજુમ જોઇ આગાહી વર્તવા હુકમ કરે છે. વજીર જામાસ્પ આગાહી વર્તવા દલગીર થઇ ના પાડે છે; અને કહે છે, કેઃ—"ઓ પાદશાહ એ આગાહી જાણ્યાથી તું ઘણો નારાજ થશે, અને મને તું નુકસાંન કરશે."

શાહ ગુસ્તાસ્પ પોતાના દીકરા અસ્ફંન્દીયરના જીવના કસંમ ખાઇ જામાસ્પને કાંઇબી નુકસાંન નહી કરવાની ખાતરી આપે છે, અને વજીર જામાસ્પ નીચે પ્રમાણે લડાઇનું ભવિશ વરતે છેઃ—

અફ્સોસ! ગજબ્ છે એ ચરખે કહુંન,
દેખાડે છે સરજત્ આ શું ગઝંન્દ.

અફ્સોસ! અલંમની પડી છે પ્રભાત,
થયો કાં ન મારો જન્મતાંજ ઘાત.

બહેતર થતે હું ન લેતે જનંમ,
નહી આજ જોતે હું આ સિતંમ.

અરે દાદગર શું સરજીયો મને—
કહેવા ભવિશનો સિહ્રા આ સને.

કહું શું ભવિશને, સૂણ શાહે-દિન,
સિહ્રા મામલો મૂજ જુવે દુરબિન.

*		*		*

જાગી છે જરથોસ્તી દિનની જીહાદ,
થશે આ જગે ભારી બરપા ફિસાદ.

થશે આ જગે એક જબરી લડઇ,
એ જંગે જશે નામિચા નર કપઇ.

હજારો એ જંગે મરશે પેદર,
હજારો મરશે સુરવિર પેસર.

રડશે હજારો બેહન્ ભાઇ વંન,
મૂવેલાંઓને મળશે નહિ કફંન.

પેદર્ પુત ખાતર્ રડશે હજાર,
વેહુશે લહુની નદી ખુંનખાર.

સિહા થાશે રેશાંન રૂઝે સપીદ,
લરજશે [1]અબરમે છૂપઇ ખુરશીદ.

નિકલશે મયદાંનમે [2]અર્દેશર,
ઔલાદે કિયાંની તહારો પેસર.

સિતારાની ચાલે જશે તે મરી,
નહિ તેને જીવતો તું જોશે ફરી.

નિકલશે [3]સિહા અસ્પવાલો સવાર,
શેદસ્પ[4] તહારો પેસર્ નામદાર.

થશે તેનું કિસ્મત રેશાંન્ સેયાહ,[5]
કજા જંગમાં તેને કરશે તબાહ.

બાદઅ મારો પિસર દીલજાંન—
[6]ગેરાંમી નિકલશે રેશાંન્ રવાંન.

તારાજ કરશે તે કુલ્ લશ્કરી,
કરશે તૂરાંની તબાહ કેશ્વરી.

---

૧. અબરમે યાને વાદલમે. ૨. અર્દેશર–ગુસ્તાસ્પનો દીકરો.
૩. સિહા અસ્પવાલો યાને કાલા ઘોડા ઉપર સવાર થયલો સવાર.
૪. શેદસ્પ–ગુસ્તાસ્પનો દીકરો. ૫. સેયાહ યાને કાલુ.
૬. ગેરામી–વજીર જામાસ્પનો બેટો.

જમીન પર પડશે [1]ઈરાંની ધજા,
બચાવતાં ગેરાંમીની થાશે કજા.
ઝરીર ભાઇ તારો નિકલશે બહાર,
રણમે લોહી રેડશે નવ ધાર.
થશે અંતે જંગે તેનુ મરણ,
પડી ખાક થાશે કજાને શરણ.
કજા જોઇ ઝરીરની નિકલશે પેસર,
હજારોને કરશે તે જીરોજબર.
ઝરીરના કિનાનો ઉઠશે પૂકાર,
સૂણી બહાર પડશે અસ્ફન્દિયાર.
જમીન કરશે જંગે લોહિથી ભરી,
એ. જંગે જશે તુંજ વહાલાં મરી.
ફતેહ જંગ કરશે અસ્ફન્દિયાર,
થશે દિન જરથોશ્તી આશકાર.

## લડાંઇનુ ભવિશ પાદશાહ ગુસ્તાસ્પ જાણીને બેદીલ બને છે.

જામાસ્પ વજીરને મોહડેથી લડાઈની આવી આગાહી સાંભલી પાદશાહ ગુસ્તાસ્પ બિલ્કુલ બેદીલ થઇ ગયો, અને જ્યારે તે હોશમાં આવ્યો ત્યારે બોલ્યો કે:—

૧. ઇરાંની ધજા—કાવેયાંની ઝુંન્ડો.

"જ્યારે એ જંગનું પરીણામ એવું ખાનાખરાબી ભરેલું આવનાર છે, અને મારા દીકરાઓ અને ભાઇ તથા ખેશીઓ સાથ મારા નામિચા નરો બેજાંન થનાર છે, તો પછી શા ખપની મને મારી શાહી અને સલતનત. જો ઝરીર જેવો મારો જંગી ભાઈ મારીયોજ જવાનો છે, તો તેને તેમજ મારા દીકરાઓ અને ખેશીઓને હું જંગમા જવા ન દેઉ, તો પછી દુશમંનને હાથ તેઓ મરેજ કયાંથી ?"

જામાસ્પે દલીલ કરી શાહને સમજાવ્યું, કે:—

"અએ પાદશાહ તારો એ ખ્યાલ મહાલ છે. જો તારા એવા પેહલવાંનો જંગમાં જશે નહી, તો લડાઇમાં તુરાંનીઓ સામે કોણ લડશે, અને જરથોસ્તી દિન તુરાનમા કેમ આશ્કાર થશે ? માટે એવો વિચાર દીલથી તું દુર કર. બનવાના જે બનાવો, તે બન્યા વગર રેહેતા નથી. પરવરદેગાર કાંઇ જુલમગાર નથી, તેનો ઇન્સાફ રાસ્ત છે."

## જરથોશતીઓએ મઝ્દીયશ્નની દીન ખાતર તુરાંનીઓ સામે કરેલી યાદગાર લડાઇ.

ગુસ્તાસ્પ પાદશાહે પોતાના ભાઇને તુરત બોલાવી લશ્કરની સરદારી તેને સ્વાધીન કીધી, અને લડાઇ શરૂ કરવાનો હુકમ કરી, પોતે એક ઉંચા પાહાડ ઉપર પોતાની બેઠક લેઈ, લશ્કર અને પેહલવાંનોની હિલચાલ તે દુરથી તપાસતો રહ્યો.

નિકલીયા જંગે ઇરાંની તમામ,
ધરી દાદગરનુ જબાં પર નાંમ.
જરથોશ્તી દિનનો ઉઠાવી પૂકાર,
ભલી દિન ખાતર પડીયા બાહાર.
મચી જંગીઓની જબરી લડઈ,
હજારો ગયા જરથોશ્તી કપઈ.
મૂવા કંઈ કતલ થઈ શંશ્શીરથી,
હજારો મુવા કંઇ વિંધઇ તીરથી.
જગે જગ લોથો દિસે સમ પહાડ,
હજારો જંખમીઓ મારે બરાડ.
હતું જંગ ગોયા ગએબી કહેર,
જમીન પર ચાલી લોહીની નહેર.
નિચે ધુંજે ધરતી 'ને ઉપર ગગંન,
ખરેખર હતો તે કિયામતનો દંન.

*   *   *

આવી હરોલમે ઉભો અર્દેશીર,[1]
બળવંત, બહાદુર, ખરો બેનજીર.
હતો શાહ ગુસ્તાસ્પનો તે પેસર,
કજાએ ઇલાહી હતી નહિ ખબર.

---

૧. અર્દેશીર-ગુસ્તાસ્પનો બેટો.

તુરાંની તીરથી વિંધઇ તે ગયો,
આબીન અજલને તૂરત તે થયો.

કરમ્ કમ્બખત બાપનુ કુટિયું,
પલકમા બલખનુ લાલ લુટિયું.

થયો મસ્ત શેદસ્પ[1] જોઈ આ મહંન,
કિનામે નિકલીયો તે લશ્કરશેકંન.

પરાગંન્દે કરવા કંમરને કસી,
મિસલ [2]આબે-નીલ તે ગયો બસ ધસી.

કહ્યું એમ પૂકારી બાગે બુલંન્દ,
કહાં છે [3]કોહરંમ બહુ જોરેમંન્દ.

કમંન્દ લઈ કોહરંમ પડીયો બહાર,
ઉભો સાંમને જઇ મારી બરાર.

હતો તે કિનાનો દિવસ યાદગાર,
કોહરંમનું વિંધીયું તંન્ આરપાર.

જોઇ હાલે કોહરંમ તુરાંની રડે,
નહિ તાબ શેદસ્પ સામે લડે.

---

૧. શેદસ્પ—ગુસ્તાસ્પનો બીજો દીકરો. ૨. આબે-નીલ યાને નાઇલ યાને નીલ નદીના પાંણી મીસાલ જોશમા તે ધસી ગયો.
૩. તુરાનના પાદશાહ અરજાસ્પનો ભાઇ.

થયો હા-વ-જારીનો જબરો પૂકાર,
છુટા તીર શેદસ્પ્ ઉપર્ બેસૂમાર.
છુટો એક તીર કોઇ તૂરકીને હાત,
વીંધાયો શેદસ્પ થઇ તેની ઘાત.
એ જોઈ નિકલીયો એક નામેવર,
જંગી • [1]ગેરાંમી જામાસ્પ્ પેસર.
ધરી ધુંઇ કિનાની બનીને નિડર,
પડયો જઇ તુરકી લશ્કર્ ઉપર.
કતલ ચાલી ચોમેર! લડે [2]જંગજોય,
જમીન કાંપી લરજે, જમાનો રોય.
ગિરદની સિહાઇએ છાંઇ ઘટા,
પંડી ખાકમે કાવેઆંની ધજા.[3]
ઉઠાવી ધજાને ગેરાંમી લડે,
નહી ખાકમે કોઇથી તે પડે.
હુતી હાથમાં જે ધજાને ધરી,
કિધી કોઈ તૂરકીએ શંમ્શીરગરી.

---

૧ ગેરામી-વજીર જામાસ્પનો બેટો. ૨. જંગજોય યાને જંગને જીતનાર. ૩ જરથોસ્તીઓનો વાવટો યાને ઝુન્દો, જે ફ્રેરેદુનના રાજમાં કાવે નામના લોહારે ઉભો કીધો હતો, અને જે યઝદઝર્દ શેહરીઆર, છેલ્લા પારસી પાદશાહના રાજમાં જ્યારે પારસી પાદશાહત પડી ભાગી, ત્યારે લુટાઇ ગયો હતો.

કપાઈ પડયો હાથ ત્યાં વાટમાં,
ગેરાંમીએ પકડી ધજા દાંતમાં.

લડી એક હાથે કિધું ભારી જંગ,
લડયો રણમાં જેમ દિવાંનો પિલંગ.

બચાવી ધજા તે મુવો નામવર,
કિધું નાંમ જરથોશ્તીઓમે અમર.

*  *  *

ચહડયું જંગ રણ પર, બુમ એક પડી,
થયા તંગ તૂરાંની, ગયા કુલ ડરી.

પડયો જઇ નશ્તુર[1] તૂરાંનીઓ પર,
કતલ થઇ મૂવા ચાર શાહી પૂતર.

ઉઠીયો ગજબનાક ગમનો પૂકાર,
કરે [2]ચશ્મ ગીરીયાં, શાહા શહેરીયાર.

ચહડયો જોશ [3]ઝરીરને જોઇ હાલ તંગ,
ચહડી ઘોડે બેઠો મારી છલંગ.

ધરી હાથ શમ્શીર, બની મસ્ત પીલ,
ધસી તે ગયો જેમ દરીઆએ નીલ.

---

૧ નશ્તુર—ઝરીરનો દીકરો, જેને અવસ્તામાં બસ્તવઇરી ને નામે ઓળખાવ્યો છે. ૨ ચશ્મ ગીરીયા—આંખમાં પાણી લાવી રડવા લાગ્યો. ૩ ઝરીર—પાદશાહ ગુસ્તાસ્પનો ભાઇ.

હવા થાઈ ઘંન્ઘોર, જમીન સુર્ખ લાલ,
હજારોને કાપી તે કરતો નિકાલ.
જવાંનો 'ને ખુદા કરે શોરશાર,
ઝરીરે કિધું એવું મરદાંને કાર.

## જરથોશતી સિપાહસાલાર ઝરીરનું મારયા જવું. ઝરીરની દિલાવરી.

જ્યારે દિલાવર ઝરીરે એવો મામલો જોયો, કે કાવેઆંની ઝુંન્ડો બચાવતાં વઝીર જામાસ્પના દીકરા ગેરાંમીનો એક હાથ કપાઈ ગયો છે, અને તે છતાં ગીરાંમી દાંત વચે તે ઝુંન્દાને પકડી, એકજ હાથે દુશમનો સાથ એકલો તે લડે છે, અને વળી તેનો દીકરો નશ્તુર પણ બહાર પડયો છે, તેમજ ગુસ્તાસ્પના ચાર ચાર જવાન બેટા, અરદશીર, શેદસ્પ, હોરમઝદ અને નવઝર લડાઇમાં માર્યા ગયા છે, ત્યારે પોતાના જાંનની કાંઇ પણ દરકાર કીધા વગર તેણે તુરતજ જંગના મેદાંનમાં ઝીપલાવ્યું, અને ચોમેર તુરાંની લશ્કર ઉપર છુટે હાથે ખુનરેજી ચલાવવા માંડી. તુરાંની લશ્કરની એક બાજુના ભાગ ઉપર જ્યારે નશ્તુર પોતાના પિતરાઇ ભાઈઓનુ વેર લેતો હતો, ત્યારે બીજી બાજુના લશ્કર ઉપર દિલાવર ઝરીર ગોસ્પંન્દ મિસાલ તુરકીઓને કતલ કરતો હતો.

## અરજાસ્પે ઝરીરને મારવા માટે પોતાના લશ્કરને ઇનામ આપવા જાહેર કીધું.

આ જંગ બે અઠવાડીયાં સુધી ચાલુ રહ્યું. અગણીત સંખ્યામાં તુરાની લશ્કર કપાઇ જતું જ્યારે અરજાસ્પે જોયું, અને તુરાંનીઓમાંથી કોઇબી પેહલવાંન ઝરીરને જેર કરવા તેની સામે જઇ શકયો નહી, ત્યારે અરજાસ્પે પોતાના લશ્કર ઉપર પુકાર મારી કહ્યું કે :—

“ અરે પેહલવાંનો, તમે જાગો છો કે ઉંઘાઓ છો ! આજ બે અઠવાડીયાં થયાં તમારા ભાઇબંધો જંગના મેદાનમા કપાઈ જાય છે, છતાં આ જંગમાં તમો કાંઈ પણ દિલાવરી કરી પેલા મુજી ઇરાંની બચ્ચા ઝરીરને જેર કરી શક્તા નથી ? શું તમે તુરાંન શેહરનો નાશ કરવા ચાહો છો ? મારા પેહલવાંનો, તમે જુવો કે ઈરાંનીઓ આપણા લશ્કરનો નાશ કરી રહ્યા છે, અને મારા સઘળા નામિચા નરોને ગોસ્પંન્દ મિસાલ તે લોકે જબેહ કીધા છે. તમારામાં શું કોઇબી એવો માયનો પુત નથી, કે જે પેલા ઈરાંની ઝરીરને જેર કરે, યા બેજાન કરે, યા તેને ઘોડા પરથી જમીન પર પટકે ? તમારામાંથી જેબી કોઇ ઝરીરને જીવતો યા મુવેલો મારી આગળ લઇ આવશે, તેને હું ખજાનાથી ભરપુર કરી, મારી દીકરી સાથ તેને નેકાના પેવંદથી બાંધશ.

## અરજાસ્પનુ ઇનાંમ મેળવવા બાહાર પડેલો તુરકી પેહલવાંન બિદ્રફ્શ.

આ ઇનામની શાહી દરખાસ્ત સાંભલવા છતાં, કોઇબી તુરકી ઝરીર સાંમે જવા બાહાર પડયો નહી. બબ્બે વાર અરજાસ્પે આ દરખાસ્ત પોતાના લશ્કરમાં બાપુકાર જાહેર કીધી, પણ ઝરીર સામે જઇને લડવાની કોઇએબી હિંમત કીધી નહી.

અંતે આ લાલચના સખુનો સાંભલી બિદ્રફ્શ નામનો એક તુરકી બાહાર પડયો, અને તેણે અરજાસ્પ આગલ પોતાની મરજી ઝરીર સામે જઈ લડવા જવાની જણાવી. અરજાસ્પે તેની હિંમતની જાબજા વખાણ કીધી, અને બિદ્રફ્શ લડાઇના મેદાંનમાં ઝરીરની સામે લડવા માટે ગયો.

## બિદ્રફ્શની હિચકારી હિકમતથી નિપજેલું ઝરીરનું મરણ.

ઝરીરની તરફ બિદ્રફ્શ ગયો, પણ તેને દુરથી જોતાંજ, તેમજ તેની આજુ બાજુ પડેલા તુરકીઓની લાસના ઢગલા જોઇ, તેણે પોતાની હિંમત છોડી દીધી, અને ઝરીરની સામે તે થઇ શકયો નહી. પણ ઝરીરને મારવા માટે તેણે એક બીજી તદબિર કીધી. બિદ્રફ્શ ઝરીરની નજર આગલથી દુર એક ઝાડને ઓઠે છુપાઇ રહ્યો, અને તે જંગી સવાર ઉપર હુમલો

કરવાની જેવી તે હિચકારા તુરકીને તક મળી, તેવોજ તેણે તેની પીઠ પાછલથી એક ઝેરી જંબ્યો ફેંકી, ઝરીરને કાતીલ જખમ કીધો. આ જંબ્યાએ કમનસીબે ઝરીરના બખ્તરને ચીરી, તેના બળવંત બદનને વિંધી નાંખ્યું, અને તેજ વખતે ઝરીર પોતાના ઘોડા ઉપરથી જમીન ઉપર પડી મરણ પામ્યો.

હિચકારા બિદ્રફશે તુરતજ ઘોડા ઉપરથી નિચે ઉતરી, ઝરીરના શરીર ઉપરથી તેના હથીઆરો, તેનુ બખ્તર, અને તેનુ તાજ કાહડી લીધાં, અને તેનો ઘોડા પકડી લેઇ તુરત તે અરજાસ્પ આગલ દોડયો, અને ઝરીરને બેજાન કરવાની ખબર તે હિચકારાએ પોતાના પાદશાહ અરજાસ્પ આગલ જાહેર કરી, ઝરીરનુ બખ્તર, તેનુ તાજ, અને હથીઆરો સાથ તેનો નામિચો ઘોડો દેખાડી તેની ખાતરી કીધી. આ ખુશીની ખબર સાંભલી અરજાસ્પે બિદ્રફશને પોતાની પાસે બુલાવી તેને મોહટું માન આપી, તેની જાબજા વખાણ કીધી. ઝરીરના મોતની ખબર તુરાંની લશ્કરમાં ફેલાતાં ખુશાલીના પુકારો થઇ રહ્યા.

## ઝરીરના મરણથી ગુસ્તાસ્પનો વિલાપ.

આ ગજબભરી ખબર શાહા ગુસ્તાસ્પને કહેવા એક એહલેકાર દોડયો, અને તે બુરી ખબર સાંભલતાજ ગુસ્તાસ્પના ગંમનો પાર રહયો નહી. તે વિલાપ કરી કહેવા લાગ્યો કે:—“ આ સઘળી આગાહી વજીર જામાસ્પે મને જણાવી

હતી, અને તે અંતે ખરી પડી છે. આ માહેતમભરી ખબર હું પાદશાહ લોહરાસ્પને કેમ પહોંચાડું? તેની બુજોરગીમા આ બુરી ખબર તે કેમ સાંખી શકશે? સરદારો, સિતાબીથી મારો ઘોડો લાવો, અને રેકાબ નાખી તૈયાર કરો. ઝરીરનો કિનો લેવા હું પોતે જંગના મયેદાનમા હવે જવા ચાહું છું."

## ઝરીરનો કીનો લેવા માટે ગુસ્તાસ્પે ઇનામ જાહેર કરવું.

પણ વઝીર જામાસ્પે ગુસ્તાસ્પને જંગ મયદાંનમાં જતાં અટકાવી અનેક શીખામણો કહી તેને મનાવ્યો. ગુસ્તાસ્પે જામાસ્પના સખુનોમાં ડાહપણ સમાયલું જોઇ, તેણે પોતાનો વિચાર. ફેરવી કહ્યું કેઃ—

"મારા દલેર પેહલવાનો, તમારામાં એવો કોણ નર છે, કે જે પેહલવાંન ઝરીરનો કીનો તુરકીઓ ઉપર લેઇ, તેની લાસ, તેનો ઘોડો અને તેનુ જીન મયેદાંનમાથી પાછું લેઇ આવે? પરવરદેગારના પાક નામથી હું જાહેર કરૂ છું, કે જે કોઈ એ કીનાનું કાંમ બજાવશે, તેને હું શાહી ઇનામથી નવાજી, મારી દીકરી હોમાયને નેકામા આપશ."

પણ આ બિકટ સવાલ કોઇબી ઇરાંની પેહલવાંને ઉઠાવી લીધો નહી. જ્યારે પાદશાહે એવો મામલો જોયો, ત્યારે તે ઘણોજ

નિરાસ થઇ ગયો. ફરીથી તે પોતાની આસ્પાસ સજ્જ થયલાં લશ્કર તરફ જોઈ, બાગે બુલંદ અવાજે ભાશણ કરવા લાગ્યો કેઃ—

"અમીરો, પેહલવાંનો, અને સિપાહસાલારો, સાંભલો. ઇરાંન સર જમીનને બચાવનાર સ્થંભો, તમો મારા તંન બદંનના જીવ સમાન છો. આ સમો ઇરાંનીઓ માટે ઘણોજ બારીક થઈ પડયો છે. તમો નાહિંમત થાશો ના. યકીન રાખજો કે આપણી સરજતમાં નાહાસવાનું છેજ નહી. હું જાહેર કરૂં છું, તે સાંભલો. પાક જરથોંશ્તી દિનના, મારા દીકરા અસ્ફંન્દીયારના, અને મારા વાહલા ભાઇ ઝરીરના પાક રૂહના કસંમ લેઇ હું જાહેર કરૂં છું, કે જો આપણુ આ જંગ ફતેહ કરશું, તો તેજ વખત મારૂ તાજ અને તખ્ત હું મારા બેટા અસ્ફંન્દીયારને સ્વાધીન કરશ, અને મારૂં તમામ લશ્કર હું પેશોતનને હવાલે કરશ."

## અસ્ફંન્દાયારનું ગુસ્તાસ્પ આગલ આવી પુગવું.

આવી રીતનો ગુસ્તાસ્પનો બુલંદ અવાજ, શાહજાદા અસ્ફંન્દીયારને કાંને દુરથી પડયો. તુરતજ અસ્ફંન્દીયાર હથી-આરબંધ થઈ પોતાના બાપની તરફ દોડયો, અને ઝરીરના કીનામા તે પોતે બાહાર પડવા તૈયાર થયો છે, એમ તેણે જાહેર કીધું. પોતાના લશ્કર તરફ નજર ફેરવી, ચોતરફ જોઇ અસ્ફંન્દીયારે બાગે બુલંદ અવાજે તેમણે કહ્યું કેઃ—

"સૂણો તમ દલીરો, સૂણો નામદાર,
સૂણો પેહેલવાંનો, સૂણો શહેરીયાર.
સૂણો તમ સવારો, પીરો-જવાં,
બદલે છે રંગ આ જૂનું આસ્માં.

વખત આયો બારીક છે સર્ ઉપર,
ધરી હાંમ લડવા કસો સહુ કંમર.
ડરી મોતથી ના જતા સુર વીર,
કદી છોડતા ના જીગરમાંથી ધીર.

મૂકે નહિ કજા કમબખત એક્ ઘડી,
ધરે નહિ દયા દિલ સખત એક્ ઘડી.
નથી કોઇ મરતું કમોતે સદા,
મરવું તો બહેતર્ કરી ફર્જ઼ અદા.

ખબરદાર રેહેજો જરથોશ્તીયાંન,
ખબરદાર રેહેજો કુલ [1]મરજ઼બાંન,
ખબરદાર રેહેજો, તંમ [2]ગસ્તીબાંન,
મરવું તો દેજો લડી જંગે જાંન.

લડો દિન થકી પાક [3]શંમ્શીરઝંન,
છે તમ આધારે કુલ અન્જુમન.

---

૧ મર્ઝબાન યાને જાગીરદાર પેહલવાંનો. ૨ ગસ્તીબાંન યાને ચોકીદાર પેહલવાંનો. ૩ શંમ્શીરઝન યાને તલવારના મારનારાઓ.

ન કરતા મૂવેલાં તરફ તમ નજર,
ન ધરતા દયા દિલે જખમી ઉપર.
ખબરદાર જંગથી જતા ના હટી,
સૂખંન્ યાદ કરજો કહું છું ખઠી.
અગર મૂજ હુકમ્ પર કરશો અમલ,
થશે જંગ ઈરાંનીઓનું સફલ.

## અસ્ફન્દીયારનું જંગના મેદાનમે ઝીપલાવવું.

## નશ્તુર અને અસ્ફંન્દીયારની દલેરી.

પોતાના તમામ લશ્કરને આવી રીતના હિંમતના સખુનો કહી, પોતે મ્યાંનમાંથી શમ્શીર ખેંચી રૂઇન્તન અસ્ફન્દીયાર તુરાંનીઓના લશ્કર અંદર ધસી ગયો, અને જે કોઇ તેને સામે મળતું, તેને તે બેધડક તલવારથી કતલ કરતો ગયો. તુરાંની લશ્કરના એક ભાગમાં જ્યારે અસ્ફંન્દીયાર આવી કતલ ચલાવતો હતો, ત્યારે ઝરીરનો દીકરો નશ્તુર, પોતાના બાપના કીનામા તુરાંની લશ્કરના બીજા ભાગમાં કાતીલ ખુનરેજી ચલાવી, પોતાના પીતાની લાસની શોધ જંગના મેદાંનમા કરતો હતો, અને જે કોઇ તેની રાહમા વચે આવતું, તેને તે બેજાંન કરતો હતો.

## નશ્તુરે પોતાના બાપ ઝરીરની લાસને શોધી કાહાડવી.

અંતે જંગના મયેદાંનમા નશ્તુરે પોતાના બાપની લાસને ધુલમાં પડેલી જોઇ. તુરતજ તે ઘોડા ઉપરથી ઉતરી પડયો, અને

પોતાના બાપની લાસને પીછાંની તે ઉપર તે માહેતમ કરવા લાગ્યો. નસ્તુર તે લાસને ઉઠાવી ઈરાંની છાવણીમા લઇ ગયો, અને પેહલવાંનોને તે લાસ સ્વાધીન કરી, પોતે જંગના મયેદાંનમા પાછો તુરાંનીઓની ઉપર શમ્શીર ખેંચીને દોડયો.

## બિદ્રફ્શ અને નસ્તુર વચ્ચે જંગ.

બીજા હાથં ઉપર હિંમતકારો બિદ્રફશ, બરીરના તન પરનુ બખ્તર અને ફોલાદ પેહડી, બરીરનાજ ઘોડા ઉપર સવાર થઈ ઈરાંની લશ્કરમા તે બેધડક ખુવારી ચલાવતો હતો. તેની સાંમે થવા માટે જરથોશ્તી લશ્કરમા હવે એવા કોઇ જોરેમંન્દ પેહલવાંન રહ્યા નહિ હતા, કે તેઓ બિદ્રફશની સાંમે જઇ તેને હરાવી શકે. બિદ્રફશની આવી લડતથી જરથોશ્તી લશ્કરમા ગભરાટ ફેલાઇ રહ્યો. મયેદાંનમા જરથોશ્તી લશ્કર વિખરાઇ જવા લાગ્યું. નજદીક હતું કે જરથોશ્તીઓની હાર થાય. પણ તેવામાં એકાએક દિલાવર નસ્તુર તેની સાંમે થઈ ગયો. નસ્તુર તેની તલાશમાજ હતો. એક બીજાની સાંમે થતા બંને જંગીઓ વચ્ચે ખુંખાર જંગ ચાલુ થયું, અને બંને જન એક બીજા ઉપર જીવ લેણ હુમલો કરવા લાગ્યા.

## બિદ્રફશના જંગની અર્જંદીન્યારને ખબર પડવી.

બિદ્રફસ અને નસ્તુરના આ ખુંખાર જંગની ખબર મયેદાંનમા લડતા અર્જ્જંન્દીયારને કાંને ગઇ. તે ખબર મળતાંજ

અસ્ફંન્દીયાર બિદ્રફશ ઉપર પોતાના કાકા ઝરીરનો કીનો લેવા એકદમ દોડયો.

અસ્ફન્દીયારને પોતાની તરફ આવતો જોતાંજ, બિદ્રફશે તેની ઉપર પોતાનું ઝેરી ખંજર દુરથી નેમ ટાંકી જોરમા ફેંકયું, પણ સારે નસીબે તેની નેમ અસ્ફન્દીયારે ચુકાવી નાખી, અને તેજ વખ્ત પોતાની તલવાર મિયાંનમાથી ખેંચી તે બિદ્રફશ તરફ ધસ્યો.

રૂઇન્તંન અસ્ફન્દીયારને પોતાની મદદે આવે કટોકટ વખતે આવી પુગેલો જોઇ, જરથોશ્તીઓ પાછા ઉલટમા આવી બેવડી હિંમતે તુરાંનીઓ સાંમે લડવા લાગ્યા. અસ્ફન્દીયારે પોતાના કાકા ઝરીરના કીનામા તુરાંની લશકરમા ખુંખાર કતલ એખલે હાથે ચલાવી, અને બિદ્રફશની રાહા રોકી તેના ઉપર પુકાર મારી બોલ્યો કેઃ—

"ઉભો રેહ એ બદકાર દેવ; મારા કાકા ઝરીરના કીનામા હું તારો જીવ લેવા આવી પુગ્યો છું."

અસ્ફન્દીયારનુ કદ જોઇ, તથા તેનો પુકાર સાંભલી, બિદ્રફશ ધ્રુંજ્યો. તુરતજ બંને જન વચે એક જબરૂ જંગ શરૂ થયું.

અંતે અસ્ફંન્દીયારે પોતાની તલવારથી બિદ્રફશને એક એવો તો કારી જખમ કીધો, કે એકજ જરબમા તેની તલવાર બિદ્રફશની છાતીને વિંધી તેની આરપાર નિકલી ગઇ, અને તેજ વખતે બિદ્રફશ પોતાના ઘોડા ઉપરથી પેચ ખાઇ જમીન પર ઉંધો પડી મરણ પામ્યો.

## ઝરીરના ઘોડા અને બખ્તરનું પાછું મળવું.

તુરતજ અસ્ફંન્દીયારે પોતાના ઘોડા પરથી નિચે ઉતરી બિદ્રફ્શના શરીર ઉપરથી ઝરીરનુ બખ્તર અને તેની કોલાહુ કાહુાડી લીધાં, અને તે સઘળાંને તેના ¹ઘોડાની સાથે ઇરાંની છાવણીમા પોતાના પેહુલવાંનો સાથ રવાના કીધા, અને બિદ્રફ્શના તંન ઉપરથી તેનું સર કાપી, તેને પોતાના ભાલાની નોક ઉપર ઉઠાવી પોતે શાહુ ગુસ્તાસ્પની દરબાર તરફ નિકલી ગયો. ઇરાંની લશકરે શાહુજાદા અસ્ફંન્દીયારને આંવી ફતેહુમંદ રીતે આવતો જોઈ, તેને ખુશાલીના પુકારે વધાવી લીધો.

અસ્ફંન્દીયારે પોતાના કાકા ઝરીરની સઘળી મતા, તેમજ તેનો ઘોડો પાદશાહુ ગુસ્તાસ્પ આગલ રજુ કીધો, અને ઝરીરના હુરીફનું માથું તેની આગલ મુકયું.

---

૧. ઝરીરનો ઘોડો ઘણોજ નાદર ઓલાદનો હતો, એમ અવસ્તા ઉપરથી માલમ પડે છે. આવાં યશ્તના ૧૧૨ મા ફકરામા, ઝરીરને "અસ્પાઓઘ" યાને ઘોડા ઉપર લડનાર તરીકે ઓળખાવ્યો છે, તેનું કારણ એજ, કે તેનો ઘોડો ઘણોજ નામિચી તોખમનો હતો. કહે છે કે તે ઘોડો "અશો શિયાવક્ષ" ના ઘોડાની તોખમથી ઉતરેલો હતો. ઝરીરનો ઘોડો "સમન્દ" ને નામે જણાયલો હતો, અને તે બિદ્રફ્શ જેવા એક તુરાંનીના હાથમાં ગયલો હોવાથી, તે પાછો મેળવવા માટે પાદશાહ ગુસ્તાસ્પ ખાસ ઇન્તેજાર હતો. રચનાર.

## જંગના મયેદાંનમા તુરાંનીઓની ધરપકડ, અને તેમની હાર.

અસ્ફંન્દીયારે હવે પોતાનું લશ્કર ત્રણ ભાગમા વહેંચી નાખી, તુરાંનીઓ ઉપર હુમલો કરવાની તેણે ગોઠવણ કીધી. લશ્કરનો એક ભાગ તેણે નશ્તુરને સ્વાધીન કીધો. બીજો ભાગ તેણે પોતાના ભાઇને સોંપ્યો, અને ત્રીજો ભાગ તેણે પોતાને હસ્તક રાખી, ઇરાંનીઓએ તુરાંની લશ્કર ઉપર ભેગો ધસારો કરવાની મસલત ચલાવી.

બિદ્રફ્શના મરણથી તુરાંનીઓનું જોર તુટી ગયું હતું. તેઓની નિરાસીનો પાર હતો નહી. તુરાંની લશ્કર નાસિપાસ થઇ નાહસ ભાગમા પડયું. જરથોશ્તી દિનવાલાઓ પાણીના રેલા મિસાલ તુરાંનીઓ ઉપર ધસી ગયા. આવો મામલો જોઈ અરજાસ્પ પાદશાહ વિચારમાં પડયો હતો, તેવામાં શાહજાદો અસ્ફંન્દીયાર જરથોશ્તી દિનનુ પાક નામ જબાંન ઉપર ધરી, તુરાંની લશ્કર ઉપર ભુખ્યા વાઘ મિસાલ તુટી પડી, તેઓ ઉપર ખુનરેજી ચલાવવા લાગ્યો.

એવાંમા એકાએક એક જંગી પુકાર મયેદાંનમાથી અસ્ફન્દીઆરે કીધો કેઃ—

“અરજાસ્પ કયાં છે? જરથોશ્તી દિનનો દુશમંન કયાં છે? તેને પકડો! તેને મારો! ખબરદાર, મારા સિપાહો સાવધ રેહજો!”

પુકાર કરતો અસ્ફંન્દીયાર અરજાસ્પની શોધમા ચોતરફ ધસ્યો. આ સમો તે તુરકી પાદશાહ માટે ઘણોજ બારીક થઇ પડયો હતો. તુરાંનીઓ નાહસ ભાગમાં પડયા. જેઓ નાહસતા હતા, તેઓ ઉપર નશ્તુરનુ લશ્કર તુટી પડી કતલ ચલાવતું હતું. અંતે અરજાસ્પના તંબુ નજદીક અસ્ફંન્દીયાર જઇ લાગ્યો. પણ અસ્ફંન્દીયાર તેને પકડે, તે આગમચ તે લડાઇના મયેદાંનમાંથી છુપાછુપ નાહસી ગયો. [1]અરજાસ્પને નામની તુરતજ બુમ પડી. ઇરાંનીઓએ તેનો તંબુ જપત કીધો, અનેતપાસ કરતાં માલમ પડયું, કે તે પોતાનો તમામ સાજ અને મતા મુકી, જંગના મયેદાંનમાથી પોતાનો જીવ બચાવવા નાહસી ગયો હતો.

તુરાંનીઓને એ ખબર પડતાંજ તેઓ સઘળા પોત્તાના ઘોડા ઉપરથી તુરતજ ઉતરી પડ્યા, અને પોતાના બખ્તર તન ઉપરથી કાહાડી નાખી, હથીયારોને જમીન ઉપર મુકી દઇ, અસ્ફંન્દીયારને શરણ થયા. તેઓ બોલ્યા કેઃ— "જો તું હમારા જીવને સલામતી બક્ષે, તો જરથોશ્તી દિન હમારે કબુલ છે."

---

૧. અરજાસ્પ માટે ફીરદોસી એ પ્રમાણે શાહનામામાં કહે છે, પણ અઘયાદગારે જરીરાંનમા લખ્યા પ્રમાણે, અસ્ફંન્દીયારે એ લડાઇમાં અરજાસ્પને પકડી તેને સજા કરવા માટે, તેનો એક હાથ, એક પગ અને એક કાંન કાપી, તેની એક આંખ ફોડી નાખી હતી, અને ત્યાર બાદ તેને એક પુછડી કાપેલા ગધેડા ઉપર બેસાડી, તુરાંન જવાની રાહા ઉપર તેને છોડી દીધો હતો. રચનાર.

## ત્રીસ હજાર જરથોશતીઓ, અને એક લાખ તુરાંનીઓની ખુવારી. તુરાંનીઓ જરથોશતી દિન કબુલ કરે છે.

કહે છે, કે એ જીહાદના જંગમા ત્રીસ હજાર જરથોશતીઓ, અને એક લાખ તુરાંનીઓ મારયા ગયા હતા. એ રીતે જામાસ્પે વરતેલાં ભવિશ પ્રમાણે, સેવટે જરથોશતી દિનવાલાઓની ફતેહ થઈ.

શાહજાદા અસ્ફંન્દીયારે પોતાની ફતેહ થતાંજ, પોતાને શરણે આવેલા હજારો તુરાંનીઓને જરથોશતી દિન કબુલ કરવા લડાઈના મયેદાંનમા બાપુકાર જાહેર કીધું.

તુરાંનીઓએ જરથોશતી દિન કબુલ કીધી. અરજાસ્પ આ પવિત્ર લડાઈમાં હાર ખાઈ જંગના મયેદાંનમાંથી નહાસી ગયો. ઇરાંની લશકર ફતેહ મેળવી બલખ શહેરમાં પાછું ફરયું, અને એ ફતેહમંદીની યાદગારીમા શાહ ગુસ્તાસ્પે બલખ શેહર મધે એક

## બુલંદ નવું આતશબેહેરાંમ

બંધાવ્યું, અને આખાં બલખ શેહેરે એ ફતેહની શોકર ગુજારી માટે એક જાહેર જશન કરી, ખુશી ખુરમીમાં એક આખો માસ ગુજારયો. (૧૭)

જરથોશતી દિનને ફાએશ કરવા માટે થયેલી આ પેહલી લડાઇ હતી. એ લડાઈ ફત્તેહ કરી ઈરાંનીઓ બલખ તરફ પાછા

ફરયા. ગુસ્તાસ્પે પોતાના દીકરા અસ્ફંન્દીયારને તાજ આપી પોતાના તખ્તના વારેસ તરીકે તેને જાહેર કીધો, અને કહ્યું કેઃ—

"હજી તખ્ત મેળવવાનો તારો વખત આવ્યો નથી, માટે જરથોસ્તી દિનનો ફેલાવો કરવા લશકર લઇ તુએ હિન્દુસ્થાંન તરફ જવું ઘટે છે."

પોતાના બાપનુ શાહી ફરમાન માથે ચહડાવી શાહજાદો અસ્ફન્દીયાર, હિન્દુસ્થાંન તરફ લશકર લેઇ જરથોશ્તી દિન ફેલાવવા માટે ગયો, અને ત્યાંથી દિનને ફાએશ કરી તે પાછો ફરયો, અને ઝંન્દ અવસ્તાની નકલો તેણે હિન્દુસ્થાંન તરફ રવાના કીધી.

## ગરજમે કરેલી અસ્ફંન્દીયારની બદગોઇ.

જ્યારે શાહજાદો અસ્ફંન્દીયાર જરથોશ્તી દિનનો ફેલાવો કરી, પોતાના બાપ ગુસ્તાસ્પની સેવામાં પાછો હાજર થયો, ત્યારે ગુસ્તાસ્પે તેની બહાધુરી અને તાબેદારીના જાબજા વખાણ કીધા. પણ ગરજમ નામનો એક ગુસ્તાસ્પનો માનીતો રફીક (ખેશી) અસ્ફંન્દીયાર તરફ કાંઇક અદેખાઇ અને વેરની નજરે જોતો હતો. તેણે ગુસ્તાસ્પને અસ્ફંન્દીયાર માટે એવો ફરેબ આપ્યો કેઃ—"તારો બેટો પોતાના જોર ઉપર મુસ્તાક થયો છે, અને તે હવે તારૂ તખ્ત લેવાની તજવિજ કરવા પડયો છે. જે વખત જાય છે તેમાં અસ્ફંન્દીયાર તારી સાંમે એક મોહટું લશકર સાથ ચહડાઇ કરનાર છે, અને તે તારૂં તખ્ત

છિનવી લેવાની ગોઠવણ કરી રેહ્યો છે. અસ્ફંન્દીયારનો કોઈ હરીફ દુન્યાંમા નથી. જો તે તારૂ તખ્ત છિનવી લેશે, તો તુને તે બંદીવાંન કરશે, અને દુનિયાને તે તાબે કરશે."

## ગુસ્તાસ્પનો ગુસ્સો.

બુરી મનશાનીના ગરજમના આવા ફરેબથી ગુસ્તાસ્પ ભંભેરાઇ ગયો. ગરજમનું બોલેલું તેણે ખરૂં માંન્યું. ગુસ્તાસ્પે પોતાની જવાંનીમા, પોતાના બાપ પાદશાહ લોહોરાસ્પ પાસે તેનું તખ્ત મેળવવા માટે જે ચાલ તેણે પોતે ચલાવી હતી, તેવીજ ચાલ હવે તેનો દીકરો તેની સાથ ચલાવશે, એવી ફિકરમા તે પડયો. તુરત તેણે વજીર જામાસ્પ પાસે અસ્ફંન્દીયારને બોલાવી મંગાવ્યો. અસ્ફંન્દીયાર જામાસ્પની સાથે દરબારમા આવી પોતાના પેદરની ખિદમતમા નમન કરી ઉભો.

પોતાની દરબારમા અસ્ફન્દીયારને આવેલો જોઇ ગુસ્તાસ્પના ગુસ્સાનો પાર રેહ્યો નહિ, કેમકે પોતાના [illegible]નીતા ખેશી ગરજમના ભમાવ્યાથી ગુસ્તાસ્પ ઉશ્કેરાઇ ગયો હતો. અસ્ફન્દીયારને જોતાંજ પાદશાહ ગુસ્તાસ્પ પોતાની દરબારમા બિરાજેલા દાનાવો, દસ્તુરો અને મુબેદો તરફ જોઈ, નિચે પ્રમાણે ભાશણ કરવાં લાગ્યો:—

"સમજો દૂર દેશ દસ્તુરો તમ,
સમજો રફીકો અજીજ હમદમ.

કરી ખ્યાલ દેજો સીદ્ધો જવાબ,
સિવા રાસ્ત કરશો ન બીજો હિસાબ.

ધારો કે છે એક શાહી પેદર,
વેઠીને સખ્તી પાળે પેસર,

રાખી ઈફાજતમા રાતો દંન,
કરે તેને મોટો કરી ખૂબ્ જતંન.

કેળવીને તેને કરે પેહલવાંન,
લડાયક વિર સમ્ કરે કળવાંન.

બની જંગી જ્યારે બને તે દલીર,
દીએ તેને ઈજ્જત જવાંનો 'ને પીર.

જંગે 'ને રંગે બને આશકાર,
બને અંન્જુમન્ તે ઉપર બલહાર.

બને જ્યારે મોટો તે જંગી દલેર,
પેદર સાંમે રાખે કપટ 'ને વેર.

કરી જેર ખલકત થયો સરફરાજ,
ગણે ખુદને લાયક તખ્તો તાજ.

કિધો તેને પુર્ સાહેબે સલ્તનત,
જાહેર કિધો વારસે તાજો તખ્ત.

આખર પેદરથી થઇ બેવફા,
ચાહ્યું ગૂજારે પેદર્ પર્ જફા.

શરૂ થાયો એક રોજ મસ્તીનો દંન,
પેદરના જીવંનનો થયો દુશમન.

બની મસ્ત ધૂરંધર ગૂન્દાગરી,
ચાહી પેદરની ઉપર અફસરી.

અશમમાં ધરી નહિ જરાબી શરંમ,
ચાહ્યું પેદર્ સર્ કરવા કલંમ.

મલી સંગ લશ્કર કિધી તદબીર,
તલપ્યો પીદરને કરવા અસીર.

બુલંદ બખ્ત પેદર હતો નામદાર,
એકાએક જાહેર થયો ઇસરાર.

કહો મુબેદો તમ, કહો દસ્તુરાંન,
કદી એવું સૂણીયું હતું દાસ્તાંન.

કહો હોય તમને જો એવો પેસર,
કરો શું સજા તેને કહો તમ્ પેદર?

## દસ્તુરોનો ગુસ્તાસ્પ પાદશાહની દલીલનો જવાબ.

પાદશાહ ગુસ્તાસ્પને મોહોડેથો ઉપલી હકિકત સાંભલી તમાંમ દરબાર ચકિત બની વિચારમા પડી, કે પાદશાહે કરેલો આ માર્મિક ઇશારો કોણુને માટે હશે. પુખ્ત વિચાર કરી અંતે દરબાર માહેલા દાનાવ દસ્તુરો અને અકલમંદ મોબેદોએ જવાબ દીધો કેઃ—"પાદશાહ, કોઇબી દીકરો બાપ જીવતો

હોવા છતાં તેનું તાજ અને તખ્ત મેળવવા એવું ફિતુર કરે, એમ તો હમોએ આગલ કદીબી સાંભલ્યું નથી. એક દીકરો તખ્તને ખાતર પોતાના બાપનો જીવ લેવા ચાહે, એના જેવું જબુન કાંમ હમે કદી જાણ્યું નથી."

## ગુસ્તાસ્પનો ચુકાદો.

પોતાની દરબારના દાનેશમંદ દસ્તુરોનો આવી રીતનો જવાબ સાંભળી, પાદશાહ ગુસ્તાસ્પે પોતાના દરબારીઓ તરફ નજર કરી બાગે બુલંદ અવાજે કહ્યું કે:—

"મારા દાનેશમંદ દરબારીઓ, મોબેદો, અને પેહલવાંનો, ત્યારે તમે સાંભલો, કે તેવો દીકરો તે મારો અસ્ફંન્દીયાર છે, કે જે મારૂં તાજ અને તખ્ત લેવા મારી સામે એવું ફિતુર અને બંદ મચાવંવાની તૈયારી કરી રહયો છે. એના આવાં ફિતુરને માટે હું એને બંદીખાનાની સજા કરૂં છું."

## શાહજાદા અસ્ફંન્દીયારનો બચાવ.

આ બોહતાંન માટે દલેર અસ્ફંન્દીયારે ઘણી દલીલ પોતાના બાપ આગલ રજુ કરી પોતાનું નિરદોશપણું જાહેર કીધું, પણ શાહા ગુસ્તાસ્પે તેનું જરાબી સાંભલ્યું નહી.

પાદશાહે તુરત દરબારમાં લુહાડોને બોલાવી મંગાવ્યા, અને અસ્ફંન્દીયારના હાથોમાં, પગોમાં, અને ગળાંમાં લોખંડની ભારી જંજીર નાખવાનો તેણે લુહાડોને તાકિદનો હુકમ કીધો. પાદશાહના

હુકમને માન આપી, દરબારમાજ લુહાડોએ લોખંડના જાડા સળિયાઓને આતશ ઉપર તપાવી તેની એવી તો ભારી વજનદાર જંજીર બનાવી, કે પેહલવાંનો વટીક તે જંજીરોનો ભાર ઉઠાવી કે તોડી શકયા નહિ. જ્યારે તે ભારી જંજીર લુહાડો તઇયાર કરી રેહ્યા, ત્યારે શાહાના હુકમથી સવારો અને પેહલવાંનોએ અસ્ફંન્દીયારના હાથ, પગ અને ગરદનની આસપાસ તે વિટાળી તેને જકડી લીધો.

## અસ્ફંન્દીયારનુ ગુમદાંનના કિલ્લામા કેદ પડવું.

આવી ભારી વજનની સાંકળથી અસ્ફન્દીયારને જકડી લીધા બાદ, તેની ગરદનની આસપાસ વધારે ભારી જંજીરોનો ઝુમખો વિટાળવાનો ગુસ્તાસ્પે હુકમ કીધો, કે બંદીખાંનામાથી તે નાહસી શકે નહિ.

જંજીરથી જકડવાનુ કાંમ પુરૂં થતાજ, તે રૂઇન્તન શાહજાદાના માથા ઉપરથી તેનુ તાજ છિનવી લેવાડી તેને તાજ અને સાજ વિનાનો બનાવી, તેના સર ઉપર ધુલ નખાવી, અને એક જોરાવર હાથીને દરબારમાં મંગાવ્યો, અને તેની ઉપર તેને બેસાડી ગુમદાંનના પાહાડી કિલ્લામાં તેને કેદ કરવા માટે એકદમ મોકલાવી દીધો. અસ્ફંન્દીયાર પોતાની સરજતને આધીન થયો, અને દુનિયાની બેવફા ચલન માટે તે પાહડી બંદીખાનામા અફસોસ કરતો પડયો.

દિન ખાતર ઉઠાવેલી લડાઇમાં તારાજ થતાં ઈરાંનને બચાવવાના બદલા તરીકે, આવી રીતની સજા અસ્ફંન્દીયાર ભોગવવા લાગ્યો, તેથી તે જગતની વફાદારી ઉપર શકમંદ થઇ, રાતો દંન બળાપો કરતો હતો. (૧૮)

## ગુસ્તાસ્પનું જરથોશતી દિન ફેલાવવા સિસ્તાંન જવું.

અસ્ફંન્દીયારને કેદ કીધાથી ગુસ્તાસ્પનું ઉકળેલું લોહી શાંત પડયું. ઝંન્દ અવસ્તાનો ફેલાવો કરવાનું કાંમ હવે શાહા ગુસ્તાસ્પે પોતે માથે ઉઠાવ્યું. ગુસ્તાસ્પે વજીર જામાસ્પને રાજની લગાંમ સોંપી, અને પોતે [1]સિસ્તાંન તરફ ઝાલ અને રૂસ્તમને

---

૧ એક સવાલ જે અતરે સહેલથી ઉભો થઇ શકે છે, તે એ, કે અરજાસ્પ સામે ઇરાંને આવી ભયંકાર લડાઇ ચલાવી, ત્યારે તેવી લડાઇમાં જેહાં પેહલવાંન રૂસ્તમ અને તેના બાપ ઝાલે ઇરાંનીઓને કાંઇબી મદદ નહી આપવાનું શું કારણ? શાહનામા પ્રમાણે એવું માલમ પડે છે, કે પાદશાહ કૈખુશરૂએ જ્યારે ઇરાંનની ગાદી લોહરાસ્પને આપી, ત્યારે રૂસ્તમ અને ઝાલ તે સામે વિરૂધ વિચાર ધરાવતા હતા, છતાં જ્યારે લોહરાસ્પ ઇરાંનની ગાદીએ બેઠો, ત્યારે જાબુલી પેહલવાંનો અને ઇરાંનના પાદશાહ વચે મોહટો મિનાકેસો અને મતફેરી બરપા થયાં હતાં. આ સબબને લીધે રૂસ્તમે ઇરાંન સાથનો પોતાનો તમામ સંબંધ છોડી દીધેલો હોવાથી, અરજાસ્પવાલી લડાઇમા તેણે ઇરાંની-ઓને કાંઇબી મદદ આપી નહી હતી. રચનાર.

મળવા ગયો. ત્યાં પાદશાહ ગુસ્તાસ્પે ઝાલ અને રૂસ્તમને પવિત્ર ઝંન્દ અવસ્તાના કલાંમો સંભલાવી, તેઓને જરથોશ્તી દિન કબુલાવી હતી. હિયાં પાદશાહ ગુસ્તાસ્પ રૂસ્તમના મેહમાન તરીકે બે વરસ સુધી આરાંમમાં રહ્યો હતો.

## અસ્ફંન્દીયારના કેદ પડવા વિશે તુરાંનમાં ખબર પડવી.

અસ્ફંન્દીયારને તેના બાપે કેદ કીધો છે, અને પાદશાહ ગુસ્તાસ્પ જેહ્વાં પેહલવાંન રૂસ્તંમના વતન સિસ્તાંન મધે આરાંમમાં દિવસો ગુજારવા ગયો છે, અને રાજધાંની શહેર વજીર જામાસ્પને હસ્તક છે, એવી ખબરો જ્યારે તુરાંનના પાદશાહ અરજાસ્પને કાંને ગઇ, ત્યારે તેણે જાસુસો મારફતે ખરી ખબર મંગાવી, તે વિશે પોતાની ખાંતરી કીધી. જાસુસોથી ખબર મળી કે “બલખમાં સઘળું શાંત છે, અને અસ્ફંન્દીયારના બેટા બહુમને, પોતાના બાપને કેદ કીધાથી, બેદીલ બની લશ્કરનો ઓધો મુકી દીધો છે, તથા શાહા ગુસ્તાસ્પ સિસ્તાંન જઇ પડયો છે, અને શેહરનો નિગેહબાંન કોઇ નથી.”

## ઇરાંન ઉપર તુરાંનીઓએ કરેલી બીજી ચહડાઇ.

જાસુસો તરફથી આવી ખબર મળતાંજ અરજાસ્પે ઇરાંન

ઉપર એક બીજી ચહડાઇ લેઈ જવા માટે એક મોહટું લશકર પાછું એકઠું કરવાનો હુકમ કીધો.

"ફરી આવે એવો વખત્ નહિ હાથ,
કરૂં કુલ જરથોશતીઓને મહાત.

હૂકમ કીધો લશકરને આયો છે લાગ,
કીનાની દિલ માંહે સલગાવો આગ.

કરો જગથી નાબૂદ જરથોશતી દિન,
કરો બંન્દ અવસ્તા ચિરી ફિન ફિન.

કરો તમં જરથોશતી આતશ્ સરદ,
ઉઠાવો કિનાની ખલક્ પર ગરદ.

પડો જંગી જંગે, જવાંનો 'ને પીર,
ધરો તંન બખ્તર, શંમ્શીરો તીર.

કરો એકદંમ્ જઈ જરાથુશત્ કતલ,
હુકમ્ મારો એ છે, સૌથી અવલ.

નથી જગમે યઝદાંપરસ્તીનું કાંમ,
મને છે જરાથુશ્તની દિન્ હરાંમ.

નથી જોઇતો તુરાંનને એ ધરમ,
હમારા ધરમને કરે તે બરહંમ."

## બીજી લડાઇને વખ્ત તુરાંનીઓએ પોતાના લશ્કરની કરેલી ગોઠવણ અને કુચ.

**નામખ્વાસ્ત :**

૧૦૦૦૦ લશ્કર સાથે.

**ગુર્ગસાર :**

૧૦૦૦૦ લશ્કર સાથે.

**અરજાસ્પ :**

ચુનંદા સવારો સાથે.

**અનામત ફોજ.**

૧૦૦૦૦૦ લશ્કરની

**તુરાંની સિપાહસાલાર.**

હરોલનાં
લશ્કર સાથ.

## જરથોરસ્તી દિન માટે બીજી લડાઇ. જરથોશ્તીઓની ખુવારી. અવસ્તાને આગમાં બાળી નાખવી. પવિત્ર મકાંનોનું તારાજ થવું. અશો જરથોશ્તનું મરણ.

આવો લાગ જોઈ અરજાસ્પ પોતાનું ગંજાવર લશ્કર લઇ બલખ શેહર ઉપર એકદમ ચહડી ગયો. તે વખતે શેહરનો બચાવ કરવા કોઇબી પેહલવાંન શેહરમાં હતો નહી. તુરાંનીઓએ એવો મામલો જોઇ બલખમાં કતલ ચલાવી. શેહરમાં ચાલતી લડાઈની ખબર પાદશાહ લોહરાસ્પ, જે એક આતશ બેહરાંમ મધે એકાંતવાસમા પડેલો હતો, તેને કાંને પડતાંજ, તે શેહરના બચાવ ખાતર થોડાંક લશ્કરં સાથ બાહાર પડયો, પણ કિલ્લાની દેવાલ આગલજ તે દુશમંનોને હાથે મારયો ગયો. આ હુમલો અચબુચ અને અચાનક હોવાને લીધે, અને જરથોશ્તીઓ લડાઇ કરવા બિલ્કુલ તઈયાર ન હોવાથી, તેઓ લાચાર થઈ પડયા. તુરાંનીઓ ખુન પર ચહડયા, અને હજારો જરથોશ્તીઓ આ લડાઇમાં કપાઇ ગયા.

નિરદોશોની કતલથી જેહાંન અંધારી થઈ. મેહલો અને કિર્તીવંત અયેવાંનોને તુરાંનીઓએ આગ લગાડી પાયામાલ કીધાં. ઝંન્દ અવસ્તાને તેઓએ આગમાં બાળી નાખ્યા. આતશ કદેહ અને આતશ બેહરાંમોને તેઓએ તારાજ કીધાં,

અને પવિત્ર મકાંનોમાં બંદગી કરતા દસ્તુરો અને હાવરોને કતલ કરી, તેમના લોહીથી જરથોશ્તી [1]આતશને સરદ કીધા.

## ગુસ્તાસ્પની બે બેટીઓને ઉઠાવી જવું.

શેહરમાં જબરી લુટફાટ ચાલી રહી. અરજાસ્પ પાદશાહના ખાસ સિપાહો ગુસ્તાસ્પના શબેસ્તાંન યાને ખાસ મેહલમાં લુટફાટ કરવા ધસી ગયા, અને ત્યાંથી ગુસ્તાસ્પની બે ખુબસુરત બેટીઓ, હોમાય અને બેહઆફ્રીદને કેદ કરી, તુરાંન તરફ તેમને મોકલાવી દીધી.

## હજરત જરથોશ્તની કતલ.

એ પછી પેગમ્બર સાહેબ જરથોશ્તને પકડવાની શોધ ચાલી.

"પેગમ્બરને પકડો! જરથોશ્તને પકડો! જરથોશ્તને મારો! તેને બેજાંન કરો!"

એવા પુકારોથી અને લશ્કરની દોડ ધાંમથી બલખ શેહર ગાજી રહ્યું. તુર બરાતુર નામનો તુરકી, જે પેગમ્બર જરથોશ્તનીજ શોધમાં ફરતો હતો, તે પોતાની સાથના સિપાહો સાથ એક

---

૧ કહે છે, કે પેગમ્બર જરથોશ્ત પાક દિનની સાથે **મેહર બુરજીન** નામનો આતશ અહુરમઝદની દરગાહમાથી પોતાની સાથે લાવ્યા હતા. આ ચમતકારીક આતશ કાંઇ પણ બળતન વગર હંમેશાં રોશન રહેતો હતો. પાદશાહ ગુસ્તાસ્પે બલખ શેહરમાં એ મેહર બુરજીન આતશનો કબલો કીધો હતો. આ પવિત્ર લડાઇમાં જે આતશ તુરાંનીઓએ બુજવ્યા હતા, તે એજ આતશ હોવા જોઇએ, એવું અનુમાન થઈ શકે છે. રચનાર.

આતશ બેહરાંમમાં ધસી ગયો, અને ત્યાં અશો જરથોશ્ત બંદગી કરતા હતા, તેવનને પીઠ પાછલથી તેણે જખમ કીધો. આ જખમ થતાંજ પેગમ્બર સાહેબ પેચ ખાઇ જમીન પર પડી ગુજર પામ્યા. પણ મરવા આગમજ પોતાના હાથમાં પકડેલી તસ્બીહ તેવને તુર બરાતુર ઉપર ફેંકી. કહે છે, કે તે તસ્બીહમાથી તેજ વખતે એક એજમતી રોશનીનો શરારો નિકલ્યો, અને તે શરારાના તેજથી બુરી મનશનોનો તુર બરાતુર, તેજ વખત બેજાંન થઇ ત્યાંજ પડયો. જરથોસ્તી ધરમ અને પેગમ્બર જરથોશ્તના જાંનની, તેમજ ઝંન્દ અવસ્તાની આવી રીતે ખુવારી થઇ. (૧૯).

એ રીતે પેગમ્બર જરથોશ્ત ગુજર પામ્યા. એ રીતે દિનની ખુવારી થઇ. એ રીતે પવિત્ર અવસ્તા પાયમાલ થયા. જેઓએ દિનને ખાતર જીવ આપ્યા, તેઓ દિનના સાચા પરસ્તાર હતા. તેઓ સાચા જરથોશ્તી હતા. તેઓ સાચા ધાર્મિક હતા. જરથોસ્તના મરણ પછી જરથોશ્તી દિન પડી ભાગી નથી, પણ તેને સજીવન કરવા માટે દિનના યોદ્ધાઓ હજી જીવતા હતા, પણ આ ખુંખાર લડાઇમાં તેઓ ગેરહાજર હતા.

આવી રીતે હજરત જરથોશ્તનું મરણ આવ્યું હતું, અને તેના મરણ પછી શું થયું, તે આ કિસ્સાના બીજા ભાગનો આગલો ભાગ હોવાથી, તેને આપણ હવે પછી હાથ ધરીશું.

**સમાપ્ત.**

# જ઼રથુસ્ત્રા.

## રચનાર તરફની બાકી રહી ગયલી સરેહ.

[ હજ઼રત જ઼રથોશ્તની જીંદગી અને જમાનાનો આ અહેવાલ એક કિરતન તરીકે જેમ જાહેરમાં રજુ થયો હતો, તેમ તે પ્રગટ કીધો નથી, પણ જેમ તે રચ્યો હતો, તેંમ તેને પ્રગટ કીધો છે. એનું એકજ કારણ એ હતું, કે જાહેરમાં એ કિરતન રજુ કરવા માટે લગભગ ત્રણ કલાકથી વધુ વખત લાગતો હતો, જેથી ઘણીક બાબદો ઉપર મનપતીજ ખુલાસો થઇ શકતો નહિ હતો. એટલા માટે આ વધારામાં જુદી જુદી બાબદોનો ખુલાસો વાંચકો માટે તફસિલ વાર રજુ કરવામાં આવ્યો છે. રચનાર.]

**જરથોશ્ત નામના જુદા જુદા અર્થ.**

આ મહાંન મહાત્માના મુબારક નામના એક નહિ પણ અનેક અર્થ થતા રહ્યા છે, મગર કયો અર્થ પેગમ્બર સાહેબના નામ સાથ બંધ બેસ્તો થાય છે, તે હજી સુધી નક્કી થઈ શક્યું નથી. જ઼રથોશ્ત નામના અર્થ નિચે પ્રમાણે થતા રહ્યા છે.

૧. **જ઼રથ** એટલે દિલ ગુરદો, અને **ઉશ્ત્ર** એટલે સરસ. તે ઉપરથી 'મોટાં ઉદાર દિલવાળો.'

૨. **જ઼રથ** એટલે લેવું, અને **ઉશ્ત્ર** એટલે 'ઉંટ' તે ઉપરથી ઉંટ પકડનાર યા રાખનાર.'

૩. **જરથ** એટલે પીળું, અને '**ઉશ્ત્ર**' એટલે ઉંટ. તે ઉપરથી 'પીળું ઉંટ રાખનાર.'

૪. **જર** એટલે સુંન્નેરી અને '**થુશ્ત્ર**' એટલે સિતારો. તે ઉપરથી 'સુંન્નેરી સિતારો.'

૫. **જરથ** એટલે બુજરોગ, અને **ઉશ્ત્ર**, એટલે સર્વથી ઉત્તમ. તે ઉપરથી 'સર્વથી ઉતમ બુજરોગ ગુરૂ.'

આ અને એના જેવા બીજા અનેક અર્થ યુરોપિયન વિદવાંનોએ જરથોશ્તના નામના કીધા છે, પણ કાંઇબી નક્કી સેવટ ઉપર હુજી કોઈબી આવ્યું નથી. રજુ કરેલા અર્થોમાંથી એક યા બે અર્થવાલાં નામ, જે એ મહાંન નરની કિરતીને જેબ આપે એવાં આપણને લાગે છે, તે ૪ થું અને ૫ મું નામ છે.

**જરથોશ્તનું ખાંનદાંન.**

જરથોશ્તના મહાંન પરાક્રમે અને તેના ધરમે દુનિયામાં તેને મખ્યાત કીધો છે. એવો નામીચો અને એવો મહાંન નર દુનિયામા બીજો કોઈ થયો નથી.

અવસ્તાવાણીમા **જરથોશ્તને** હંમેશાં 'સ્પિતંમ જરથુશ્ત્ર' ને નામે ઓળખાવ્યો છે. એટલે તે સ્પિતમના ખાંનદાંનમાં જન્મ પામ્યો હતો. જરથોશ્ત પાદશાહી તોખ્મનો હતો. તેની તોખ્મનો સિલસીલો ઇરાંનના પાદશાહ ફરીદુનની ઔલાદને પોહોંચી વળે છે. પેહલવી કિતાબો પ્રમાણે સ્પિતમ, પેગમ્બર **જરથોશ્તનો** દસમી પેહડીનો વડવો હતો, એમ જણાય છે.

## જરથોશ્તનો જન્મ દિવસ.

અવસ્તા ઉપરથી માલમ પડતું નથી, કે પેગમ્બર જરથોશ્તનો જન્મ કયારે અને કીયે દિવસે થયો હતો. જો કે માઝદિયસ્ની દિનના સંબંધમાં અનેક ઈશારાઓ મળતા રહે છે, પણ જરથોશ્તના જન્મ બાબદની કાંઇબી હકિકત અવસ્તા વાણીમાંથી મળતી નથી. આટલું છતાં પેગમ્બર સાહેબના જન્મ બાબે પેહલવી લખાંણોમાંથી એવી હકિકત મળી આવે છે, કે તે મહાંન નરનો જન્મ ફરવરદીન મહિનો, અને ખોરદાદ રોજને દીને થયો હતો. આ મુબારક દિવસ 'ખોરદાદ સાલને' નામે આપણે ઉજવ્યે છીયે.

## જરથોશ્ત જન્મતાંજ હસ્યો હતો.

દીનકર્દના લખાંણ ઉપરથી એવું જણાય છે, કે જરથોશ્ત જન્મતાંજ હસ્યો હતો. બેશક એ એક મોજેજો હતો, અને તે મોજેજો જેટલો ચમતકારીક હતો, તેટલોજ તે અસાધારણ હતો. પણ જરથોસ્તના હસવાની નોંધ અવસ્તાના લખાણોમાંથી કાંઇબી મળતી નથી. આ બનાવ જેટલો અસાધારણ છે, તેટલોજ તે નહિ બને તેવો પણ નથી, કેમકે દુનિયામાં અપવાદનો કાયેદો જાએજ છે.

ફરવરદીન યશ્તમાં લખ્યા પ્રમાણે, જરથોશ્તનો જન્મ થવાથી તમામ કુદરતે ખુશી થઈ, શાબાસીનો પુકાર કીધો હતો. જેના જન્મથી (યાને પેગમ્બર જરથોશ્તના જન્મથી) પાંણી અને

ઓરવરો ખુશાલ થયાં, અને આગલ વધવા લાગ્યાં; અને સપેનામિનોની પેદા કરેલી તમામ પેદાયશો ખુશાલ બની! શાબાશીનો પુકાર કરી બોલવા લાગી:—"કે શુકરાના! આપણે માટે સ્પેંતમાન જરથોશ્ત નામનો એક અથોરનાન જન્મ પામ્યો છે. હવે ભલી માઝદિયસ્નીની દિન તમામ હફ્તે કેશ્વર ઉપર ફેલાશે."

જરથોશ્ત જન્મતાંજ હસ્યો હતો, તેની સાબેતીમાં જાણીતા અમેરીકન વિદવાંન ડા૦ જેકસને પોતાની Zoroster, The Prophet of Iran વાલી કિતાબમાં એક જાણવાજોગ રસીલી દંતકથા દાખલ કીધી છે.

**જરથોશ્ત જન્મ લેશે એવી આગાહી.**

માઝદિયસ્નીની દિન દુનિયામાં ફેલાવવા જરથોશ્ત જન્મ લેશે. એવી આગાહી સર્વથી પેહલ્લાં પેશદાદીયંન પાદશાહ જમશેદે (યિમ) બુરી મનશાનીના લોકોને જાહેર કરી હતી, અને કહ્યું હતું કે:—"અહીં (એટલે આ દુનિયામાં) પવિત્ર જરથોશ્ત જન્મશે, અને તેનાં જન્મથી તમારો નાશ થશે."

દીનકર્દમા લખ્યા પ્રમાણે બીજી એક આગાહી ઇરાંનના પાદશાહ કયે કાઉસના રાજમાં, એક ફરએ ગોધાને વાચા મલ્યાથી, તેણે કરી હતી. એવું કહે છે, કે એક બળવાંન કદનો ગોધો ઇરાંનના એક જંગલમાં વસતો હતો, અને જ્યારેબી ઇરાંન

**એક ગોધાની કાંહાંણી.**

અને તુરાંન વચ્ચે સરહદની જગ્યા બાબે લડાઈ જાગતી હતી, ત્યારે તે નક્કી કરવાનું કાંમ તે ગોધાને સોંપવામાં આવતું હતું, અને તે ગોધો પોતાની ખરી વડે જમીન ઉપર ઘસા પાડી સરહદની જગ્યા નક્કી કરતો, અને એ રીતે તે બંને રાજ વચ્ચે બરપા થતી લડાઈને તે ગોધો અટકાવતો હતો.

એતેફાક એક વખત ઈરાંનના પાદશાહનો વિચાર એવો થયો, કે તુરાંનની થોડીક જગ્યા લેઇ લેવી. આ વાંધો ઉભો થતાંજ તેનો નિકાલ કરવાનું કામ રાબેતા પ્રમાણે તે ગોધાને સોંપવામાં આવ્યું, અને તે ગોધાએ ઇરાંનીઓની ખરી સરહદ દેખાડી આપી. આ બનાવથી તે ગોધા ઉપર પાદશાહ કયે કાઉસ ઘણોજ નારાજ થયો, અને તે ગોધાને મારી નાખવાનું કાંમ સ્રીતો નામના પોતાના એક પેહલવાંનને સોંપ્યું. પેહલવાંન સ્રીતો પોતાનાં પાદશાહના ફરમાન મુજબ તે ગોધાને મારી નાખવાં જંગલમાં ગયો. સ્રીતોને જોતાંજ તે ગોધાને ખુદાઈ બક્ષેસથી વાચા મળી. તેણે સ્રીતોને કહ્યું કેઃ—"એ સ્રીતો તું મને ના માર. મને તું મારશે તો ભવિશમાં જન્મ લેનાર પેગમ્બર જરથોશ્ત, તુને દુનિયામાં એક બુરા માણસ દાખલ જાહેર કરશે, ત્યારે તું તારાં કાંમને માટે પશેમાન થશે, અને એવું તો દુઃખ તારા આત્માને વેઠવું પડશે, અને [1]વદગના જેવી હાલત તારી થશે."

---

૧ વદગ જોહાકની માતા હતી, કે જેનાથી આ દુનિયામાં પેહલ વેહલી જનાકારી શરૂ થઇ હતી.

પણ તે ગોધાની કાકલુદી ઉપર સ્રીતોએ કાંઇબી ધ્યાંન આપ્યું નહિ, અને અંતે તે નિર્દોશ જાનવરનો તે પેહલવાંને જાન લીધો. ઇત્યાદી.

**દાદાર અહુરમઝદની મુલાકાત!**

[1]સબ્લાંનના પાહાડ ઉપર પંદર વરસ સુધી એકાંતમાં જીંદગી ગુજારી જરથોશ્તે દાદાર અહુરમઝદ સાથ મશ્વરત કીધી, અને બેહુમન અમેશાસ્પંદની મદદથી તેણે અહુરમઝદની મુલાકાત થઇ. વાંચક મેહરબાંનોએ ધ્યાંન રાખવું, કે જરથોશ્તની આ ખુદાઇ મુલાકાત કાંઇ આપણી દુનિયામાં વસ્તાં બે ખાકી આદમીઓ વચ્ચે થતી મુલાકાત જેવી નહિ હતી. "જરથોશ્તે પોતાને દાદાર અહુરમઝદની દરબારમાં જોયો," 'એટલે જરથોશ્તે એક નુરી આકાર પોતાની બે આંખોએ જોયો એમ સમજવાંની વાંચકે ઉતાવેલ નહિ કરવી. તેમજ દાદાર અહુરમઝદ સાથ જરથોશ્ત સાહેબને જે વાતચિત થઇ, તે કાંઇ બે ખાકી આદમીઓ જે જબાંનમાં વાતચીત કરે છે, તેવી કિસમની વાત પણ નહિ સમજવી.

ખરી વાત છે, કે જરથોશ્તે ઇલ્મે ઇલાહી હાંસલ કીધા પછી દાદાર અહુરમઝદને જોયો; જરથોશ્તે અહુરમઝદને જોયો

૧ સબ્લાંનનો પાહાડ આઝરબાઇજાનની પડોસમાં આવેલો છે, કે જેની ઉપર જરથોસ્ત સાહેબ પંદર વરસ દુનિયાની નજરથી દુર થઇ એકાંતવાંસમાં વસી, ઇલ્મે ઇલાહી મેળવ્યો હતો. કઝવિની અને મિરખુંદ જેવા ઇસ્લામી તવારીખનવેશો લખે છે કે જરથોસ્તે પાહાડ ઉપર પોતાના ધરમની બશારત મેળવી હતી.

હતો ખરો, પણ તે કેવી રીતે ! પોતાના હાડમંદ શરીરની બે ખાકી આંખો વડે નહિ, પણ પોતાની પુર સમાધીમાં, તેના અંતરના મનની આંખો વડે જરથોશ્તે અહુરમઝદને જોયો હતો, અને જોઇને બોલ્યો હતો, કેઃ—

" અએ હોરમઝદ, મારી આંખોમાં મે તુને રાખ્યો છે. સર્વથી પેહલ્લો, પાક મનસ્નીથી પરસ્તેશ કરવા લાએક, રાસ્તીનુ ખરૂ મુળ, તથા આએ દુનિયાના તમામ કાંમો ઉપર સાહેબી ભોગવનાર તરીકે, અએ હોરમઝદ મે તુને ગણ્યો છે. વિગેરે " (અહુનવદ ગાથાના હા. ૩૧. ફકરો ૮)

જે રીતે પોતાના મનની આંખો વડે જરથોશ્તે દાદાર અહુરમઝદને જોયો હતો, તેજ રીતે પોતાના મનમાં કલ્પેલા અનેક સવાલોના જવાબો પણ તેણે તેવીજ રીતે હાંસલ કીધા હતા.

**બંદગીથી દુઃખ દરદો સાજાં કીધાં.**

જરથોશ્તે બંદગીની બરકતથી ઘણાક દરદીઓના બિકટ દરદો સાજાં કીધાં હતાં. આજના વખતમાં 'હિપ્નોટિઝમની' મદદથી કેટલાંક દરદો સાજાં કરવાના બનાવો સાધારણ થઇ પડેલા જણાયા છે. આ વીસમી સદીમાં હિપ્નોટિઝમની વિદ્યા જે કાંમ આજે કરી રેહી છે, તે હજારો વરસ ઉપર જરથોશ્તના જમાનામાં જરથોશ્ત સાહેબ પોતે જાણતા હતા, એમ માનવાનું આજે આપણને કારણ મળે છે.

બંદગીથીજ (હિપ્નોટિઝમથીજ) નહિ, પણ દવા દારૂથીબી દરદો સારાં કરવાના હુન્નરથી જરથોશ્ત માહિતગાર હતા, એમ માલમ પડયું છે. એક દાખલો નોંધાયલો છે, કે જેમાં જરથોશ્ત પાસ એક અપંગ દરદીએ પોતાની આંખોનુ નુર મેળવવા અરજ કીધી. પેગમ્બર જરથોશ્તે તે દરદીના ખેશીઓને ઇધાંની આપી ફરમાવ્યું, કે અમુક રોપાના પાલાનો રસ કાહાડી તેના ટિપાં, તે અપંગ દરદીની આંખોમાં નાખવાં. તે પાલાના ટિપાંની બરકતથી તે અપંગ દરદી દેખતો થયો હતો. આ બનાવ ઉપરથી માલમ પડે છે, કે જરથોશ્ત પોતે એક કાબેલ હકીમ પણ હતા.

### ગનામિનોએ જરથોશ્તને દેખાડેલી લાલચ!

જ્યારે ખલકતમા ગનામિનોએ પોતાની તમામ પેદાયશનો નાશ જરથોશ્તથી થતો જોયો, ત્યારે તેણે ગભરાટમાં પડી જરથોશ્તને ભુલાવો આપવા સમજાવ્યું કેઃ—

સાંભલ! અરે ઓ જરાથુશ્ત ભલા,
ગુજારે તું નાહક મુજપર બલા.
કરે મારી પેદાસોને તું બતંગ,
મુજ સાથ્ ઉઠાવી રહ્યો કેમ જંગ.
હું જાણું છું જગ માહે ખાકી તું છે,
નથી જોતો તુજમા પાકી શું છે.
જન્મ લીધો જગમાં તેં ઇન્સાંનથી,
બને તું નબી કેમ યઝદાનથી.

અગરજો તજી તું દીયે તારી દિન,
ધરે દેવયસ્ની ઉપર જો યકિન.
તો કરૂં તુને દુનિયા ઉપર સર્ફરાજ,
[1]વધધનથી બહેતર કરૂં બખ્તબાજ.

ગનોમિનો એવી રીતે જરથોસ્તને લાલચ દેખાડી કહેવા લાગ્યો, કે અગર જો તું મારી પેદાયેસોને હલાક કરવાનું તજી દીયે, તો જોહાકના કરતાંબી વધારે જરો-માલ અને દોલતથી તુને નવાજી, હું દુનિયા ઉપર તુને સરફરાજ કરૂં.

જરથોશ્તે તેની આવી લાલચને ધિક્કારી કાહડી, નિચે પ્રમાણે જવાબ દીધો કે:—

અરે કેમ્ બકે છે, બેહુંધા કલાંગ,
લિયે કેમ્ જબાંપર યઝદાંનું નાંમ,
કરૂં તુજ દરૂજનો દુનિયામે નાશ,
કરૂં તારી પયદાસોને હું નિરાસ.
નથી ચાહતો શાહી હું જોહાકની,
છે મારે મનથી તે ખાકની.
અગર હાડ તનનાં જુદાંબી કરે,
અગર જાંન તનથી જુદોબી પડે.

---

૧ વધધન, એ પાદશાહ જોહાકનું વંદીદાદમા જણાવેલું નામ છે.

અગર જો મહારી અકલ ગુમ થાય,
અગર ભાનબી જો મહારૂં ભમાય.
તોબી ન ભુલું ભલી દિન પાક,
ગુજરે જો મુજપર ગજ઼ બ એક લાખ.
મને લોભ લાલચ નથી કાંમના,
જરો-માલ દોલત છે નામના.
ગનામિનો પાપી, તું છે નાપેકાર,
કરશ તારી કુદરત કુલ ખ઼ારોજાર.

**અહુનવરના કલાંમનું જોર.**

આવા કલાંમો જ્યારે ગનામિનોએ જ઼રથોશતને મોહોડેથી સાંભલ્યા, ત્યારે તેની નિરાસી અને ઉદાસીનો કાંઈબી પાર રહ્યો નહિ. જ઼રથોશત એક ખાકી માણસ છે, એટલે તે માનસાઈ ખવાસને વસ થઇ પાદશાહી દોલતની લાલચે પોતાના વિચારો ફેરવી, પોતાની પક્ષમાં સામેલ થશે એમ ધારી લેઇ, જોહાકની શાહી સમાન દોલત આપવાની, ગનામિનોએ જ઼રથોશતને લાલચ દેખાડી, તેબી જ઼રથોશ્તે ના પાડી ઉપલા સખુનો જ્યારે તેણે કહ્યા, ત્યારે ગનામિનોએ જાણવા માગ્યું, કે તે તેની દેવયસ્ની દિનનો કેવી રીતે નાસ કરશે. ગનામિનોએ સવાલ કીધો કેઃ—

કહે કેમ કરશે તું મુજપર કહેર,
લેશે તું કેવી રીતે તારૂં વેર.

મને ચાહે કરવા લડી તું બતંગ,
કીયાં હથિયારોથી કરશે તું જંગ.

કેમ્ કરશે કુદરત્ તું મારી ખુવાર,
કેમ્ કરશે મારો ફના કારોબાર.

કીયા તે વચનથી થવશ્ હું ખતંમ,
કિયા તે વચનથી તું કરશે સિતંમ.

ગનામિનોનો આવો સવાલ સાંભલતાંજ, જરથોશ્તે પોતાની પાસે કેવાં મોતેબર હથિયારો તેની પેદાયસને તેમજ તેને ખુવાર કરવા માટે મોજુદ છે, તે જાહેર કરવા તેણે જરાબી આનાકાની કીધી નહિ. તુરતજ જરથોશ્તે જવાબ દીધો કેઃ—

સરસમાં સરસ છે મિનોઈ સુખન્,
પહડું તો જલે તુજ તનમે અગન.

છે મારી પાસે **અહુનવર** કલાંમ,
કરશ તે વડે તારો કિસ્સો તમાંમ.
પહડી તે કલાંમો કરશ્ તારો નાસ,
નથી તે સિવા કૈં મને બીજી આસ.

જહાં તક જમાનો છે બેકિનાર,
હકુમત તહારી કરશ બિસમાર.

તેજ વખત **જરથોશ્તે** બુલંદ અવાજે અહુનવરના પાક કલાંમો ( યથા અહુ વઈરિયો થી વાસ્ત રેમ સુધી ) ગાવા શરૂ

કીધા, અને તે પાઠ કલાંમો સાંભલતાંજ તે બુરી મનશ્નીનો ગનામિનો આજેજ થઇ ધુજ્યો, અને જેર થઇ ગયો.

**જરથોશતનું મરણ. તે વિષે જુદી જુદી દંતકથાઓ !**

પેગમ્બર જરથોશતનું મરણ તુર બરાતુર નામના તુરાંનીને હાથે એક આતશ બેહરાંમમાં થયું હતું, એમ સાધારણ રીતે હરએક જરથોશતીની માન્યતા છે.

મરણ સમે પેગમ્બર જરથોશતની ઉમર ૭૭ વરસની હતી. તે મહાંન મહાત્માનો મરણ દિવસ, દએ માસ અને ખુરશેદ રોજ હતો.

પેગમ્બર જરથોશતના મરણની હકિકતનો હેવાલ પણ જુદા જુદા લખનારાઓ જુદી જુદી રીતે લખી જાય છે, મગર જરથોશતીઓની એકસરખી એવી માન્યતા છે, કે માઝદિયસ્ની દિનને કાએમ કરવા માટે, પાદશાહ ગુસ્તાસ્પે જગાડેલી જીહાદ પછી, ગુસ્તાસ્પ, પેહલવાંન રૂસ્તમને વતન આસાએશ લેવા ગયો હતો, તે દરમિયાંન નવરૂં જોઇ, તુરાંનનો પાદશાંહ અરજાસ્પ એક મોહટું લશ્કર લેઇ બલખ ઉપર ચહડી આવ્યો હતો, અને તે વખતે પેગમ્બર જરથોશત એક પવિત્ર ઇબાદતગાહમાં બંદગી કરતા હતા, તેવામાં તુર બરાતુર નામના દિન દુશમનને હાથે તે પવિત્ર મકાંનમાજ તેવણ મારયા ગયા હતા. મગર તે મહાંન પેગમ્બરને મારનાર કાંઇ બચી ગયો નહિ હતો, કેમકે જરથોસ્તે પોતાના હાથમાંની તસ્બીહ મરતાં મરતાં પોતાના દુશમન ઉપર

ફેંકી, અને તે તસ્બીહમાંથી એક ગેબી રોશનીનો શરારો નિકલ્યો, અને તે શરારાની અગનમાં તે બુરી મનશ્નીનો દિન દુશમન બળીને મરણ પામ્યો હતો.

૧. પાછલાં જમાનાના દિન દુશમન, રૂમી અને યુનાની લખનારાઓ, જરથોશ્તના મરણની આવી હકિકતને ગલત માની, જુદીજ હકિકતો રજુ કરે છે. કોઇ લખનાર એવું લખે છે કેઃ— "જરથોશ્ત એક નજુમી અને જાદુગર હતો, અને પોતાના ઇલમને જોરે, આસ્માનના સિતારાઓને તે પોતાના કાબુમાં રાખતો હોવાથી, અમુક સિતારો તેને નાફરમાન થયો હતો, અને પોતાનું વેર લેવા તે સિતારાએ જરથોશ્ત ઉપર આસ્માન ઉપરથી આતશનો વરસાદ વરસાવ્યો હતો, અને તે આકાશી આતશમાં જરથોશ્ત બળી ગયો હતો.

૨. બીજો એક લખનાર કહે છે, કે જરથોશ્ત એક મોહટો નજુમી હોવાથી પોતાનું મોત કેવી રીતે આવશે તેની તેણે આગાહી કરી હતી, અને પોતાની દિન પાલનારાઓને તેણે ફરમાવ્યું હતું, કે મારાં બળી ગયેલાં શરીરની રાખને તેઓએ જાળવી રાખવી.

૩. પાછલા જમાનામાં લખાયલાં પવિત્ર જરથોશ્તી લખાણોમાં આપણ જ્યાંબી જોઇએ છીયે, ત્યાં એકજ હકિકત આપણને મળે છે, અને તે એજ કે જરથોશ્તનું મરણ, તુર બરાતુર નામના તુરાંનીને હાથે નિપજ્યું હતું, અને તે બલખ શેહેરની

અંદર એક આતશખહેરાંમ મધે થયું હતું, અને મરણ વખતે જરથોશ્તની ઉમર ૭૭ વરસ અને ૪૦ દિવસની હતી.

**જરથોશ્તના મરણ બાબે બીજી તર્ક.**

**જરથોશ્ત મરણ પામ્યા નથી!**

જરથોશ્તના મરણ બાબે આગલા તેમજ પાછલા લખનારાઓને હાથ લખાયેલી હકિકતની નોંધ લીધા પછી એક નવી તર્ક, જે એ મહાંન મહાત્માના બાબમાં આ અદના લખનારની જાણમાં આવી છે, તે જેટલી જાણવા અને વિચારવા જોગ છે,· તેટલીજ તે અત્રે નોંધવા જોગ જણાયાથી અત્રે તેને ટપકાવી લેવી પડી છે. જે મહાંન અશોઇભરી જીંદગી જરથોશ્ત ભોગવતા હતા, તે જોતાં તેવને પોતાના મોતની આગાહી કરેલી હોવીજ જોઇએ. બલખ શહેરના એક ઇબાદતગાહામાં જ્યારે કરપીન તુરાંની તુર બરાતુર ધસી ગયો, અને જ્યારે હજરત જરથોશ્તે જાણ્યું કે તે પલીદ તનનો જાુદદિન તેનો જાન લેવા ધસ્યો આવે છે, ત્યારે તે અશો નરે પોતાની મહાંન શકિતના બળથી, પોતાના ખાકી શરીરને તેજ ઘડીએ સુક્ષમ રજકણોના આકારમાં ફેરવી નાખ્યું, અને પોતાના દુશમનની નજર સામે હવામા મળી જઈ, પોતે અદ્રશ્ય થઇ ગયા. આ એક નવીજ તર્ક છે!

## જરથોશતનુ વતન. "રએ શેહર" (જુઓ ચિત્ર.)

*'How doth the city sit solitary that was full of people!*
*How is she become as a widow, she that was great among the nations'*

JEREMIAH *LAMENTATIONS I. I.*

પેગમ્બર જરથોશતની જન્મ ભુમી આજરબાઇજાનના જીલ્લામાં આવેલું, રએ નામે જણાયલું શેહર હતું. પેહલવી જબાંનમા એને 'રઘ' એવે નામે ઓળખાવ્યું છે. જરથોશતના પીતા પઓરૂશાસ્પ આજરબાઈજાનના વતની હતા, અને જરથોશતની માતા દોગ્દોનુ વતન રએ શેહર હતું.

વિદવાંન લેખક ડાકટર જેકસંન આપણા પેગમ્બર સાહેબની જન્મભુમી રએ શેહર માટે નજર નોંધ લેતાં જે લખાણ કરે છે, તે બેશક દરેક જરથોશતીનું ધ્યાંન ખેંચે છે.

પુરાતન કાળની વખણાયેલી પારસી સલતનત અને પ્રજાના માનીતાં વતન, તેમજ પ્રાચીન કાળના ઇરાનીયાંન સુધારાના મઠકનો આજે કેવો બરગસ્તા હાલ થયો છે! જે શેહર ઉપર એકવાર ઈરાંનની પારસી સલતનતની ધજા ફડફડી રહેતી હતી, અને પુરાતન મિડીયા શેહેરની રાજધાંની તરીકે જે શેહર પ્રખ્યાત થયું હતું; જે શેહેરમાં જરથોશતી ધરમની હુસ્તી પ્રગટ થઇ હતી, અને જ્યાં માઝદીયસ્ની દિનને જન્મ આપનાર પેગમ્બર જરથુસ્ત્રનો જન્મ થયો હતો; તે મશહુર શેહેરનો આજે કેવો હાલ! જે શેહેર રાતો

## રએ, યાને 'રઘ.'



પેગમ્બર જરથોસ્તની પવિત્ર જન્મ ભુમી.
વેરાંન હાલતમા રએ શેહરનો આજના વખતમા દેખાવ.

દીન વસ્તીથી ગાજીવાજી રેહલું હતું, તે આજે જમાનાના દોરને હાથે જેર થઈ, ખાકમા રગડાઇ, ખાક સાથ મળી ખાક થઈ ગયું છે.

જે ધરતી પર રાગતા,
　　રાત દીસના રાગ,
તે ધરતી ઉપર વસે,
　　કોહલાં, કુતરાં, કાગ.—૧
જે ધરતી જરથોશ્તની,
　　આબાદ હતી રળિયાત,
આજે તે [1]ધરતી ઉપર,
　　વન વનચર 'ને કાટ.—૨

ઓ પેગમ્બર જરથોશ્તના પવિત્ર વતન તુને પ્રણામ! તારી આવી દુરદશા જોઇ કયો જરથોશ્તી દીલથી દલગીર નહિ થશે?

**રએ શેહરમાં પુરાતણ કાળનું એક દખમું. (જુવો ચિત્ર.)**

આજે તે પ્રખ્યાત શેહર કાળચક્રના જબરા મારાથી બિસ્માર હાલતમાં આવી તારાજ થઈ પડેલું દેખાય છે. ડા૦ જેકસને પોતાની ઈરાનની મુસાફરી દરમિયાંન આ રએ શેહરની એક ઉડતી

---

૧ ડા૦ જેકસન કહે છે, કે રએ ક્યારે અને કોણે સ્થાપ્યું હતુ, તેની ખરી હકિકત આજ સુધી જણાઇ નથી, પણ દંતકથા પ્રમાણે રએ શેહર પાદશાહ હોસંગે સ્થાપ્યું હતું. એમ જણાય છે. રચનાર.

મુલાકાત લીધી હતી. ત્યાંના એક પુરાણા બાંધકામમાંથી જે ઈંટ ડા૦ જેકસનને મળી હતી, તેનું કદ માપી જોતાં તે ઇંટ ૧૭x૭ ઇંચ લાંબી તેમજ જાડી માલમ પડી હતી. આવી મોહટા કદની ઇંટ બાબે જ્યારે ડા૦ જેકસને પાછલથી તહેરાંન શેહરના લોકોમાં પુછપરછ કરી, ત્યારે તે લોકોથી એવો જવાબ મલ્યો, કે "તેવી ઇંટો 'ગબર' લોક આગલા જમાનામા પોતાના બાંધકાંમ માટે બનાવતા હતા, અને તેથી હાલના જમાંનામાં ત્યાં વસ્તા ઇરાંનીઓ, એ ઇંટોને 'ગબરની ઇંટ' (Gabar bricks) એવે નામે ઓળખાવે છે.

જરથોશ્તની આ નામીચી જન્મભુમીવાલા રેએ શેહરના અતી પુરાતણ ખંડીએરોમાં, હાલમા એક પાહાડની ઉંચી ટેકડી ઉપર એક દખમુ દેખાય છે, જેનુ ચીત્ર આ સાથ પાછલા સફા ઉપર આપેલું છે. આ દખમું, વંદીદાદના ફરમાન પ્રમાણે, રેએ શેહરમાં વસ્તીથી દુર એક ઉંચી ટેકડીવાલી જગ્યા ઉપર આવેલું છે, અને હાલમાં જે હાલતમાં મુસાફરોને તે દેખાય છે, તે જોતા તે કેટલું પુરાણું હશે, તે ઝટ માલમ પડે છે. આ દખમાની બાહારની તેમજ અંદરની રચના પારસીઓના હાલના દખમાને મોહટે ભાગે મળતી આવે છે. હાલના દખમા જેવુજ તે ગોળાકાર છે, અને સુમારે ત્રીસ ફીટ ઉંચી દેવાલનું તે બનેલું છે.

આ દખમાની રચનામાં જે જાણવા જોગ ફરક જોવામા આવે છે, તે એ છે, કે આ દખમાની દેવાલમા દરવાજા જેવું બિલકુલ કાંઇબી છેજ નહી.

## રએ શેહરની બાહાર એક દખમું.



આગલા વખતમા વંદીદાદના ફરમાન પ્રમાણે રએ શેહરની
બાહાર એક ટેકડી ઉપર બાંધેલું દખમું.

લાસને દખમાની અંદર મુકવા માટે, આદમીઓને દખમાની દેવાલ ઉપર પેહલાં ચહુડવું પડે છે, અને સાંકળ વડે લાસને ઉપરથી ઉચકી લઈને દખમાની અંદર મુકવામા આવે છે. લાસને આવી રીતે ઉપરથી ઉંચકી લઇ દખમા અંદર મુકવાનું કારણ ત્યાંના જરથોશ્તી વતનદારો એવું દેખાડે છે, કે મુસ્લમીનો દખમાને અપવિત્ર કરતા અટકે.

**અહુનવરના કલાંમની ખુબી.**

અહુનવરના પાક કલાંમની ખુબી પાર વિનાની છે. એ પાક કલાંમની તારીફ અવસ્તામા અનેક ઠેકાણે કરી છે. જે પાક કલાંમ જબાંન ઉપર લેઈ પેગમ્બર જરથોસ્તે ગનામિનોને શિકસ્ત આપી હતી, તે એજ કલાંમ હતા. એ એજમતી કલાંમ હર આફત, અને હર મુશ્કેલીમાં અગરજો જબાંન ઉપર પુર ધ્યાંનથી શાંત મને મનન કીધા હોય, તો તેથી હર બંદાની મુશ્કેલ આસાંન થાય છે, અને તનમા હિંમતને પેદા કરે છે. આ પાક કલાંમમાં સમાયલી એજમતી ખુબી ત્યારેજ હાંસલ થાય છે, કે જ્યારે એ કલાંમ એકાગ્ર ચિતે પુર મનનથી ગાયા હોય. ગનામિનોની શિકસ્ત જરથોશ્તે એજ પાક કલાંમ બાગેબુલંદ અવાજે ગાયાથી થઇ હતી.

**ગોશ્તેફ્રયાંન અને અખ્ત જાદુગર.**

આ એક વાંચવા તેમજ જાણવા લાએક કિસ્સો છે. અખ્ત નામના બુરા જાદુગરનો જીવ લેવા માટે ગોશ્તે ફ્રયાંનના ફરોહરને ફરવરદીન યશતમાં આરાધેલું જણાય છે.

અખ્ત જાદુગરે જે અનેક સવાલો ગોશ્તેફ્ર્યાંનને પુછેલા કેહવાય છે તે સઘલા અતરે ઉતારવા જેટલી જગ્યા નથી, પણ તેણે પુછેલો ૨૯ મો સવાલ એ હતો કે:—"એવું કયું જાનવર છે, કે જેને ૧૦ પગ; ૩ માથાં; ૬ આંખ; ૬ કાંન; અને ૨ પુછડાં હોય છે."

આ સવાલનો જવાબ, ગોશ્તેફ્ર્યાંન અખ્ત જાદુગરને આપી શકયો નહિ, અને સરત પ્રમાણે તે પોતાનો જીવ ખોવાની ધાસ્તીમાં આવી પડયો હતો. કહે છે કે એવે કટોકટ વખતે, ગોશ્તેફ્ર્યાંનને ફરેસ્તા તરફથી બશારત થઇ, અને તે બશારત થતાંજ ગોશ્તેફ્ર્યાંને જવાબ દીધો કે:—

"એવું જાનવર હળ ખેડનાર ખેડુત છે, કે જે પોતાના હળમાં બે બળદોને જોડી પોતે હાંકે છે; અને એ ત્રણેના ભેગા થયાથી દસ પગ; ત્રણ માથાં; છ આંખ; છ કાંન; અને બે પુછડાંવાલું તે એક જાનવર બને છે."

એ પછી ગોશ્તેફ્ર્યાંને કેટલાક સવાલો અખ્ત જાદુગરને કીધા હતા. તે સવાલના જવાબો અખ્ત આપી શકયો નહિ હતો, અને તેથી કરાર મુજબ ગોશ્તેફ્ર્યાંને અખ્ત જાદુગરનો જીવ લીધો હતો.

**શું જરથોસ્તીઓ આતશ પરસ્ત હતા?**

પેગમ્બર જરથોશ્તનું ફરમાન પવિત્ર આતશને માન અને ચાહતથી ચાહી, તેની ઈઝ્ઝત કરવાનું હતું, અને એવું ફરમાન ફાર્મેશ કરવાના કામમાં તે મહાંન નર મોહટી મેહનત,



*By Permission of Mr. M. F. Pithawala.*

આજના વખતમા ઇરાંનમા વસતા જરથોસ્તીઓ.

અને ઉલટ બતાવતા હતા. આ સબબને લીધે જરથોશતીઓ ઉપર ખાસ કરી ઇસ્લામી ધર્મવાલાઓ એવું બોહતાંન મુકી ગયા છે, કે જરથોશતીઓ આતશની પરસ્તેશ કરનારા, યાને આતશ પરસ્ત છે. પણ એ બોહતાંન પ્રસિધ શાએરાંન શાએર ફિરદોસી તુસીએ પોતાના શાહનામા મધે નિચલી અમર લિટીઓ લખી, પારસીઓને લાગુ પાડેલો તે કલંક દુર કીધો છે.

"ન ગુઇ કે આતશ, પરસ્તાં બુદંદ;
પરસ્તંદએ પાક યજદાં બુદંદ."

(અર્થ) એમ ના કહો કે એ લોક (એટલે જરથોશતીઓ) આતશ પરસ્ત હતા, પણ તેઓ પાક યઝદાંનને માનનારા હતા.

# જરથુસ્ત્રા.

## જરથુસ્ત્રના કિરતનમાં રજુ થાયેલું સંગીત. આગલા ભાગમાં આપેલા અંક પ્રમાણે.

### જરથોશ્તના જન્મની ખુશાલીમા કુદરતનું ખીલી રહેવું.

બહારની ફસલ.

(૧) ગાયન. પાહાડી—જીંજોટી.

શએર.

ખિલી જગમે કુદરત ગુલઝારી.
રચના થઇ રહી ખુબ ન્યારી.—૧
આકાશે વાંણી લલકારી,
નાબુદ થાઇ અંધારી.—૨
યઝદા આજે—ખુશ એક અવાજે,
અદના આલા—બલહારી.—૩

શએર.

મેહર છાંઇ જગત ઉપર—જન હરખે હર ઠાંમ,
વખ્ત થયો જરથોસ્તનો—કુદરતનુ એ કાંમ.
દુનિયાને દેખાડવા—મોકલ્યો તે મહાંન,
ધર્મ શાખવીને ગયો—તે વક્ષ વક્ષુરાંન.

## ખ્વાબ જોઇ ભડકી ઉઠી, અને અરજ કીધી દોગ્દોએ દાદાર અહુરમઝદને.

(૨) ગાયન. પીલુ.

શએર.

સુતી આસવંતી જઇ નેકજાત,
દિઠો ખાબ એવો ભયંકર તે રાત,
ઉઠી ઝપકી જોયું, તો દીઠી પ્રભાત.
રે દાતા ત્રાતા તાર મને–તું મારો દસ્તગીર,
જોઇ ધડકે દીલ આ ખ્વાબ મારૂં,
કેમ કરૂં તદબીર.—૧
ભડકી ભારી ખ્વાબ જોઇને,
ઉઠી ઝપકી સુખ ખોઇને.
પાલણવારા, જગના મારા, કમ્પે મુજ શરીર. રે દાતા ત્રાતા—૨

---

## બયાંન કીધું દોગ્દોએ નજુમીની પાસે પોતાનાં ખ્વાબનું.

(૩) ગાયન. કાલિંગડો.

ધ્યાન ધરી તમ સુણો નજુમી, જોયો ખ્વાબ મેં સ્વપનામાં.
ન કોઇએ જોયો, ન કોઇબી જોશે, એવો ખ્વાબ તે સ્વપનામાં.
દિઠો ચળકતો તેજ ચંદ્ર, રાત રૂપેરી સ્વપનામાં.
ચહડયું સરપર વાદળ કાળું, મુજને ઘેરી સ્વપનામાં.
થઇ એકાએક રાત અંધારી, હતી રૂપેરી સ્વપનામાં.
ફાડી વાદલ, પડયાં જાનવર, જંતુ ઝેરી સ્વપનામાં.

એક સિંહે મુજ પેટને ફાડી, બાળક કાહાડી સ્વપનામાં.
લેઇ બેઠા તેને ત્રણ વાઘો, ઘેરીધારી સ્વપનામાં.
થઇ નિરાસી પડી બાવરી, કિધી મેં જારી સ્વપનામાં.
છોડી આસ મેં મુજ બાળકની, રડી પુકારી સ્વપનામાં.

### શએર.

રહેમ થઇ કુદરતની એવી, મુખ ખોલી બોલીયું બાળ,
ના ડર માદર, ના કર ફિકર તું, એ છે દુશમન કંગાલ.
છે ગગનપર તારા ચળકતા. શત્રુ તેટલા હોય,
રહેમ હોય બંન્દા પર રબની, બાલ ઉખાડે ન કોય.

---

## જાહેર કીધી નજુમીએ, દોગ્દોએ જોએલા ખ્વાબની તાસીર.

(૪) ગાયન. પીલુ. (દીંડી.)

તુજ ખ્વાબનો છે ભેદ ભરમ ન્યારો,
તું જણશે એક પુત એવો પ્યારો,
જેના કાંમ અને નાંમ થશે ન્યારાં,
થશે દેવ પરસ્તોના મોહો કાળાં.

### શએર.

ખુદ ખુદાવંદ સંગમાં બેસી, તુજ પુત કરશે વાત,
છત્રપતી ઇરાંની શાહા. ધરશે તેનો હાથ.
નિશ્ચય એ મન જાણજે તમ, પેગમ્બર એ થશે,
જરાથુસ્ત બેશક બેગુમાન, કુલ ઇરાંનને મન વસે.

## પેગમ્બર જરથોશતનું આ દુનિયામાં જનમવું.

(૫) ગાયન. પીલુ—ધનાશ્રી.

સૌ મલો પારસી સંગ નર નારી, જરાથુસ્ત ગુણ ગાવોજી.
દીન ભલી મઝદીયસ્નની, તે પારસી ખાતર લાયોજી.
નમન કરી તમ સરને ઝુંકાવો, આશીસ તેના પાવોજી,
દિધો જાન• જેણે દીન ખાતર, ધર્મ તેહનો ચહાવોજી.
થયો હુકમ યઝદાંનો એવો, જરથોસ્ત તમ જાવોજી,
ભલી અવસ્તા વાણી લઇને, જગ અંદર ફેલાવોજી.

---

## સબ્લાંનના પાહાડની ટોંચ ઉપરથી નિચે ઉતરવું જરથોશતનું, અને માઝદીયસ્નની દિન ફેલાવવાનું કાંમ શરૂ કરવું.

(૬). ગાયન. સૌજ.

કરી સંગ મસલત દાદારની,
ભવિશની જાણી લિધી સૌ ખબર,
નબી ચાલીયા છોડી 'રએ' શેહેરને,
મલી સંગ બેશી ઇરાંનની સફર.—૧
સહે લાખો સંકટ, હજારો સિતમ,
ભલી દીન ફાએશ કરવા થકી.
ભટકતા રહ્યા થઇ વતન બેવતન,
ન ડરતા કદીબી મરવા થકી.—૨
નબી જઇ પુગા આખેરશ એક દંન,
ભલી 'દાઇતી' ના કિનારા ઉપર,

સિતાએશ અહુરની તે કરતા હતા,
ઉભા આવી 'બેહમન' કરતા નજર.—૩
ઉતરીયા તે સાહેબ આસ્માંનથી,
ગયા લઇ જરથુસ્તને તે જેહાંન,
ઝુકી કીધી હઝરતે સૌને નમાજ,
ખુશી કુલ્લ અમેશાસપંદ યઝદાંન.—૪

---

## ઇરાંનમા ખીલી રહેલો ફસલ-એ-બહાર.

(૭) ગાયન. કાંહનરો-બહાર.

છાંઇ રૂત પસંદ બહાર બહાર,
ખીલે વન મોહોર, ખીલે ફુલ સુર્ખ, જર્દ લાલ—૧
ડાળે ડાળે, પાત પાને, ફુલ ફળ હસી રહે,
મોર શોર કરી રીઝાએ—૨

---

## બંદગી કીધી પેગમ્બર સાહેબે 'દાઇતી' નદીને કિનારે દાદાર અહુરમઝદની.

(૮) ગાયન. કાંહનરો.

તું તો નામ ખુદાનુ હરદમ લે રે, ગાફીલ ના દીલ થા.—૧
અવલ તુંઇ, આખર તુંઇ, જાહીર તું બાતેન,
તારમા તુંઇ, તાંનમા તુંઇ, ગાફીલ ના દીલ થા—૨
દંમમા તુંઇ, મનમા તુંઇ, તુંજ વંન કુલ્લે નકાંમ,
સુરમા તુંઇ, નુરમા તુંઇ, ગાફીલ ના દીલ થા—૩

## વખાણ ગાઇ જરથોશ્તે દાદાર અહુરમઝદની.

## (૯) ગાયન. પીલુ-બરવા.

### શએર.

હતો બહારની ફસલનો તે વખત,
જગે જગ કરે ગેલ હસી કુદરત.
જોઈ બાદે—બહારી અને રંગ નાજ,
ઝુકી સર નબીએ કીધી નમાજ.
ખુદાવંદ તું છે જગતવારો,
જમીન જમાનો, દીનં દુનીઆંનો,
તું છે પાલનવારો.—૧

ખુદાવંદ ફરેશ્તાની હારો,
યઝદો બનાવી, મિનોઈ સમારી,
એવો અક્કળવારો.—૨

ખુદાવંદ તું છે હુન્નર વારો,
સુરિય, ચંદ્ર, સીતારા ગગનપર,
એ તુજ હુંન્નર ન્યારો.—૩

ખુદાવંદ તું છે રાસ્તીવારો,
ઝાડ, જનાવર, દાનવ, માનવ,
બજાવે હોકમ તારો.—૪

**ઉપદેશ કીધો જરથોશતે, દુરથી અને નજદીકથી આવેલાં લોકોને.**

**(૧૦) ગાયન કલ્યાંન.**

સુણો સજન નજદીક 'ને દુર દેશના તંમ દીલજાની.
દીન ભલી મઝદીયસ્નીના ભેદને લો જાણી.
ભુત કાળ ભુલી, ભવિશમે લો સૌ, ઝંન્દ અવસ્તા માની.—૧
એ કરશે મિનોઇમાં તારણ.
એ છે ભવિશ સુખનુ કારણ.
એ છે દુઃખ દરદ નિવારણ.
કરી વિચાર જુવો ગ્યાની–દીન ભલી.—૨

---

**જાહેર કીધો. પાદશાહ ગુસ્તાસ્પે કુલ ઇરાંનની રૈયતને જરથોશતી દિનનો કાએદો.**

**(૧૧) ગાયન. ઝીલા.**

કરવો દુનિયાને કાએદો,
છે જરથોશ્તી દિનનો એ કાએદો—૧.
કરો દેવોને તારાજ,
અને બુરાંઓનો નાશ.
કરો નાં રબને તંમ વાએદો કરવો દુનિયાને.—૨.

**કરાવ.**

સુખન બેમુળ મોતી સમ, સુંણતાંજ થઇ ગઈ હોશ હયરત,
આલીમો, ફાઝલો, આકીલો, હાકેમોની,

ખુશી થઇ ગુસ્તાસ્પ શાહે એમ કહ્યું,
અએ અશો દાનેશમંન્દ જરથુસ્ત્રા–તું પેગામચી દાદારના—
મુજને દવાર, દીન ભલી દાદારથી તુજને મલી,
દેખાડ હવે કંઇ હમને તું, ઇલ્મો હુંનરના મોજેજા.
હંમ જાણી લેઇ, હંમ જોઇ લેઇ, હંમ સુણી લઇ,
દિલમે ધરી, તુજ દીન ભલી, કરશું હમો,
ફાએશ તમામ, ઇરાંન અને તુરાંનમાં.

## બલખ શેહરના કુલ્લે ઇરાંનીઓનો એકરાર.

કરશું જગતને ફાએદો,
કરો ના જરથોસ્તજી વાએદો—૧.
હમ. કરશું જાંન નિસાર,
કરશું દેવયસ્ની હાર,
લડશું અવસ્તાનો લઇને કાએદો. કરવો દુનિયાને—૨.

---

## કેદ પડવું બંદીખાંને હજરત જરથોશતનું.

(૧૨) ગાયન. કાલિંગડો.

શએર.

ખુશાથી જરાથુસ્ત થયા બંદીવાંન.
નમી શાહાના હુકમને દીધું માંન.
ન પીતા તે પાણી, ન ખાતા તે અંન.
'ને સમજાવતા દીલને એવા સુખન.

છોડી ગયા સૌ દોસ્તો–દુશમંન સતાવા રહી ગયા,
રૂડા તો સૌ ચાલી ગયા–ભુંડા મરાવા રહી ગયા.—૧.

ડંખ રૂજવવા દીલના—સાચા હકીમ મળતા નથી,
બદગુમાંનીઓ ફકત—ગરદન કપાવા રહી ગયાં.—૨.
નામ કિધાં તેઓએ અંમર—જે આ જગમાં થઇ ગયા,
બેવફાઓ દીન—ધરમનું—નામ ડુબાવા રહી ગયા.—૩.

## શએર.

શાહે આલમ તું ખુદાવંદ, તુજથી છે દુનિયા—એ—દું.
એક તું છે, એક વગર છે, સર્વ મિંડાં મિસ્લે સુંન.
તું છે અવ્વલ, તું છે આખર, તું છે જાહિર, તું બિતર.
દુર કરો જો નુકતો નુનથી, તો થશે નાકાંમ નુંન.

---

## જરને ખાતર જગમા ચાલી રહેલી જોહાકી.

(૧૩) ગાયન. ભેરવી—પીલુ.

જુવો જુવો દુનિયાં દગાખોરી.
જુવો, જુવો, જરને ખાતર,
પીદર, માદર, બહેન, બિરાદર,
દિલથી દિલદારીને, દેશે વિસારી.
કંઈ અદના 'ને આલા—કંઇ બચ્ચાં 'ને બાળાં,
કંઇ ભોલાંને ભાલાં—કંઇ ગોરાંને કાળાં,
થઇ જર પર કુરબાંન—લેશે કંઇકોના જાંન,
લેશે કંઇકોના માંન—લેશે કંઇકોના પ્રાંન.—૧

## શએર.

કંઈ લાખોને મારી સેંહકડો થયા જરદાર,
દયાંનત બગડે જરદારની, ગરીબો મરે ઠાર.
કાંઇ લાખોને મારી, ફરે વાડી--ગાડી,
'ને પાપોની ઠાળી, લેશે સર ઉઠાવી.
થઈ રાતા 'ને માતા; 'ને ધાત્તા 'ને ધાત્તા; 'ને પોહળા 'ને ચોહરા;
પણ બાતેનમા અદગુમાન; છે ઇજ્જત પર વાર, 'ને જરની દરકાર,
'ને જરને ખાતર કરે કોઇનેબી ખ્વાર—જુવો દુનિયા.

---

## લોભ પાપનુ મુળ.

(૧૪) ગાયન. માલકંશ.

જશે જગત લોભ ગર્વથી જલી,
તજી ક્રોધ દિલે કર બંદગી ભલી–જશે જગત—૧

આ પાપી જગતમે ઠાંમ ઠાંમ.
થાય પાપ લાખ, કર માફ યઝદાંન,
જગમાં હતા જે શ્યાણપતીઓ,
તે શ્યાણ ચુકી બન્યા નાદાંન–જશે જગત—૨

તજ બંન્દા તું ગરૂરાઇ, હેંકરાઇ, ત્હેંકરાઇ,
ગઇ ગરૂરથી જમશેદની શાહી,
ઓ ભાઇ કરજે ભલાઇ,
ના થાઇ જગ જમની,
જેની હતી શાહી સવાઇ–જશે જગત—૩

## જરથોશ્તી ધરમની જીહાદ.

(૧૫) **ગાયન. કલ્યાણ.**

સૌ મળી હમદીનો આજ, દીનનો ઝુંન્દો ઉઠાવો.
કરો દિન ખાતર તારાજ, રાજ દુરવંન્દનું ઉડાવો.
સૌ દિન જરથોસ્તી ચાહી, જીગરથી ગુણને ગાવો,
કુલ કરો તુરાંનને ફના, રાજ જરથોશ્તી મચાવો.
સૌ મરો ધરમ દિન કાજ, ન્હસાડો નિચ તુરાંની,
કરો ફાએશ દિન ખાતર, જમીન પર લોહીના પાંણી.

---

## જરથોશ્તીઓની ફતેહ.

(૧૬) **ગાયન. ખમાચ.**

ફતેહ, ફતેહ, ફતેહ, ફતેહ, ફતેહનો આ દંન છે,
જરાથોશ્તી ધજા ઉડી, ઘેરે ઘેર જશંન છે.
શુર વિરો ગાજ્યા ગુણી, દુર થયા દુશમંન છે.
મુવાં તેઓ સુખે સુતાં, જીવતાંને ચમંન છે.

---

## શાહજાદા અસ્ફન્દીયારનો બંદીખાનામાં સંતાપ.

(૧૭) **જોગીયા.**

ખુદાયા ખાવિંદ, સજા છે ન્યારી,
બુરાં નસિબે આવી ખુવારી.
લાખો મુસિબત, સંકટ ભારી,
ઉઠાવી સરપર ફરમાબરદારી.—૧

મુસાફર આએ જગતમા આવી,
જો ખ્વાએ ગફલતમાંથી ન જાગે,
મગર જે જાગે હવસને ત્યાગી,
મિનોઇમે તેની નોબત વાગે.
કજા ઇલાહી આવી પુકારી—૨

સફર છે મુસ્કિલ ભરી રંજથી,
લોભ ક્રોધની ભરી ખુમારી,
ન કોઇ હમદમ, ન કોઇ સાથી,
કરમ ધરમ કરશે દિલદારી.
કરી કરમ દો ફરજ ઉતારી—૩

---

## મહાંન પેગમ્બર જરથુસ્ત્રનું મરણ.

### (૧૮) ગાયન. દેસ. બિલમપદ.

ગયો સરસમા સરસ નેક. જરાથોસ્ત સ્પેન્તમાંન.
દિન ભલી લાયો જગ થકી, બ ફરમાને યઝદાંન.
ભુલે નહી જરથોસ્તીઓ દીલથી તમને,
વધુ મુખે શું કહુ, નબી પ્યારા,
પ્યારા, ગુણ તમારા; અતી ન્યારા;
હર જરથોસ્તીઓના ચસ્મોના તમો છો તારા—૧
દિન ભલી મઝદીયસ્ની થકી.
આ જગમાં લીધો જનમ.
વરસ સાત અને સીત્તેરે,
જીંદગી થઇ ખતમ.

દેએ માસ, ખુરશીદ રોજે કતલ થયા,
(બલખ દરમ્યાંન) તુર બરાતુર હાથ.
હાય ! હાય ! હમારા, નબી એ પ્યારા,
દિન આધારા, જરથોશ્તીઓના નિગેહબાંન સારા.--૨

---

## દુનીયાંનુ દરપણ.

(૧૯) **રાગ-સમયસુચક.**

કહું સજ્જન સત વચન રતન સંભારીએરે,
હવે તારી-મારી કરતાં જન્મ ગયો, વિચારીએરે—૧.

શોભા વગર નહિ જીવે ધુતારા-સ્ત્રી વંન નહિ સંસાર:
ચહડે બેહેડું બેહેડાંની ઉપર-પણીઆરીને ભાર.
પગ જોઇ પાંથરણુ પારો વારીએરે-હવે તારી-મારી—૨.

વર વગર કશુ શોભે જાન નહી-હરાંમીના એ ભાગ:
તાલ વિનાનુ ગાંનુ નહિ-શું કંઠ વિનાનો રાગ.
પવન ઉપર પીઠ ફેરવા ચાલીએરે-હવે તારી-મારી—૩.

પાણી પીઇને ઘર નહી પૂછીએ-દીકરી દઇને કુળ;
હાથ ઘાલીને દર નહી પૂછીએ-પસ્તાવાનુ મુળ.
એ ત્રણેથી ચેતી સદા દુર ચાલીએરે-હવે તારી-મારી—૪.

મોરની ચાલે તિતર ચાલે-મરે ન માંદો થાય:
લાંબા પાછલ ચાલે ઠુંઠો-મગોલ મોતે મરી જાય.
લખ્યા લેખ ના ફરે કદી-સત ધારીએરે-હવે તારી-મારી—૫.

મોંહ પર મીઠું અંદર—કપટી–નામ ખુદાનુ લેય;
ભટ પડો એવાંઓ ઉપર—કે દગો દોસ્તને દેય.
પરણે તેને આશિરવાદ સારીએરે-હવે તારી-મારી—૬.

ગજ ગજ લાંબુ ભરે સઘળાં-તસુ ન કારે કોય;
જન્મ આપે મા–બાપ જગતમા–કરમ ન આપે કોય.
જર, જોરૂ, ને જમીન કદી નહી વારીએરે-હવે તારી-મારી—૭.

પાવ પલકની ખબર નથી–કર કાંમ કાલનું આજ;
જીવની ઉપર ભમે જંમ–જેમ તિત્તર ઉપર બાજ.
કર દર્પણ અર્પણ જઈ ધરે વિચારીએરે-હવે તારી-મારી—૮.

# એજ લખનારની કલમથી લખાયલાં બીજાં પુસ્તકો.

## By The Same Author.

### નવલ કથા.

૧ લૈલા યાને તીલેસમાતી બાગ.

૨ કેનેથ યાને દુખના પાહડ ઉપર ચહડતો મુસાફર.

૩ કલીયોપેત્રાં. મીસરની રાણી. (ઇન્ડીયા ઓફીસના વપરાસ માટે સરકાર તરફથી મજુર રહેલી. બે આવૃતી.)

૪ વેલાતનાં કાળાં મેંઢાં. ચાર ભાગમાં સંપુર્ણ.

### પારસી સંસારી વારતાઓ.

૫ ગંગાબાંણુ યાને ત્રીયા તેજ.

૬ ઓરતના ગુલાંમ. (ઇન્ડીયા ઓફીસના વપરાસ માટે સરકારે મંજુર કરેલી )

૭ ચશંમના ખસંમ.

૮ અનારકલી.

### સંગીત શાસ્ત્ર સંબંધી પુસ્તકો.

૯ હિન્દુસ્થાંની રાગ વિદ્યા.

૧૦ કળાવંત યાને આર્ય સંગીત કળા. ( જ્ઞાંન પ્રસારક ભાશણો, અને સંગીત દંતકથા સંગ્રહ. )

### જીવન વૃતાંત.

૧૧ વીકટર આલબમ. પ્રીન્સ વીકટર (પ્રીન્સ ઑફ વેલ્સ) ની જીંદગીનો ચીત્રયુક્ત હેવાલ. મુંબઇના ગવર્નર લાર્ડ સેન્ડહર્સ્ટને અર્પણ કરેલું પુસ્તક. બે આવૃતી.

## પારસી સાહિત્ય. ( તસ્વીર બેત અને સંગીતમાં. )

12 રૂસ્તમ અને સોહરાબ.

13 જમશેદ અને ઝોહાક.

14 ઝોહાક અને એબ્લીસ.

15 શાહજાદો શિયાવક્ષ.

16 યઝદઝર્દ શહેરીઆર. પારસીઓનો છેલ્લો પાદશાહ. પારસી શહેનશાહતનું પડી ભાગવું.

17 આતશ પરસ્ત યાને કુહે-ગબ્ર. લાલારૂખના દાસ્તાંનનો એક સફો. ( યઝદઝર્દના દાસ્તાંનનો ઉત્તર ભાગ. )

18 ઝાલ અને રોદાબે.

19 દારા અને સિકન્દર. ( હખાંમની વંશનો એક સફો.)

20 બેજન અને મનીજેહ. ( કિયાંની મોહબતનો એક સફો.)

21 રૂસ્તમ અને અસ્ફન્દીયાર.

22 જરથુસ્ત્રા. પારસી પેગમ્બરની જીંદગી અને જમાનો. ( ઇન્ડીયા આફીસ લાઇબ્રેરી માટે સરકારે મંજુર કરેલી) બે આવૃતી.

23 પવિત્ર જરથોસ્તી લડાઇઓ. ( ગુસ્તાસ્પ અને અસ્ફન્દીયાર.)

24 શાહજાદો એરચ. (ઇરાંન અને તુરાંન વચ્ચેના મિનાકેસાની શરૂઆત.)

25 ફરીદુન અને ઝોહાક.

26 સંક્ષેપ શાહનામું. (ઇન્ડીયા આફીસ લાઇબ્રેરી માટે સરકારે મંજુર કરેલી ( 23 ચીત્રોથી ભરેલું ) બેતબાજીમાં.

27 રૂસતમ અને શઘાદ યાને ઇરાંનના પેહલવાંન રૂસતમનું મોત.

28 સાંસાંની પાદશાહ હોરમજદ.

29 ખુશરો-પરવેજ, યાને ખુશરો-શીરીન.

30 કિસ્સે-સંજાંન.

## સંસાર ઉપયોગી વૈદક પુસ્તકો.

૩૧ સ્ત્રીનો સાચો સલાહકાર (ગાયકવાડ સરકારે ઇનામ અને લાયબ્રેરી માટે મંજુર કરેલી.) ચોથી આવૃતી
૩૨ સ્ત્રી ભવસાગર. Ladies' Vade Mecum. બીજી આવૃતી.
૩૩ સ્ત્રી-દર્પણુ. Ladies Miror.
૩૪ જીવન શાસ્ત્રના ગુપ્ત ભેદ. The Great Art Of Living
૩૫ સ્ત્રી શાસ્ત્ર. Feminology.

## નાટકો અને ઑપેરા.

૩૬ ખસલતે શયતાંન.
૩૭ રૂસતમ અને સોહરાબ. ( ઑપેરા )
૩૮ લૈલા યાને તીલિસમાની બાગ.
૩૯ ફેરાઉન.
૪૦ તુફાંન. ( ઑપેરા )
૪૧ હામીલ.
૪૨ કલીયોપેત્રા. મીસરની રાંણી-(ચીત્રો સાથે) બે આવૃતી.

## છપાય છે.

૪૩ પારસીનામુ.
૪૪ મરદનો મદદગાર. (પુરૂપ શાસ્ત્ર) The Mysteries Of Man.
૪૫ સંગીત શાસ્ત્ર. Science Of Aryan Music.

---

ધી ફોર્ટ પ્રિન્ટીંગ પ્રેસમા, માણેકજી જીવનજી તવરીઆએ છાપ્યું છે
ઠેકાણું-નંબર ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ-મુંબઇ.

લખનાર અને પ્રગટ કરનાર, ડી. એન. પટેલ, ફોરાસ રોડ, મુંબઇ.

